ૐ

પરમાત્મનો પરમ પ્રણય ભક્ત.

નરસિંહ મહેતાનો હાર.

અનેક અલંકારોથી વીભુષીત, સંગીતમાં ચાલુ જમાનામાં લોકપ્રીય થએલાં ગાયનો, તેમજ ભજનોમાં નવીન સુધારા વધારા સાથે તૈયાર કરી

પ્રકટ કરનાર

દેશાઇ ઝીણાભાઇ ખુશાલભાઇ.

તથા

મહેતા લલ્લુભાઇ પરભુભાઇ.

યોગનાં અનુયાયીઓ માટે એક ઉત્તમ મદદગાર કે જેમાં યોગનાં અનેક ભેદો સ્પષ્ટ કરી સમજાવેલા છે. વળી દરેક ગાયન તેમજ ભજન તાલ સુરમાં ચોકસ હોવાથી દરેક વાદ્યોમાં સરળતાથી ઉતરી શકે છે.

પ્રથમ આવૃતી.

કીંમત રૂ. ૦-૮-૦

શ્રી મહેશ મુદ્રાલય--સુરત.

મંગળ પુષ્પાંજળી.

સર સિજ ઉરે જઈ જ્યોત શું સીન્ચિ
બાગ આત્મ તણે આકર્ષી હીન્ચિ. ૧
દ્રવતો અમીરસ જ્યાં પ્રણય પરાગે
હાબર દ્રગ બીપ બેઠાં જ્યાં વીન્ચિ. ૨
મનન માળ મુકીનીજ પૂર્વ તણી
કનક કાન્ત મહીં જ્યાં ઉર વલ્લી સચી. ૩
તપ્તી વેલુ મહી જીવન કુસુમ જ્યાં
ફરજ કરજ અદા મકારે મચી. ૪
પ્રેરક થા જા રંગ પૂર્વે રન્ગી
ગૌરવનીજ મેહવા એ સુન્દર સચી. ૫
ઉત્કર્ષ અભિલાશા ઊર્મી અનુ રાગે
જો આશી ઇન્દ્રજાળ કેવી રચી. ૬
ના આશાનો દાસ બનીશ કદાપી
છે આશા દાસી તુજ પ્રણયને પ્રિચ્છી. ૭
આત્મ બાગ પુજક જોડું વીશ્વાસે
ઉર વાળી વીજુ તંરૂ બન્ગે મચી. ૮

સ્ફુરણ.

પ્રીય પાઠકગણ, આ લઘુ ગ્રન્થ શૃન્ગાર, ભક્તી, કરૂણા અને અલંકારોથી રક્ત કરી આપની ચર્ણ સેવામાં છોડવા માટે આ લેખક અન્તીમ ઉમેદ એ ધરાવે છે કે, પશ્ચિમાત્ય વીદ્યાનાં પ્રભાવે ભારતમાં સામ્પ્રત કાળે જે જડતા મુળ ઘાલી બેઠી છે ને જે થકી સ્થળે સ્થળેથી એહવા ઉદ્‌ગારો નીયમીત્ વદાતા રહ્યા છે કે ભાઇઓ પશ્ચિમાત્યનાં હુન્નર આગળ હદ છે. જે કરે તે થોડું. આપણાથી એમાંનું કાંઇજ ન બને. તે જડતાનું સમુળ ખણ્ડન કરવાનો છે. જે પ્રાચીન પૂર્વજો આત્મ બળ સેવતાં સર્વ ભુત ઉપર સત્તા જમાવતા તે તથા તેઓનાં વીરચિત ગ્રન્થો કે જે માંહે તત્વ મસિ અને અહંબ્રહ્માસ્મી જેવા ગુઢ મહાન વાક્યો એજ આત્મબળથી ચૈતન્યને કેળવતાં એજ મહાન વાક્યોનાં અર્થો પ્રતીપાદન કરે છે. અને તેવાજ જ્ઞાનામૃતને સેવનારા પશ્ચિમાત્ય જે આજે સર્વત્ર વીજય ધ્વજ ફરકાવી શત્રુનાં મુખથી સ્તુતી ઉચ્ચારાવે છે, જો કે હજુ તો તેઓ જડ ઉપર સત્તા ધરાવનારા છે. પરંતુ આપણા પૂર્વજો કે જેઓ એજ આત્મબળ થકી ચૈતન્ય ઉપર સત્તા ધરાવતા હતા ત્હેનાં સંતાનો આજે પૂર્વજોનાં જ્ઞાનામૃત ત્યજી પશ્ચિમાત્યોનાં શુષ્ક જ્ઞાનમાં લોભાઇ જે બીરૂતા, જે અજ્ઞાનતાનાં પટમાં લોટી રહેલ.ઓનાં અંતઃચક્ષુ ખોલવા એજ સામ્પ્રત પરમાત્મનો પરમભક્ત નરશીંહ મ્હેતા કે જેની કને સાધનમાં જાતે ને પોતે એહવો કનીષ્ટ સ્થીતીનો આત્મબળ સેવતાં ચૈતન્ય કેળવી અન્તે પરમાત્મનો પરમ અનુયાયી થયા

ઉપરાંત જન સમાજને દીક્ષા માટે એજ મહા મન્ત્રોથી ભરેલું જીવન ચારીત્ર દીગ:દર્શન અર્થે અર્પતા ગયા છે. વાંચક વૃન્દથી આ મહાન પુરૂષ અજ્ઞાત્ ન હોવાથી કદાચ શંકા કરશે કે ચારીત્રમાં આત્મબળ માટે કયાં પ્રેરણા કરી છે; પરંતુ વીચાર કરી જોતાં એજ તાદૃસ્ય ચીતાર દૃગોન્મુખ ખડો થશે. ઘણાંતો આગળ વધી પરમાત્મનું આવાગમન, તેમજ હાર અર્પણ આદિક-પોલ કલ્પીત માની ખણ્ડન કરવા તત્પર થશે. તેઓ વાંચકને યોગ માર્ગે મનન કરતાં એજ પ્રાચીન ગૌરવને સહસ્ત્રવાર વન્દન કરવા એક પગે તૈયાર થશે. કારણકે એજ પરમ ભકતે અનેક તપ તપી મકારા આદી ઉપર પ્રથમતો વીજય મેળવ્યો. આગળ વધતાં આત્મ બળ ઉપર સમ્પૂર્ણ શ્રદ્ધાથી એક પછી એક જેમ ગોપાલે ગૌ-ઇન્દ્રીઓને પાળ-પાલક સત્તા રાખી દોહન કીડા કીધી તેમ તે ઉપર સત્તા જમાવી. આગળ પંથ કાપતાં માર્ગના બે વિભાગ દૃષ્ટી ગોચર થયા. એક રાજ માર્ગને બીજો હઠ. તે એકકને વળી સાત સાત માર્ગો આવી મળેલા હતા. અત્રથી આ લઘુ ગ્રન્થ-નો પ્રારમ્ભ થાય છે. અનેક પન્થોનાં સંન્યાશીઓ તે પંથનાં ને તા હતા. આ બન્ને માર્ગોનાં ઉદ્દેશ પણ નીરાળા એકનો શ્રેય કરતો અન્યનો મૃગજલ પેઠે ભટકાવી ભટકાવી પાછા ત્યાંના ત્યાંજ લાવી મુકવાનો પ્રણય. ભકત પ્રવાસિ મધ્યસ્થ આવતાં બન્ને માર્ગો સ્વગૌરવ દાખવવાં એકે અષ્ટ સીધ્ધી તો અન્યએ ચીતી આનન્દ તુલના અર્થે પ્રવાશીની માનશીક તુલામાં મુકયો. ચતુર પ્રવાશી મર્મ કળી જતાં ચીતી આનંદ કે જયાં આશાનો દાસ ન થતાં ઉલટું આશા દાસી થઇ ચર્ણ સેવે એહવો રાજ-

તામ અને સત્યની ત્રીપુટીથી વીરક્ત પંથ લીધા ને કુસુમનો હાર જ્યમ કણ્ઠ શૃન્ગારે તેમ ચીતીરૂપ હાર કણ્ઠે સોહાવ્યો. વળી કોઇ શંકા કરશે કે કુસુમ માળા કણ્ઠે અવધારાય છે પણ ચીતી નહી સત્ય છે. પરન્તુ અલંકાર તરીકે અવલોકતાં સ્નેહ સાગરમાં ભીંજ્યા તો જેમ સ્નેહ એ જળ નથી તેમજ ચીતી આનન્દનો ભોક્તા ચીતી રૂપ હારથી કણ્ઠ કયાં ન શૃન્ગારે ! શૃન્ગારેજ. અન્તર રહસ્ય આ પ્રમાણે છે. હવે એ સર્વનું તત્વ વીલોકતાં કહો વારૂ આત્મબળથી મનુષ્ય ધારે તો શું શું ન કરી શકે. આત્મ બળ ઉપર પૂર્ણ શ્રદ્ધાથી આ પૂર્વજોએ કરેલાં મહાન કાર્યો ઉપર પોતે નીષ્તેજ શુષ્ક જ્ઞાની હોવાથી ગમે તેટલી શંકાઓ કરે. પણ તેથી કાંઇ આત્મબળનું ગૌરવ નષ્ટ ન થાય. વળી કેટલા એક સાધનની જરૂરીઆત પ્રથમ વિચારે છે. તેવાઓને આજ લઘુ ગ્રન્થ દીક્ષા દેવા સમર્થ થશે કે પ્રણય ભક્ત નરશીંહ મ્હેતાનાં સાધન કેટલાં હતાં ? કે જેને ઘરાણે મુકવા સ્મારક રાગ મુકવા ફરજ પડી હતી. પૂર્ણ શ્રધાથી આત્મબળ સેવતાં સૌ આપ મેળે આવી મળે છે. એનું ઉપરનુંજ દૃષ્ટાંત જો આ લઘુ ગ્રન્થ એ અસર કરવા પામે અને આત્મબળે ઝુઝતા ભારતવાશીઓ થાય તોજ લેખકની મ્હેનત સફળ થયેલી ગણાય. પરમકૃપાળુ પરમાત્મા જીજ્ઞાશા એ પૂર્ણ કરો ૐ: તત્સત. કર્તા.

ॐ

હાર માળા.

ગાયન ૧

ગૌરીસુત ગણેશ કળાય ન
વીશ્વ વીકાશી હું એ અવિનાશી.
અણુ અણુ માંહી રહયો તું પ્રકાશી— ગૌરી.
પ્રણવ પ્રણાલી મુખપર વીભુવાળી
રીદ્ધી સીધ્ધી દ્વીપક્ષે સંભાળી— ગૌરી.
દૃગન્તે ભક્તતો કર્મો અનાવીલ
ઉદર વિશાળ વીશ્વે જે ઠરેલ— ગૌરી.
ગુણ ગ્રાહક જે વીઘ્ન વિનાયક
રીધ્ધી ત્યજ ર્હે સાધ્ધીને લાયક— ગૌરી.

આશાવરી. ૨

શ્રી દામોદર મંદીર સુંદર જુનાગઢ જાણે જગ આદ્ય
વસે વિપ્ર નાગર નરસૈયો ભક્ત પૂર્ણ પ્રેમાનંદ નાદ— શ્રી.
આણુ પ્રવર્ત્તે મંડળીક કેરી, શીવ ભક્ત જે મહા બળવાન
એક એકથી અધીકાં કહાવે, પ્રધાન શાલક ગુણનીધાન— શ્રી.
નિત્ય પ્રત્યે હરી મન્દિર બેસે, સંગ સખાઓ યૌવન વેશ
કીર્ત્તન રંગ તરંગે સૌ જન, ભૂલે વણજ વ્યાપાર વિશેષ—શ્રી.

અભીત મનડું ભ્રમરની માફક પદમ ભક્તીને અવધાર
કીર્તન રંગે રજની વીતે મ્હેતાં કંઠ આરોપે હાર— શ્રી.
તે ચર્ચા ચાલે ચાચરમાં શાલક કર્ણશું જઇ અથડાય
શોચે મનમાં અમાત્ય અનેરૂ, વૈશ્નવ જન તે કેમ પુંજાય—શ્રી.

દોહરો.

દાંડી પીટાવી નગ્રમાં બીજે દિન અમાત્ય
કો નવ પુજે પ્રીતથી મ્હેતાને સાક્ષાત.
ત્રાહ્ય ત્રાહ્ય સર્વ કરે વૈશ્નવ જન શું ધ્વેશ
ધીક ધીક ભુંડા ભુપતી ધીક અમાત્ય સંદેશ.
સમય સાધ્યો નવ રહ્યો ઘટયું રવીનું તેજ
રજની થાતાં સૌ મળ્યું મંદીરમાં જન સહેજ.

૩

નટવર નૃત્ય કરે મનમોદ ધરે મુખ મધુરી મોરલી રે
કહાના મુખ મધુરી મોરલી રે છબીલા મુખ મધુરી મોરલીરે—નટવર.
ગોકુળમાં ગોકુળ ચરે મધુ રીપુભાસત બાલ
વૃન્દાવનની કુંજમાં નૃત્ય કરે નંદલાલ— નટવર.
સરદ પુર્ણીમા યામીની પૂર્ણ કળા પ્રફુલીત
વેણું છાંયા વીફરી ચોર્યું શ્યામા ચીત— નટવર.
વીરહ ઘેલી ગોપીકા જે ત્યમ તે ત્યમ ધાય
ચર્ણે ચ્હે નીજ શ્યામના, આવી લાગે પાય- નટવર.
રાસ રચ્યો ત્યાં વેણુમાં ગોપીમાં એક કહાન.
કાલીન્દીના કાંઠડા, ભુલાવે સૌ ભાન— નટવર.

રાગ—આશાવરી. ૪

ભુધર ભક્તી માંહે ભુલ્યાં મ્હેતાજી સમયનું ભાન
રજની વીતી કીર્તન કરત જન સૌ ભકતીમાં ગુલતાન—ભુધર.
વાર થઇ વરવાં જન દાશે પાપી આણે મનશું દ્વેશ
મ્હેતાજીને મન નવ ચીન્તા જેનો સહાયક શ્રી પરમેશ—ભુધર.
સમય ન ચુકે શ્રી પુરૂષોત્તમ જે ભકતાધીન કહાવેરે
શુધ્ધ ભકતીનો સાચો સેવક તક કેમ આવી ગુમાવેરે—ભુધર.
રાધાવલ્લભ સૌ જન દ્રષ્ટે કંઠેથી કાઢયો હાર રે
અર્પ્યો જઇ કંઠ મ્હેતાને તદરૂપ તદાકાર રે— ભુધર.
વાત ચાલી સોરઠમાં સઘળે કલીયુગમાં કાંઇ કારણ એહ
કાંઇ એક માગણ મોહન જાદુ મ્હેતા જાણે નિશ્ચય તેહ - ભુધર.
જે જેહને ભાવે તેમ બોલે જેહની જેહવી મતી હોય રે
દ્વેશી જન દ્વેશેથી બળતા. કાંઇ એક નીશ્ચય હોયરે - ભુધર

દોહરો.

ચર્ચા ઝાઝી રસ વધ્યો ગઇ રાયને કર્ણ
મુંઢ થયો એહ મહીપની સભા ભરી તત્ક્ષણ.
મ્હેતા મંદીર મોકલ્યો અનુચરને ત્યાં રાય
ચાલો બોલાવે ભુપતી અનુચર કહે કથાય.
જોતાં માંકી સજ થયા સખીઓ સંગે સાર
ચંગ તાલ શૃંગાર સંગ આવી પહોંચ્યા દરબાર.

રાગ આશાવરી. ૫

અનુચર તેડી પંન્થે પળ્યા દુર્જન જોવા જાયરે
મ્હાનુ ભાવ મંડળીકરાય મ્હોટો ત્યાં એહવાં કામજ થાયરે—અનુ.

રક્ત લોચન રોશે બળતાં મહીપતિ બોલે વચનરે
લીલાધારી વૈશ્નવ આવો કટાક્ષે કર્યું નમનરે— અનુ.
ચંગ તાલનાં ચારીત્ર અનેરા વિનતા શું વ્યાપાર રે
ચર્ચા ચાલી દીવસ આટલા નહોતું કો પુછનહારરે— અનુ.
નથી દીઠો નથી સાંભળ્યો હરી કેમ આપે હારરે
રાજ્ય સભામાં રંગ જણાશે પાછો પડશે પારરે— અનુ.
તેડવા સર્વ સન્યાસી સુંદર જે કરતા વનફળ આહારરે
પંડીત તેડી પાયે લાગે સત્ય કહું નીરધારરે— અનુ.
બીજા ભકત ભાવે તેડાવ્યા જે જાણે ધર્મનો મર્મરે
સૌ મળીને પુછે મ્હેતાને આ શું ભકતનો ધર્મ રે— અનુ.
કોણ ગુરૂ કોણ કીર્તન એ ત્હારાં કામની કંઠ લગાવોરે
વેદ શાસ્ત્રનો માર્ગજ લોપ્યો હમને આશ્ચર્ય થાયરે— અનુ.
સત્ય કહો સત્ય ગુરૂ બતાવો ધર્મ ત્યજે કેમ ચ્હડશોરે
બીમ ભણે ભુંડા નરસૈયા નીશ્ચે નરકે જઇ પડશોરે— અનુ.

રાગ ચાલુ. ૬

મુખ ત્હારેથી નર્કજ નીકળે જે માને તે પડશેરે
પ્રભુ નરસીંહનો છેલ છબીલો ગાસે ત્હેને જડશેરે— મુખ.
નવલ નાર પતી નીલો નરહરી પૂર્ણાનંદ પરમ રસાળરે
ભુલી બીમ ભમે શીદ ભુતળ ગુણ અમૃત ગા ગોપાલરે—મુખ.
અબળા અનંત અનંગ સંગે નેપુર ચંગ વગાડે તાળરે
પાચે નરહરીને નરસૈયો નીરખે બીમ સહીત ભુપાળરે—મુખ.
યજ્ઞ કોટી કરે જગપર તે ભુધરને નવ ભાવેરે
પૂર્ણાનંદ પ્રેમે રસ લેવા નરહરી નાચન્તો આવે રે—મુખ.

ઝુલણા છંદ ૭

સંપટી કુડ કુપટી તું કહાવે સદા પાખંડ રૂપ નાગર જ્ઞાતી
રાય મંડળીક તે રીશ શું બોલીઓ તોલીઓ મેં ત્હને ધર્મ
ધાતી—લંપટી.
પુષ્પની માળ ત્હેં કંઠ ઘાલી ખરી કાઢી પ્હેરાવે સારંગપાણી
ત્નેે સર્વનાં દેખતાં હાર ત્હને આપશે લાગીશું પાય પ્રીતિ પ્રમાણી—
લંપટી.
આપદા આવી ના નેહ નહી છુટીઓ તાહારે દામોદર શું રે પ્રીતી
માળા તીલક પાખંડ રચે સર્વદા આજે પડી જીવ જંજાળ મોટી—
લંપટી.
અણે મંડળીક તું ધુર્ત શુણુ નાગરા શું આવીઓ મદ ભર્યો
તું રે ગાતો
માનુની સંગમાં નાચતો રાચતો ત્હારો ગોપાલ કયાં જઇને સુતો—
લંપટી.

રાગ સોરઠ. ૮

સુતો નહીરે કામણગારો કૃષ્ણુ કોડીલો
વેગે વળશેરે બ્હાલો કુંજવીહારી, મુકુંદ મોરારી—સુતો.
જન્મનો નીવાશી ને મથુરાથી ગયો ન્હાશી
પ્યાશી પૂર્ણ કળા નીલચન નટ ધારી— સુતો.
હ્રદય માંહી ભર્યો ઠર્યો પ્રેમે પૂર્ણાનંદ વર્યો
વીસર્યો ન જાયે વાલમ, વપુનો વીહારી— સુતો.
વ્યંગ વચનમાં બોલો હ્રદયમાં ભકતી તોલો
કુશુમ માળા કૃષ્ણુ દેશે દર્પને વીદારી— સુતો.

ચોપાઇ ૯

તેડયા શત સન્યાશી મુખ્ય અલ્પ ફળ જળ કરતા ભક્ષ
સહસ્ત્ર શીષ્ય સંગ પરવર્યાં તાડ પુસ્તક બહુ હસ્તે ધર્યાં— તેડયા.
સર્વ સહીત બેઠો રાજન સભા સકળ સૌ દે છે માન
ભીમ ભણે મ્હેતાજી સુણો હરી ભકતનો મહીમા ઘણો— તેડયા
જે નર ઇચ્છે ઇશ્વર સાથ તે કામીવી કંઠે ન મુકે હાથ
એ વૈશ્નવતા કયાંથી લહી પેર પેર પુછે ત્યાં સહી— તેડયા

રાગ ગોડી-૧૦

બાઇ મ્હને હરીરે જોવાની ટેવ પડી
વ્હાલાજી ન મુકું રે હું એક ઘડી— બાઇ.
વેધીલું મન મ્હારૂં રહી ન શકે રે.
સાચી પ્રીતી જડી—બાઇ રે.
આખો દીન હું રખડીને આવ્યો
ભોજાઇએ ન મેલ્યું પાણી.
મેં જાણ્યું પ્રભુ તણાં પરે કરૂં હું.
એ ભોજાઇ નહીં પણ ગોરાણી—બાઇ રે.
નામાનું છાપરૂં છાંઇ આપ્યું
કબીરાને અવીચળ વાણી.
તે પે હું તો હોઇશ ભલેરો
છબીલાજી મુકશે પાણી—બાઇરે.

દોહરો.

ચૈત્રસુદી સપ્તમી આદીત્યનો છે દીન
જગતથી વીરકત થઇ હું ભકતી માંહી લીન.

રીસાવીને ચાલીઆ અરણ્ય મ્હા વીકરાળ
વાઘ વરૂ બીહામણું ચીત્તા દે છે ફાળ.
મંદીર ત્યાં સોહામણું, સમીપ સરીતા ત્રટ
ઉમીયા પતી વીરાજતા, જઈ પહોંચ્યો ત્યાં ઝટ.

લાવણી ૧૧.

અરણ્યે એકલો વાસુ, જીવન એ ભાવી છે મારૂં
ના છોડાતું તે છોડી દીધ, વીષય જવાળા ન શીરપર લીધ.
પતંગો ઉડતી જેવી, હવે મ્હારી ગતી તેવી
ચરણ સેવી શરણ હું લઉં વશી ઉર્મી ન પાછો જાઉં.
ચહી ચી-તે ધર્યું ત્યાં ધ્યાન, કમળ વારે પુજ્યા ભગવાન
નીરાહારી નીલાધારી, તપ્યો હું તપ મહા ભારી.
હતું એક ધ્યાન ઉમાકે કંથ, સરલ તરલા સરલ મુજ પંથ.
વીત્યા દીન સાત ત્યાં વાટે, પ્રકટ પરમેશ ગ્રહ્યો હાથે.
વદે વાણી ત્રીશુળ પાણી માગો વરદાન જે ઇચ્છાની.
ન યાચું સુખ વીના ભકતી ન યાચું સુખ વીના વ્યકતી.
ન યાચું જકતની માયા, જેને ફંદે કંઈ એક વાહયા.
ન યાચું માન મોટાઈ, અહંભાવે ન સુખ કાંઇ.
માટે યાચું જે વ્હાલા આપ જપો છો નીત્ય જેહના જાપ.
આપો જો આપ તો એહને, વીના સઘળું દુઃખી દેહને.

દોહરો.

પ્રસન્ન થયા ઉમીયાપતી, મસ્તક મુક્યો હાથ
સંગે તેડી સંચર્યા, જ્યાં શ્રી વૈકુંઠનાથ.
સોળ સહસ્ત્રમાં કહાનજી, પ્રીતે રમતા રાસ
હાં હાં કહેતા આવીયા, થઇ રહ્યું અટ્ટ હાસ્ય.

મધુરી વાયે મોરલી નટવર નૃત્ય કરંત
ફરતી સહીયર ફુદડી, વાગે વાદ્ય અનંત.
મુખમાં રસના એક છે, શબ્દ નહી તે માટ
હું પામર કઇ પેર વર્ણવું, જ્યાં મ્હોટા મ્હોટા મ્હાત.
સહસ્ત્ર જીવ્યાહ શેષ હારે, શનક શનકાદીક મુન્ય
સરસ્વતી થાકિ સહજમાં, અકલ આનંદ ધન.

ચોપાઈ ૧૨.

રાસ દેખાડયો વૈકુંઠનાથ, અભય કરીને મુકયો હાથ
બોલ્યા કૃષ્ણ કૃપાળુ દેવ, જા જગમાં જઇ જનપદ સેવ.
જગતને મ્હારૂં અંગજ જાણુ વીશ્વરૂપ આનંદની ખાણુ.
સદમતી પ્રેરી પંથે વાળ સનાતન ધર્મને જઇ સંભાળ-
જન મન ભ્રષ્ટ થયાં બહુ આજ, રાખ હ્રદયમાં ત્હેની દાઝ.
જા જઇ કરતું એટલું કાજ, આવી સહાય કરીશ જયાં વાજ.
ત્હારી ચીંતા મુજને વશી દીધું આલીંગન બ્હાલે ધશી.
એહવું કહીને શ્રી પરમેશ, થયા અદ્દશ્ય ન રહ્યું લેશ.
સ્વપ્ન સરખું થઇને રહયું, સરીતા જળ સો જાયે વહ્યું.
મંદીર એકલું મુર્તીમાન, હન્શ ગયે થયું સમશાન.

રાગ ગોડી. ૧૩

તારકને અવલોકો જકતનાં તારકને અવલોકો
માનુની સંગમાં મદમાહારે મ્હાલેને વીષય રસમાં ઝુલે.
લંપટ થઇને માળા મણુકા ધરી ઉદર અર્થમાં ભુલે.— જકત.
જનમન ભ્રષ્ટ થયાં તે શું ધરશે વામાના વપુ વીહારે.
વાહરે સનાતન ધર્મ ઉધ્ધારક તારક મંત્ર ઉચ્ચારે.— જકત.

નાચવું કુદવું ને તાલ શું ત્હારા પરમ પદની નીશાની
આન્હીક કર્મો સૌ એમાં સમાયાં વાહરે ભકત મ્હા જ્ઞાની—જકત.
ભીમ ભણે ભુંડા નરસૈયા, હરી આવ્યા તું થી વાજ
ચીંતા વધી છે ત્હેને ત્હારી ભજને રામ જે ગરીબ નીવાજ—જકત.

રાગ આશાવરી ૧૪

વૃધ્ધજ થાશું ત્યારે સ્મરીશું હમણા સેવા નકામ
છોગાળોને છેલછબીલો ઘટઘટ પૂરણ કામ— વૃદ્ધ.
માનુની સંગ એ ન હોય ભગવાં ઘેલી ગોપી જાણો
કૃષ્ણ ચંદ્રનાં દર્શન માંહી ચીતી આનંદ પયછાનો— વૃદ્ધ.
પ્યાશી પીયુષે ભ્રમરજ ભટકે અર્થ સારે સ્મર માળા
આકૃણીએ આવે અરવિંદે, ત્રીપુટી તારક બાળા— વૃદ્ધ.
લગ્ની રે લાગી કૃષ્ણ શું મુજને તે લંપટી બેઠો માની
અંતર ઉતરી જોને જરી તું, એ રામ તણા અભીમાની—વૃદ્ધ.
શનક શનાકાદીક મુનીજન વંદે તે ઠાકોરને શીદ નવ લહો
ભણે નરશૈયો કહ્યું કરૂં માહરૂં ગર્જના કરી મુખ કૃષ્ણ કહો—વૃદ્ધ.

રાગ ચાલુ ૧૫

કોણ છે છબીલો કોણ છે રે નાથ, કોણે દીધારે ત્હારે માથે હાથ
વિષય રસમાં ભીંજ્યો રહેરે હરી મળવાનો માર્ગજ કહે—કોણ.
લંપટપણું તું મુકી દે, વણ બોલે અધ્યયન ગ્રહે— કોણ.
જ્ઞાન વૈરાગ્યને પંથે પળે તો ગર્ભવાસનો ફેરો ટળે— કોણ.
આ સન્યાસી કહે છે ત્હેને પછી કહીશ વાર્યો નહી મ્હને— કોણ.
ભુપ ભણે નરશીંહ કાં ભમે ગુરૂ વીના જ્ઞાન ન હોય કેમે—કોણ.

કાલીંગડો ૧૬

વ્યંગ વચન મા બોલોરે મર્મને જાણો કાંઇરે— વ્યંગ.
જેહનું મન જે સાથેરે લાગ્યું તે કેમ મુકયું જાય
દૃગ દર્પણમાં અવલોકો જરા, સમ દર્શી હોજો રાય— વ્યંગ.
રામ સ્નેહી મેં રે પયેછાન્યા જાનકી વીણ નવ ચાલે
ત્હેના શેવક ત્હેના જેવા વીરહે વ્યાકુળ થઇ મહાલે— વ્યંગ
સ્વાર્થજ સંગીના અનુસંગી સ્વાર્થ સાથે કામ
નીર્દોષ વાળી માર્યો અર્થે, લહો લહો મર્મ એ રામ.— વ્યંગ.
છળથી માર્યાં મહા બાહુ બળી અર્થે દોષ નીવારી
વિના અપરાધે જનક સુતાને દીધા છેહજ કારી— વ્યંગ.
અહંભાવી ચારીત્ર અનેરા કાંઇએક કીધાં રામ
ભણે નરશૈયો કહ્યું કર માહરૂં સેવો પૂરણ કામ— વ્યંગ.

રાગ રામગ્રી ૧૭.

જુઓ જુઓરે રામજી નિન્દે નાગરા રે
વૈરાગ્ય વીના નિર્મળ મન નવ થાય રે— જુઓ.
ચર્ણ રેણનાં સ્પર્શ થકી જેણે ઉદ્ધારી ગૌતમનારી
રામ વિના કોણ ભવજળ તારે, તું મન જોને વિચારી—-જુઓ.
સાગરમાંહી જેણે સલ્યા તારી, ધીમ્મરને વૈકુંઠ આપ્યું રે
ચીરંજીવી વીભીક્ષણને કીધા દાનવ કુળ ઉથાપ્યું રે— જુઓ.
તું જોને શંકર સરખા જેનો તારક મંત્ર હૃદયમાં લહે
ભીમ ભણે ભુલ્યો નરશૈયા, ગર્જના કરી મુખે રામ કહે— જુઓ.

રાગ ચાલુ ૧૮

બેશી રહે તું રામ ઉપાસીઆ;
વૈશ્નવ જન વ્હાલા નવ જેહને રે;— બેશી.

પુરણ બ્રહ્મ જે શ્રી પુરૂષોત્તમ ગોકુળ ગાયો ચારી રે
બ્રહ્મા જોઇને વીસ્મય પામ્યા ઇન્દ્ર ગયો મન હારીરે.-- બેશી.
રામના શેવક હોયે સમદૃષ્ટી કહોને નવ કહે માહું રે;
રામકૃષ્ણમાં અંતર શાનો જ્ઞાનજ ત્હારૂં ન્હાહું રે.— બેશી.
વૈરાગે નવ રામજ રીઝે, જ્યાં લગી ન હોયે પ્રીતીરે;
ભુલ્યો ભીમ કહયું કર મ્હારૂં, નરશૈયાની એહ રીતીરે.—બેશી.

રાગ દેશ ૧૯

ભુલ્યો ભુતળ માંહી જેણે ધર્મ ત્યજ્યો પોતાનો રે;
વિપ્ર વર્ય આગાહી તે નર તો વગર જોટાનો રે.— ભુલ્યો.
દાંભીક દંભ રચે તું અનેરાં વણસાડયું આખું ગામ
કપાળે તીલક તુળશીની માળા ધીક ધીક વૈશ્નવ નામ—ભુલ્યો.
ધુર્ત્તપણે ત્હેં ધુત્યું સોરઠ સૌને વૈશ્નવ કીધા;
નટવાતણી પેર નાગર નાચી શ્રી દામોદરજીને દોપ દીધા—ભુલ્યો.
પાખંડે પેટ ભરે બહુ પ્રીતે, આજ મંડળીકે સાહ્યો હાથ;
ભીમ ભણે કહ્યું કર મ્હારૂં, કર જોડીને કહે રઘુનાથ—ભુલ્યો.

આશાવરી ૨૦

અદેખા લોક તે અટકચાળા મર્મ ન જાણે કાંઇ;
જેહેનું મન જે સાથેરે લાગ્યું તે કેમ મુકયું જાય— અદેખા
ભુતળ ભુલ્યો જે જન જશોદા નંદનને નવ સેવે;
હ્રદય રમણ મુકીને મદમાં મંત્ર ગુરૂને સેવે— અદેખા.
કપોળ તીલક તુળશીની માળા એ સુચક સંગ છોગાળા
મોહની માંહે ભગવાં ધાર્યાં પણ કૃત્ય કર્યાં જાય કાળા—અદેખા.

શુધ્ધ ભક્તિ વીના સંગ કેમ સેવે રમાપતી રઢીઆળા
માત તાતનાં ખોટાં કરીને ઉદર અર્થે મહાલ્યા—અદેખા.
નટવા તણી પેરે પ્રોતેરે નાચ્યું જયમ ચારૂ ચીતી નચાવે
એ આનન્દનો ક્યાંથી રે ભોગી જગ મોહની જયાં રે ભમાવે—અદેખા
મંડળીક નહી પણ મોહનજીએ કેવો ઝાલ્યો હાથ
નરશૈયાનો સ્વામી શામળીઓ દર્પ હરણ દીનાનાથ— અદેખા.

રાગ ચાલુ ૨૧

ગૌવીન્દ આશ્રમ કહે નરશૈયા પ્રીછી પ્રીતી મેં ત્હમારી
મહા વાકય ઉપદેશ વીના ત્હને ન મળે દેવ મોરારી—ગૌવીન્દ.
શ્રીપાત થઇ હમો સર્વ મુકયું અષ્ટાંગ યોગ મેં સાધ્યો
દંડ કમંડળ પ્રીતે ધાર્યાં તોયે લલીત નવ લાધ્યો— ગૌવીન્દ.
નાચે કુદે ને તાલ વગાડે એમ પરમ પદ કેમ લહે તું
ઉદર ભરવાને પાખંડ કરવા સૌને અદેખા કહે તું— ગૌવીન્દ.
માળા મુકીને શ્રીપાત થાતું લે આપું મંત્ર ઓમકાર
ગ્નાન વીનાનું કિર્તન ગાયે કેમજ પામે પાર— ગૌવીન્દ.
મમત્વ મુકીને કહ્યું કર મ્હારૂં થાશે તુજ કલ્યાણ
સમરથ સ્વામી શ્રી રઘુનંદન ચર્ણ શરણ સુખ માણ—ગૌવીન્દ.
પંચ મકારને મુકી તું મનથી અર્પણ કર મન ત્હારૂં
જાનકી નાથ ખ વીપે વ્યાપક ભવ જળ તરવા બારૂં—ગૌવીન્દ.

રાગ મારૂ ૨૨

શ્રીપાત ન થવાયે રે સાધુ શ્રીપાત ન થવાયે
અનેક ધર્મો ભકતી વીનારે કેમ કરે આવી સાહ્યે—સાધુ.
કયો સન્યાશી શર્ણજ પામ્યો દંડ જટા વેશધારી

તહમો વૈશ્નવની નીન્દા કરો છો નર્કનાં અધીકારી—સાધુ.
નારી મરે ને ખાવા ટળે ત્યારે તહમો ભગ્વાં ધારો
પ્રેમ ભક્તી અનુરાગ વીનારે ભુતળ ભારે મારો—સાધુ.
ઓમ્કારનુ કરો શું સ્થાપન મ્હારે વૃન્દાવૃન્દ ચાલો
ભણે નરશીંહ મુકો દંડ કમંડળ મુજ પુઠે તાલ વગાડો—સાધુ.

રાગ ચાલુ ૨૩

વાંકી વાણી રે મ્હેતા ત્હારા વાંકી વાણી રે
તારક મંત્ર ઓમ્કાર પે તેં ત્હારી તાલ વખાણી— મ્હેતા.
રાગ કાઢી કાઢી કીરતન ગાઓ વળી વળી કોટ હલાવો
ઉત્પાત વાત શ્રીપાત ને બોલો એ ત્હારી તાલ જલાવો—મ્હેતા.
તું નીર્ગુણ રામને મુકીને વળી વીષયા રસને ગાયે
નાચે બ્રાહ્મણ ભ્રષ્ટ થયો રે શું સુતો વૈકુંઠ રાયે—મ્હેતા.
નીન્દા કરો છો પરમહંશની કોણે કીધો ત્હને ઘેલો
ભીમ ભણે ભજો રામજીને મુકી છેલછબીલો— મ્હેતા.

રાગ રામગ્રી ૨૪

તે કેમ મુકીએ રે અર્ધ ક્ષણ મુકયો નવ જાય
ત્હેનાં જોબનની રે બલીહારી જેહનાં હ્રુદયમાં કૃષ્ણ સમાય—અર્ધ.
હમો છઉં વૈશ્નવ છેલછબીલાનાં ત્હેમાં તું ન જાણે કાંઇ રે
લલીતા ભામાને ચંદ્રાવળી ચંદ્રભાગાને દીધું સાંઇ રે —તે.
નરશૈયો પ્રેમે શણગાર ગાશે, ભીમડો તે રીસે મરશે રે
આપણે બેઉએ વાદજ માંડયો, નવ જાણું કોણ તરશે રે— તે.
એ રસનો સ્વાદ શંકર જાણે કે જાણે શુક યોગી રે
કે જાણે વ્રજની રે નારી, કે નરશૈયો ભોગીરે— તે.

રાગ સારંગ ૨૫

મોહજાળની જુઠી માયા, મીટ્ટી કાયા તું અવલોક
મુંઢ મમતમાં દીપક સંગથી મન પતંગને જઇ તું રોક—મોહ.
પંચ મ્હાભુતથી રે રચીત જે તે શું કરવો મીથ્યા સ્નેહ
જોતાં જરા ત્હેને આવી ગ્રહશે, અંતે દેહ સ્નેહ દેશે છેહ—મોહ.
કોણ હારે કોણ જીતશે ભ્રમણા હૃદય રામ છે સૌને એક
જ્યમ મૃતીકા પાત્ર ઘણેરા, પણ મૃતીકા એકની એક— મોહ.
સ્નેહ રસનો તું ન થા રાગી વીરકતતાનો લહે તું ભેદ
ભીમ ભણે ભુંડા નરસૈયા, મમતે પામીશ તું તો ખેદ— મોહ.

રાગ કલ્યાણ ૨૬

મકર પ્રતિબીમ્બે જયમ બાળક, રમતા ગોપી શું ગોપાળક
બ્રહ્માનંદ એ ભવદુઃખતારક, નાયક લાયક શ્રી સુખદાયક—મકર.
સ્નેહ દેહનો નાડી એ કહાવે કૃષ્ણ ચંદ્રનો રંગ સોહાવે
આનંદ ઉદધીમાં નવરાવે, શુદ્ધપ્રેમ એ રસ બસ લાવે— મકર.
મુંઢ મમત એ કહેનો કહાવે, ઉર્મી નાડી ત્યાં અર્થ શો આવે
રાગ જ્યાં સોહાગ સોહાવે, સ્નેહ તંત્ર અપ્રતિમજ કહાવે—મકર.
માટે માન કહું હું માગી, કૃષ્ણ ચંદ્રનો થા અનુરાગી
નરસૈયાના સ્વામી સંગ લાગી, સ્મર-સ્મર તું રે વૈરાગી—મકર.

રાગ રામગ્રી ૨૭

વૈરાગ્ય વીના નથી પામવા ભકતવત્સલ ભગવાન રે
વિષય વાસના ન ગઇ ત્હારી, મોહ માયા શું તાનરે— વૈરાગ્ય.
વૈરાગ્યે સનકાદીક છુટયા, ધ્રુ અમ્બરીશ પ્રહલાદ રે
અંતર આવીને હાથજ સાધે ઉપજે મન આહલાદ રે —વૈરાગ્ય.

વૈરાગ્ય હતો જો વીદુરને તો પ્રસન્ન થયા જુગ્દાધાર રે
ત્હારી માફક કોણે નવ ગાયો ઉઘાડો શૃંગાર રે— વૈરાગ્ય.
શૃંગાર ગાઇ તું રે વગોતો, નાગરી ન્યાત નીરધાર રે
વૈરાગ્ય વીના સ્વપ્નમાં પણ દુર્લભ મળવો હાર રે— વૈરાગ્ય.
નથી મળવો હાર સ્વામી, ભીમ ભણે કૃપા કરો
નાગર સઘળા કહેવા મળ્યા છે તમો અહીંઆંથી નીસરો—વૈરાગ્ય.

લાવણી ૨૮

ઘુંઘટના પટ ખોલ રે અભિમાની
શુકશનકાદિક આદ્ય રૂપીવર જે ભકત થયા અનમોલ
સ્નેહ હતો જો શુધ્ધ શીરોમણી સહાય ત્રીલોચન લોલ
જરા અંતરચક્ષુ ખોલ—રે અભિમાની— ઘુંઘટ.
સ્નેહનો સંગી શૃંગારજ કહાવે અંતર આનંદ અતોલ.
કર્મનો ભોગી કર્તા ન્યાયે નાગરને શો તોલ
જ્યાં સ્નેહ શૃંગારજ સોળ—રે અભીમાની— ઘુંઘટ.
છુટકશે યોગને રોગ સૌ તમારો જોતાં હાર અનમોલ.
વેચ્યો જ્યાં મુજ નાથ વેચાણ જખ મારીશ માં બોલ.
આપ્યો જેણે મુજને કોલ—રે અભીમાની— ઘુંઘટ.
ભુદરનો વીશ્વાસ છે ભારી સમૂશે દુર્જન છોળ
ભણે નરશૈયો ધીકઃ ધીકઃ ભુંડા ગોળ ત્યજી રહે ખોળ.
જરા અંતર પડદો ખોલ—રે અભીમાની— ઘુંઘટ.

ચાલુ ૨૯

મોહ મદમાં ના ભુલ, માયામાં રમનારા
સ્નેહ ભકતીનો નેતા કહાવે, માયાનું એ મુલ

મનના સૌ મનમાં રહ્યા જાયે, અંતે ધુળની ધુળ
જહેવું સોહે અભ્રનું ફુલ— માયા.
જકતનો લય જ્યાં માયા રહે ક્યાં, ગણત્રી નહી સ્નેહ કુલ.
સમજ સમજ તું થા વૈરાગી, યોગ અક્ષય સુખ મુલ.
જ્યમ પદ્મ સંગે અલીકુળ— માયા.
આગે અનેક મુનીવરે જહેનો, પ્રેમે કર્યોરે સ્વીકાર
નૃત્ય કરે નરહરી કેમ આવે, વાદે વાદ ન વધાર
ચેતી જાકત પતી ઝુલને ઝુલ— માયા.
ત્રીવીધી તાપનો ટાળક એક જે ત્રીભુવન પતી જકત મુળ
સીતાપતીને શરણે જાતાં ન મોકે સ્નેહની શુળ
મ્હેતાજી મા ભુલ— માયા.

રાગ આશાવરી ૩૦.

મુણ્ડ મુણ્ડાવે ને ટોપી ઘાલે હમો નવ થઇએ વૈરાગીરે.
થઇએ વૈશ્નવ છેલ છબીલાનાં, હમને હરીશું તાળી લાગીરે—મુણ્ડ.
જહેની મમતા ભાંગી તે વૈરાગી ત્હેની અનહદ શીંગી બોલેરે.
વેષ ધરીને વિષય કરનારા યોગી અસુરને તોલેરે— મુણ્ડ.
ભાગ્વત ધર્મ સર્વોપરી જાણી, વીકારથી વેગળા રહીએરે.
સર્વભુત સમદૃષ્ટી લેખી, મોહન શું મનથી મોહીએરે— મુણ્ડ.
અભીમાને ત્હમે સર્વે ખોયું, પ્રીતી રંગ નથી લાગ્યોરે.
ભણે નરશૈયો વૈરાગ્ય મુકીને, પ્હેરો પંચ વસ્ત્રનો વાગોરે—મુણ્ડ.

રાગ ધોળ ૩૧

ગર્વ ન કીજે ઘેલડા, શું જ્ઞાન ગુમાયો
જેહમાંથી તું જનમીઓ, ત્હેમાં જઇને લોભાયો— ગર્વ.

શાને કાજે તું આવીઓ. શું કાર્યજ કીધું
અમૃત આવે ઢોળીને, પ્રેમે હલાહલ પીધું— ગર્વ.
નેત્ર છતે થયો આંધળો, મન તું જોને વીચારી
જેહવી જનેતા આપણી, ત્હેવી પરની નારી— ગર્વ.
શ્રીકૃષ્ણ વીના તું જે કરે, તે કાપે છે કાચું
વીશ્વાસે સીદ્ધી પામીઓ, મન માને એક સાચું— ગર્વ.
રંગ લાગ્યો રૂડા રામ શું ત્હેનું કારણ કાયા
ભીમ ભણે જુઠી જાણજો, જકતની મોહ માયા— ગર્વ.

દક્ષીણી લાવણી. ૩૨

ગુપ્ત કર્મોનાં ભેદુ વીના એ મર્મ ક્યાંથી પીછાને
બાહ્ય રૂપ રંગે શું બોલે બહુ અન્તરનાં અજ્ઞાને— ગુપ્ત.
વારી વારી શું પ્રકટ કરૂં હું ગા તે ઇન્દ્રી જાણો
કુદરતનાં નીયમ કેળવતાં અપરીમીત્ આણંદ માણો— ગુપ્ત.
મતી મુઝાણી કાંઇ નવ સુઝે, પ્રવૃત્તિમય જકત
સર્વ વીચારે મનમાં એહવું, કોણ રહે જગ ભકત— ગુપ્ત.
મહા પુરૂષને દોષજ મા દયો અંતરના અજ્ઞાને
ભુંડા ભીમ તું જોને વીચારી, દોષ ના મુક અસ્થાને— ગુપ્ત.

રાગ સારંગ. ૩૩

નારી નર્ક તણી અધીકારી, વીહારી ત્હેનો શ્યામ
જાણ્યો જાણ્યો મેં કૃષ્ણ કોડીલો પરસ્ત્રીનો વિશ્રામ—નારી.
મર્યાદા લોપીને વામા વીલોકી, વપુ એ સુંદર શ્યામ
ગોપીકા ઘેલીની શીયળવેલી ધીક: ધીક છેદી વીરામ—નારી.

દાણ લઇ લઇ દાણી કહેવાયો, રોકયો વનીતા ઘાટે
પરસ્ત્રી સંગે ક્રિડા કીધી, એ સૌ ગુપ્ત જ્ઞાનને સાટે—નારી.
નષ્ટ થયા બહુ નારી થકી જે મ્હોટા તપશા યેગી
મહા પુરૂષને, મેં પયછાન્યા, જે નારીનાં રોગી—નારી.
ફુટયાં લોચન, કાંઇ નવ સુઝે, વિમળ પન્થનો સાજ
ભીમ ભણે, ભુણ્ડા નરસૈયા, જકત આવ્યું જેથી વાજ—નારી.

ચાલુ ૩૪

નારી જક્ત, દુઃખ હરનારી, રત્ન પ્રસુ ત્યાં જોણે
ધ્રુ, અમ્બરીષ, પ્રહલાદ સમા, કાંઇ કોડો ભારતમાં એણે—નારી.
જનેતા ત્હારી, ને ધીકારી, જે પાળક, ભય દુઃખ ટાળક
પોતે પિડાઇને, તુજ પિણ્ડ પોષ્યો, ત્હેનાં ફળ કટુ નાહક—નારી.
વળી મર્મ ત્હેં, ના રે પયછાન્યો, દે દોષ સુન્દર શ્યામ
બાલ્ય બ્રહ્મચારિને, વ્યભિચાર દોષ, ઓવે અન્ધ નકામ—નારી.
કામે નચાવ્યું, જકત અખિલને કૃષ્ણે નચાવ્યો કામ
હ્રદય પટમાં તું, જોને વિલોકી, ગોપી સન્ગમાં શ્યામ—નારી.
ક્રિડા કીધી, ને વસ્ર લીધી, તનુજ શીયળા તમામ
અણું અણુંઓ, દોહન કીધાં, સન્તાપે સુન્દર શ્યામ—નારી.
મળ પટ હર્યાં વિણ, અન્તર ન એક, કામે પ્રણવ નાદ
દાણ રૂપે સૌ, સત્વ હર્યું રે, ઈડા યમુના ઘાટ આહ્લાદ—નારી.
મર્યાદા કયાં રહી, અન્તરમાં, ભુણ્ડા ભીમડા જોને વિચારી
જેનાંજ આધિન તે પર કહાવે, વાહરે હ્રદય રામ વિહારી—નારી.
શાને બતાવે, મનોબળ નબળું, આત્મ શ્રધ્ધાનાં અભાવે
ત્હારામાં તુજને, વિશ્વાસ નહિ તો, રામમાં ક્યાંથી સોહાવે—નારી.

સ્યામાથી કંઇ એક, તર્યાં ને તરશે શું ભગે રત્ન પ્રસુન્તા
નરેચાનાં સ્વામી, કહે સાચું અન્તર આનન્દ અનુભવતાં—નારી.

રાગ બીહાગ. ૩૫

ભુતળ જ્ઞાને નમુનો, વિહારી સન્ગે, વાળો વિહન્ગમાં
વિના રામ એ સુનો, અહંભાવે, સ્યામાનાં તરન્ગમાં—ભુતળ.
અર્થ નવ એકે સરે વિકારનાં સેવન થકી
દીપ પતન્ગે મરે, મમત્વે બની જકકી.
ખટ પદ પદ્મે ઝુરે, મોહ પરિમલે નક્કી.
ભાનુ જ્યોત્ સુખકારી, તાર ત્રીદોષ તરન્ગમાં— ભુતળ.
આસાનાં દાસ જે જન, જાણો દાસ જગનાં
લપટે લપટાઇ તે શું, અન્તર જ્ઞાન ઠગનાં
અહંભાવે અથડાયે, રામ મુકીને રગમાં
ભીમ ભણે છે પોકારી, મ્હેતાજી સેવો રામનાં સરન્ગમાં—ભુતળ.

રાગ સારંગ. ૩૬

જપને જીવ્યાલ, નામ વિમળ રાઘવ તણું રે
શોક હરણ, સન્સાર સુખ કરણ જે— જપને.
વિકાર સેવે, વસ નવ હોયે, ત્રીભુવન ત્રાતા ઇશ.
માન માન આ લે રે ભગ્વાં, જટા વધારી શીશ— જપને.
વેદ પ્રણાલી, મોહ સૌ ટાલી, સેવ ચરણ સતિ કાન્ત
માયા મોહમાં, ના જન વાળો, સાધ યોગ એકાન્ત— જપને.
જે વર્ણન, સ્મૃતિ વેદ પુરાણે, તે તું કરરે સ્વિકાર
મોક્ષ સાધનને, તું ન્હા રે, લે આપું મન્ત્ર ૐકાર—જપને.

અષ્ટ સિદ્ધી, આપે આવીને, સેવે ચર્ણો સદાય
વિષય થકી નહીરે, એ સુખ કદીએ, સ્વપ્ન સુખ રમાય—જપને.
શંકર સ્વામી, કહે શીર નામી, સેવો રાઘવ ચર્ણ
ભવદુઃખ બન્ધન, જાશે ભાંગી, ન જન્મ નાહી મર્ણ—જપને.

રાગ સામેરી. ૩૭

સ્નેહ વિકારને સેવો, રે ભગ્વાં સ્નેહ વિકારને સેવો
જો ઇચ્છા મન મોક્ષ તણી જો ભગ્વાં ભાર શો લેવો—સ્નેહ.
જટા વટ વૃક્ષની ધારે અનેરી હરીપદ સ્વપ્ને ન વીલોકેરે
શીશ મુણ્ડાવે, ગાડરીઆં બહુ, કર્મનાં બન્ધન જો ફેરે—સ્નેહ.
રામ રટણ, નીત્ય શુક કરે પણ પીંજર બન્ધન કર્મે રે
યોગ રોગ સમ, જ્ઞાન વિનારે, સમજ સમજ જરા મર્મે રે—સ્નેહ.
જ્ઞાનજ સુનું, સ્નેહ વિનારે જ્યમ દીપક વીણ અન્ધારૂ
પ્રકટાવ જ્યોતિ, સ્નેહ તણીએ જો ઇચ્છે મોક્ષ ચારૂ—સ્નેહ.
મ્હેતા કહે બીમ, મમત્વ મુકો ના સરે અર્થજ એથી
સ્નેહજ ધારો, ને જટા ઉતારો, શ્રીહરી ચર્ણો ચહેથી—સ્નેહ.

આશાવરી ૩૮

મ્હેતાજી મનમાં વીચારો, શું જાઓ સ્નેહ સાગર વહયા
મદ મત્સર અહંકાર માયા સન્સાર સાગર તીરે રહયા— મ્હેતા.
કામ ક્રોધને કપટે લોભે, તત્વ સર્વ ને ખોયું રે
મીથ્યા માયામાં રહો મ્હાલી શું દેખી મનડું મોહ્યું રે — મ્હેતા.
ભગ્વાં માંહી ગુણ ઘણેરા, શું સમજે નવ ગમાર રે
આધી બાધીને ઉપાધી, ભગ્વાં શું લાચાર રે— મ્હેતા.

જ્ઞાન વિના ત્હને મન્ત્ર કોણ આપે, છે માટે કહું ત્હને વારી રે
વારી વારી શું સ્નેહનું સ્થાપન, જગ પ્રતી કરે પોકારી રે—મ્હેતા.
ભીમ ભણે ચતુર્થ આશ્રમ સેવો, છાંડો ગ્રહસ્થાશ્રમ રે
ત્યારે સ્નેહ તુજ કામજ આવે, નહીતો સૌ. નકામ રે— મ્હેતા.

મારૂ ૩૯

આશ્રમ ચારમાં નેતા સાધુ એતો આશ્રમ ચારમાં નેતા
ગૃહસ્થ તણો વ્યવહાર ત્યાંએ ત્હારેનો આધાર... સાધુ.
સરિતાઓ સાગર વિણુ ભ્રમતી લહે નવ કદી આરામ
સાગરમાં જઇ મળતાં વારી શાન્ત શાન્ત સુખ ધામ— સાધુ.
ઇષ્ટ વસ્તુ આપે સિધ્ધ થાએ પાંચ પદાર્થજ જેહ
ભગવાં ભારે સ્વપ્ન વત્ આશા છાંડો મમત્વનું ગૃહ— સાધુ.
પૂષ્ટ મનોબળ ત્યાં શી માયા કેમ લોપે મુજ પન્થ
આત્મ વિશ્વાસ નહિ તો કાર્યે કયાંથી શું કરે સિતા કન્થ— સાધુ.
રૂંડ જટાને મુકીને મનથી ધરો તિલક તુલશી માલા
સ્નેહ સરિત શુધ્ધ ભક્તિ રસમાં જપો, નીત્ય જીવન લાલા—સાધુ.
કૃષ્ણ ચંદ્રનું સરણજ ગ્રહેતાં ત્રીવિધિ તાપ નવ ત્રાવે
નરશૈયાંનાં સ્વામી કહે સાચુ નરહરિ નાચન્તો આવે— સાધુ.

સારંગ ૪૦

સૌ સૌને સ્થાનક છે નેતા ત્હારે એ સોહામણાં રે
મન મધુ કર મિથ્યા ખ ભ્રમતો ન્યુનાધિકનાં વારીણાં રે— સૌ.
જોતાં વેદ સ્મૃતિનાં પૃષ્ટે સેવન ત્હારે સુખદ દૃષ્ટે

મન તન પુષ્ટે હરી પદ અર્થે નહી મણાં રે — સૌ.
બ્રહ્મચર્ય અધ્યયનને કાજે તન મન પુષ્ટી બળ શીર સાજે
સેવન કરતાં ત્રાપ ત્રીવિધી ત્રાવે નહી કોડામણા રે— સૌ.
ગૃહસ્થ તણો વ્યવહારજ મ્હોટો પંચ પદાર્થજ અર્થે સ્હોતો
જકત વીકાસનાં અર્થ સેવી પન્થજ ગ્રહોને વન તણાં રે— સૌ.
વાનપ્રસ્થ વપુ ગૌરવ ગ્રહેવા ચિતિ ચન્દ્રને પ્રિતે જોવા
તરૂવર છાંયા સેવન રસવસ નવ મણા રે— સૌ.
સન્યસ્ત ધરવું જકત ઉપકારે સનાતન ધર્મ ને જઇ શન્ગારે
ગ્રામે ગ્રામ ભટકીને શીક્ષા દે જન વ્યય જીવન તણાં રે— સૌ.
માટે ત્યજી અભિમાની મમતા છોડ છોડ સૌ ગૃહને સુતા
ભીમ ભણે લે દણ્ડ કમણ્ડલ પાર્ષદ થાવા પ્રભુ તણાં રે— સૌ.

રાગ મારૂ ૪૧

હમો સ્નેહનાં સન્ગી રે અલ્યા હમો સ્નેહનાં સન્ગીરે
કૃષ્ણ ચન્દ્ર હૃદયમાં છુપાયો સ્નેહ શું માયા રન્ગી
હસ્તમાં હીરો ખોળું શાને દર્પણ માંહી અનંગી—અલ્યા.
આપ્ત સ્નેહીને કાજે વહાલે ભુતળ અવતાર લીધો
છોગાળોને છેલ છબિલો જેહ સ્મર ગામી થઇ સીધ્યો—અલ્યા.
યશોદા નન્દન કંશ નીકન્દન કષ્ટ વેળાનાં સહાયક
આવી સહાય કરી કંઇકિ વેળા મ્હારો સ્નેહિ વિઘ્ન
વિનાયક—અલ્યા.
રાધા વલ્લભ ગૌપી ત્યજીને મ્હારો હૃદયમાં સમાયો
દર્પણમાં પ્રતિ બિમ્બ વત્ મુકીને કયાં જઇ પકડું
સાહયો—અલ્યા.

સ્નેહ ત્યાં શામલીઓ વશે માટે આશ્રમ સ્ત્રાણ્યે નકામ
મ્હેતા કહે મનમાં વિચારો સ્નેહજ ત્યાં સુખધામ—અલ્ખ

રાગ આશાવરી ૪૨

નરશૈંઇ આશ્રમ કહે સન્યાસી બાવન માસ રહયો હું કાશી
આત્મ વિદ્યા મેં ત્યાંરે ઉપાસી તોયે મ્હને મલ્યા ન અવિનાશી—નર
બ્હોતેર માસ પ્રયાગમાં હુંથી કશું અન્જાણું નથી
બાવાશો વર્ષ રહયો મથુરામાં ગોવિન્દજી દીઠા નથી— નર.
પંચાણુ વર્ષ રહયો નિમિષારણ્ય તપમાં કાંઈ ઓછું નથી
હુમો સરખાને સ્વપ્ને ન આવે તો ત્હને હાર આપવો નથી—નર.
આ મ્હારેને સાસરે વોળાવો ત્હારી પત તે જાશે ખરી
નરશૈંહ આશ્રમ કહે સન્યાસી પછી બેસી રહે સન્મે હરી—નર.

ચાલુ ૪૩

રહેરે ભગવાં લવલવ કરતો ભલો હોય તો ત્યાંથી જા
રળતાં ત્હારે સ્હોરેજ ઉડયો ટાહાડી ખોરી બાખર ખા—રહેરે.
અદેખાઇ કરતો રહેરે ટેટા ત્યાંથી ઉડીને દુર જા
ઓ પેલા છે વડનાં ટેટા ભાવે તેટલાં વીણી ખા— રહેરે.
ખાલી ખટપટ કીધી ભારી સ્નેહ વિના સ્વપ્ને પણ ના
જપ તપ તિર્થે કૃષ્ણ ભર્યાં નહી વિના સ્નેહ પણ ત્હેની ના—રહેરે.
જોતું શ્રેય પોતાનું વાંચ્છે સુન્દર સ્યામ છબીલો ગા
ભણે નરશૈયો કહ્યું કર મ્હારૂં માળા ધરીને વૈષ્ણવ થા—રહેરે.

ચાલુ ૪૪

ચુપ રહે મુજી માળા બાળ તુજ જોતાં સુદ્ધ કપટી સહી
ઉભું તિલકને માળા મુદ્રા તે બ્રાહ્મણે ધરવાં નહી— ચુપ.
નામાક્ષર કહાડી જોવડાવો સ્મૃતિ વેદ પુરાણેરે
માળા મણુકા તિલક મુદ્રા જે વારે વારે મુખ આણેરે—ચુપ.
આદ્ય મધ્યને અન્ત દેખાડો અહેમાં કહું કયો ઠામરે
પોતાનો ધર્મ ત્યજીને ભુણ્ડા લે છે હરીનું નામરે— ચુપ.
ઘેલો રાજા ને તુયે ઘેલો બેઊએ બન્યા ન કામરે
મુકુન્દાશ્રમ ભણે સન્યાસી રહેવા દે ત્હારો સુન્દર શ્યામરે—ચુપ.

ઝુલણા છંદ ૪૫

લંપટી કુડ કપટી તું જન્મ જુઠો સદા.
જે દિનદયાળનું નવ સરણુ ચાહે
હીણુ તે દીન તે ચોરપે ચાડીઓ
જે હરિ પદ થકી વિમુખ વાહે. લમ્પટિ.
ઇન્દ્ર વારિણા સમ તું સન્ત સદાનો રહ્યો
બોળનાર ધર્મનો મુણ્ડ માતો
તુજ થકી વેગળા રામ રૂઠયા ફરે
બુધ્ધિ હિણુ વેષને રન્ગ રાતો. લમ્પટિ.
હરિજન સાથે તું હાસ્ય હોઠે કરે
વેણુ ઓછું વદે દુરાચારી
ભણે નરસૈયો હરી હાર મ્હને આપશે
કુબુધ્ધિ નર્ક ગતી કોણુ ત્હારી. લમ્પટિ.

રાગ રામશ્રી ૪૬

શ્રી રામનું લીધે નામ જેથી ભવ છુટીએ રે
ત્હારા કૃષ્ણથી સરે ન કામ મિથ્યા તાલ કુટિએ રે. શ્રી.
રામનું નામ નામ દેવે લીધું મૃત સજીવન કીધી ગાય
નિર્મળ નામ શ્રી રામજીનું જપતાં પ્રાયશ્ચિત જાય. શ્રી.
સીતા સ્વામીને અન્તરયામી ઘટ ઘટ જેહનો વાસ
કટ પટ ભુરડા કહે રઘુનાથજી નિન્દે શ્રી અવિનાશ. શ્રી.

ચાલુ ૪૭

ત્હારો રહેવા દે ભજ્યાં રામ હમો નવ માનીયે રે
ત્હેનું અન્ત વેળા છે કામ મર્મ પયચ્છાનીએ રે. ત્હારો.
કેશ પળે ને નયનાં ગળે જ્યારે શ્રવણે સુણતા રહીએ
લલુતા વાધે સ્વાનની પેરે ત્યારે રામને સ્મરીએ રે. ત્હારો.
તું જન્મનો યોગીને કુટુમ્બ વિરોધી ખોઇ બેઠો ધણીઆણી
રન્ગીલો છબીલો ને છોગાળો તે નરશીંહ નાગરની વાણી. ત્હારો.

રાગ સોરઠ ૪૮

રહે રે ગુણવન્ત નાગરા હરી શું ના કીજે ગર્વ
હઠ કરે હરી હાર આપે નહી ત્હેં સુકૃત્ય ખોયું સર્વ. રહે રે.
હઠ કરે દાનવ પદવી પામે તે રહે થોડા કાળ
તપ બળે સૌ તાપ ટળે દર્શન દે ગોપાળ. રહે રે.
હીરણ્યા કસ્યપુ રાવણ વર પામ્યા કન્સ ને કાળ યવન
અલક્ષ્ય પુરૂષ શું અટક નહી રે માર ને મમતા મન. રહે રે.

વ્હાલાજી લાજ રાખે ત્હારી જોતું ભજે જ્ય ત્યમ
અટપટિ ગતી છે ગોપાલ કેરી એમ કહે અકૃતા શ્રમ. રહે રે.

રાગ ખટ ૪૯

મ્હારે ત્હારા નામનો આશરો રે તું વિના કોણ કરે સ્હાય
દિનાનાથ ઓ દિન દામોદરા અવસર સાચવ લાગું પાય. મ્હારે.
ભક્તની લાજ રાખી ત્હેં સર્વદા વત્સલતાથી તું પૂર્ણ
ત્હારે કોટિક સેવક શામળા મ્હારે તો એક ત્હારૂં શર્ણ. મ્હારે.
મણ્ડલીક મદ વાધ્યો ઘણો કેમ સહો ત્રીભુવનનાથ
પ્રાતઃ થાતાં જીવન પરવર્યું આવી મુકો નરશીંહ શીરે હાથ. મ્હારે.

રાગ મારૂ ૫૦

અલ્યા ત્હને હાર ન આપે રે હરી ત્હને હાર ન આપે રે
કાલાવાલા શું કરે છે સન્યાસી શ્રાપે રે— હરી ત્હને.
ભક્તી વિના તું ભુલ્યો ભ્રમે રે મર્મ ન જાણે કાંઇ
પરનારી શું પ્રિતજ ત્હારે સ્નેહે દે છે શાંઇ રે— હરી ત્હને.
પરીબ્રહ્મ શું પ્રિતી નાં કીધી જીવ જન્જાળે વાહ્યો
જીવન વ્યય ત્હેં વ્યર્થજ કીધો હવે ઠુંકડે સાહ્યો—હરી ત્હને.
આદ્ય મધ્યને અન્તમાં વ્યાપક અખંડ એક અવીનાશી
તે શું ત્હારે પ્રિતી નહીતો જાને અત્રથી ન્હાશી— હરી ત્હને.
રામ વીના ત્હેં રમતજ માંડી મન જાણ્યું સર્વે સાચું
ભીમ ભણે હરી હૈડે ન નીરખ્યા જીવન ત્હારૂં કાચું—હરી ત્હને.

ચાલુ ૫૧

શ્રાપ ન લાગે રે અલ્યા મ્હને શ્રાપ ન લાગે રે
જો તું મન વિમાશી દુર્વાશા ભાગે રે— અલ્યા મ્હને.
અવતાર દશનો આપ અમ્બરિષને રૂષિએ દીધો મ્હા મોઠો
ચક્ર સુદર્શન પાછલ ધાતાં કેવો જાય છે ન્હાઠો— અલ્યા મ્હને.
શીવ બ્રહ્માદીક જેહને સ્મરે એહવા ભકત વત્શલ ભગ્વાન
લગ્નારે લાગી તેશું મુજને ત્હેં તો ગુમાવી સુખ્ય ને સાન—અલ્યા મ્હને.
કરૂણા નન્દન નન્દનો નન્દન આનન્દ કન્દ વિહારી
વેગે વળશે ને હારજ દેશે ભકત વત્શલ મોરારી—અલ્યા મ્હને.
ભીમડા ભુલ્યો તું મદમાં ફુલ્યો ત્હને એ પ્રજ્ઞા કયાંથી
ભણે નરશેંગો ખોયું ત્હેં સર્વે ત્હારી અહંપદ ભાથી—અલ્યા મ્હને

ચાલુ ૫૨

હાર વિચારે જડશે અલ્યા ત્હને હાર વિચારે જડશે
જ્ઞાન વિના તું મદમાં મ્હાલ્યો જેથી વિપદ પડશે— અલ્યા.
કાયા ત્હારી પટકુલે શૃન્ગારી ઝીણાં જામા ને પટકા
નારી નીર્ખી નેત્રો ચલાવો કરી હાથનાં લટકા— અલ્યા.
નગ્નીવાશી મોહી રહ્યા તું લમ્પટ દમ્ભ વેશધારી
સુન્દરી કણ્ઠે બાંહ્ય આરોપી નાચન્ત સન્ગ પરનારી—અલ્યા.
કાલાવાલા શું માંડયા છે કરવા કયાં છુપાઇ છબીલો પેઠો
અદભુતાશ્રમ કહે રાજ્ય સભામાં ગર્વ ધરીને શું બેઠો—અલ્યા,

આશાવરી ૫૩

હું તો ત્હારે ભરોષે વળગ્યો રે વૈશ્નવ સન્ગે શું થાયે અળગો

મણ્ડલીક મુજને મારશેરે ગોકુળમાં કેમ રહેવાશે
મ્હારે તો કાંઇ જાન નથીરે બઇ તે ત્હારૂં જાશે— હું તો.
પ્રહલાદથી હીરણ્યા કશ્યપુ હાર્યો અમ્બરિષથી દુર્વાશારે
નરસૈયાથી મદઘેલા હારે મ્હને છે ત્હારી આશારે— હું તો.

રાગ સોરઠ ૫૪

હઠ લીધે અર્થ નવ થાયે રે નાગરારે
અષ્ટ માસ પપૈયા ટળવળે પણ મેઘ પાણી નાં પાયેરે.—નાગરારે.
સત્ય વીના કેમ શ્રીહરી સહાયક જુઠી ત્હમારી પ્રીતીરે
આફણીએ હરીહારજ આપે જો હોય યોગ સાધનની રીતી રે-નાગરારે.
ઇન્દ્રી નીરોધો ને આત્મ શોધો ઘટઘટ માંહી પેખોરે
ભીમ ભારતિ કહે નરસૈયા યોગી થાઓ તો દેખોરે— નાગરારે.

રાગ મારૂ. ૫૫

ભોગીર હમો ભોગી અલ્યા હમો ભોગીરે ભોગી
જેહનું પૂર્ણજ પાપજ પ્રકટે થાય તે જન્મનો યોગી—અલ્યા.
જટા વધારે જુગ્દીશ મળે તો વડવાઇ વૈકુણ્ઠ ચાલે
દણ્ડ ધરે દિનાનાથ મળે તો અન્ધ લાકડીઓ ઝાલે—અલ્યા.
ભસ્મ ચોળે ભગ્વાન મળે તો ગર્ધવ ક્ષારમાં લોટે
દણ્ડવતે જો દામોદર મળે તો સર્પ ભુમી શું ભેટે— અલ્યા.
જન્ગોટા કછોટાને કન્થા ગોદડીએ સન્ખ ને શીન્ગી ફુંકો
ભણે નરસૈયો પ્રિતીના જાણો તો વ્હડવું વાદને મુકો—અલ્યા.

ચાલુ. ૫૬

રજની રહી છે થોડી નાગરા રજની રહી છે થોડી
સ્નેહ દીઠો ત્હારા શામલીઆનો કેમ ન આવ્યો દોડી—નાગરા.
સોરઠ સર્વે જોવા મલ્યું છે કાંઇએ અર્થ નવ શીખ્યો
હજી આશા ત્હને હાર જડ્યાની આશાનો ઘુંટડો પીધો —નાગરા.
પાયે લાગો સન્યાસીને માળા મુકો ઉતારી
મ્હેતા મોતજ શું લ્યો માંગી કહે શ્રીધર બ્રહ્મચારી— નાગરા.

ચાલુ. ૫૭

જીવને સાટેરે માળા મ્હારી જીવને સાટેરે
છોડું કયા અર્થને માટે રે માળા મ્હારી જીવને સાટેરે.
ઉગ્ર તપે હું માળા પામ્યો તે કેમ મુકી જાય
જો નરશૈયો માળા મુકે તો ત્રીલોક્ય પ્રલય થાય— માળા.
નવશો નવ્વાણું સરિતા સન્ગે સાગર સાતે સુકે
મેરૂ ચળે રવી પશ્ચિમ ઉગે તોયે નરશૈયો માળા ન મુકે—માળા.
ત્હમો યોગી સર્વે વૈશ્નવ થાઓ મુજ પુઠે તાલ વગાડો
ભણે નરસૈયો યોગ ધરીને જન્મ શાને વણુશાડો— માળા.

ચાલુ. ૫૮

મનની રાખોરે માળા તો મનની રાખોરે
તુળશી કાસ્ટમાં ભાર ઘણો છે કહાડી નાંખોરે— માળા તો.
ઉજુ તિલક શું ધારો લલાટે મન આનન્દ પમાડો

સ્વયં બ્રહ્મને બેઠા ગાઓ એ મિથ્યા તાલ વગાડો—માળા તો.
આત્મ વિચાર વિના અર્થ સરે નહી દુર્લભ મળવા રામ
વિશ્વમ્ભર આશ્રમ કહે નરસૈયા નાચ્યાનું નથી કામ—માળા તો.

રામકળી. ૫૯

વૈશ્નવપણાંમાં ભાર યોગીડા છે ઘણોરે
મન માળાએ હરીનું નામ જે હોય ગુંગણોરે— વૈશ્નવ.
હમો વિરલ હરીનાં જન પ્રકટ ગુણ ગાઇએરે
પ્રેમે કરતાં હરી રસ પાન સ્હામાને પાઇએરે— વૈશ્નવ.
અલ્યા ગોરીનો નવ ધર્મ જે એકાન્તે ભજીએરે
હમો નાચીને કરીએ ગાન લજ્જાને ત્યજીએરે— વૈશ્નવ.
આગળ નીકળવું સરીઆમ પ્રકટ ખોંખારીરે
જ્ઞાતિકુળને લોકાચાર સર્વે વિસારીરે— વૈશ્નવ.
નથી જેને વ્યાપક રામ નેત્ર ફટકારીનેરે
તેને લાગી નથી એ પ્રીત જે પ્રેમ કટારીનારે— વૈશ્નવ.
લટકાળો છબીલો નાથ રંગ ભેર ભણીએરે
નરશૈયો કહે મણ્ડલીકને તૃણવત્ ગણીએરે— વૈશ્નવ.

સોરઠ ૬૦

રાયે કોપે તે ચક્ષુ ચ્હડાવી રે વાત કરતાં વધની જ્વાળા આવી રે
ખડ્ગ લઇને ઉઠયો ભુપાળ રે મુખે ભણતોરે બહુ આળ રે.— રાયે.
રાજ્ય માતાએ વાતજ જાણી રે આવી સભા મધ્યે વદે વાણી રે
રીસ ન કીજે પુત્ર વિચારીએ રે ભક્ત બ્રાહ્મણને કેમ મારીએ રે.—રાયે.

મર્મ તું ના જાણે વૈષ્ણવ પન્થનો રે નરસૈંયો તે કમળા કન્થનોરે
હરીજન પીડે પીડાએ હરી મ્હેતાને મનાવો વિનતી કરી રે.--રાયે.
મણ્ડળીક બોલે હવે મ્હેલું નહીં રે ભકતી જોઉં રજની થોડી રહી રે
હરીજન સાથે હોડ કીજે નહીં રે હરીજન સમો વળી કો નહીં રે--રાયે.
માતાએ એમ ક્રોધ સમાવીઆ રે રાય સીંહાસન પર સોહાવ્યો રે
માતા મન્દીરમાં ગઇ પાછી ફરી રે ચર્ચા રસ ભર પાછી ઉભરીરે. -
રાયે.

રાગ ખટ ૬૧

દેવા અમચી વ્હાર કાં બીદલ હોઇલા દેવા આપુલા ભકત કાં વિસર
ગયલા
ધ્રુ અમ્બરિષ પ્રલ્હાદ વિભિક્ષણ નામાચે હાથન્તે દુધ પીલા. દેવા.
મલેચ્છ માટે કબીર ઉધાર્યો નામાચા છાપરા હાથે છાંઇ
જય દેવને પદમાવતિ આપી હું નાગર માટે શું મુકયો વાહી. દેવા.
હમો ખળભગતા તમો ખળભગશો વૈકુણ્ઠથી વેગે હેઠા પડશો
વ્રન્દાવ્રન્દમાં રાધીકા સન્ગે મ્હને તરછોડી શું વિનોદે વળશો. દેવા.
જો રાય મણ્ડલીક મારશે મુજને ભીન્જશે ધુળ શી હાની થાશે
ભકતી કરતાં કહેશે નરસૈંયો મારીઓ ભકત વત્સલ ત્હારૂ બદ જાશે.
દેવા.

મારૂ ૬૨

હાર મન્ગાવોરે મ્હેતા હવે હાર મન્ગાવોરે
સુતા શામળીઆને જગાવોરે મ્હેતા હવે.
ક્રોધે ભર્યો પ્રધાનજ બોલે મ્હેતાનું માન ઉતાર્યું રે

વાતો કરતાં થઇ ઘડી વારજ એ પેલું હારનું પુષ્પજ
આવ્યું રે—હેતા હવે.
આ સન્યાસી સૌ કોઇ નમે તુજને છોડ પ્રીતિ પરનારી
વૈશ્નવ થઇને આમ વણશાડયું કયાં સુતો કુંજ વિહારી
મ્હેતા હવે.
મણ્ડલીક કોપ્યો શીર પર ભારી શીરપર આવ્યું મર્ણ
લોક હશારત હવડાં થાશે લમ્પટ જા સન્યાસી સર્ણ
મ્હેતા હવે.

દેશ ૬૩

શું સુતો સ્હોડ તાણીરે શામળીઆ વ્હાલા શું સુતો સ્હોડ તાણી
મેં તો ત્હારા મનની દુભણ કાંઇ નવ જાણી રે શામળીઆ
ગોવાળ સન્ગે શોભીએરે દેવા તું જુગ્દીશ
કીડી ઉપર આ કટક ન સોહે હું રંક ઉપર શી રીશ શામળીઆ
વૃન્દા વૃન્દની શીતળ છાંયા યમુનાત્રટ ધીર સમિર
રાધીકાજી તુજ ચર્ણ તળાશે ઉધ્યોત સ્યામ શરિર શામળીઆ
જેમ જાગ્યો તું દ્રુપતિ કાજે હસ્તિની કીધી વ્હાર
જરા સન્ગ જીતીને રાય મુકાવ્યા ભકતો વીશ હજાર શામળીઆ
સત્યભામાને કાજે લાવ્યા પારીજાતિકનું ઝાડ
નરશૈયાને હારજ દેતાં આવડો કયાંથી ચ્હેડે પાડ શામળીઆ

ચાલુ ૬૪

ત્હારી વ્હારે સુંતોરે સામળીઓ ત્હારી વ્હારે સુતોરે
તું તો માયા સંગે મમાલ્યો વિષય રસમાં ખુટયો રે —શામળીઓ

જ્યાં વિષય ત્યાં વિષ્ણું નહીરે એમ વદે વેદ પુરાણુ
વૈરાગ્ય ત્યજીને વિષયા ગાયે તે પુરૂષપે પાષાણુ— શામળીઆ.
શીવ શનકાદિક દેવ મુનીવર નીશ દીન લેજે રે નામ
ત્હારી પેઠે કોઇએ નવ ગાયો છેલ છબીલો શ્યામ— શામળીઆ.
નારાયણને નીન્દ્રા શાની ભુણ્ડા મન જો તું વિચારી
પાડ સાદ ત્હારો હરી સુતો છે કહે શ્રીધર બ્રહ્મચારી શામળીઆ.

ઝુલણા છન્દ. ૬૫

સદા દયાશીલ તું દીન દામોદરા આ દિનાનાથ જોને વિચારી
ચર્ણનાં સર્ણ આવ્યો કૃપાનાથ હું લ્યો રે ગોપાલ સમ્ભાળ મ્હારી—સદા.
દેવનાં દેવ શુણ દેવકી બાળકા વિશ્વપાળક એહવું બર્દ ત્હારે
જેમ જાણો મન તેમ કરો ત્રિકમા અવર કો અધિપતિ નહીરે મ્હારે—
સદા.

જો મ્હારા કર્મોને ભાળવીશ ભુધરા પતિત પાવન ત્હારૂં બર્દ જાશે
છાંડતા તો નથી છુટવું શામળા છાંડશો તો ઉપહાસ્ય થાશે— સદા.
દુષ્ટ ભાવે થકી ત્હેં હણી પુતનાં યમદુતનાં પન્થથી ત્હેં નિવારી
ગાત્રકી નાર કિર્ત્તન થકી ઉધ્ધરી એમ કોને કરી કહું મોરારી—સદા.
નામથી દ્રુપતિ અમ્બર પુરીઆં ધ્રુપદ પામીઓ અચળ આગે .
તેમ ત્હારા નામનો નરશૈયો જપ કરે રાખ સરણે ત્હને લાજ લાગે—
સદા.

રામકળી. ૬૬

કોકટ કરવી આસ ભાર ભાંગી ગયોરે
સ્નેહ તહમારો સર્વે દીઠો ઉઠોને વ્હાણુ વાયે
કાલાવાલા એ કૃષ્ણજી ત્હારો ના કરે આવી સ્હાયે— ભાર.

ઞાલે પાયે બીન્ત ન્હડે નહી રે જુડી ત્હમારી પ્રીત
નાચે કુદે ને તાલ વગાડે ન હોય યોગ સાધનની રીત— ભાર.
ભારી છોડાને પાલ્લવ ઓઢો વળી જોડો બેઉ હાથ
વિશ્વમ્ભર આશ્રમ કહે નરશૈઆ ફરી ફરી કહો રઘુનાથ—ભાર.

મારૂ. ૬૭

હાડ ન જાયેરે મ્હારો હરી હાડ ન જાયેરે
ભક્તજનને સ્હાયજ કરવા અણુ અળગો નવ થાયે—મ્હારો.
જ્યાં વિશ્વાસ ત્યાં વિશ્વમ્ભર પ્રીત ન હોયે ખોટીરે
વૈશ્નવ માર્ગ વિના ગોથાં ખાયે તમ સરખા કાંઇ કોટીરે—મ્હારો.
નાચે શંકર નાચે નારદ નાચે નીગમ ચાર
શાસ્ત્ર ત્હમારાં ઢાંકી મુકો હરજી આપશે હાર— મ્હારો.
સાંકળ વછુટે ને તાળું રે ત્રુટે મથુરામાં જયમ કીધું
ભણે નરશીયો દરશન દેશે જેમ દેવકીને દીધું— મ્હારો.

ચાલુ ૬૮

મુકો લીધી વાત મ્હેતાજી મુકો લીધી વાત
કશ્યપ સુત ઉદ્યાચળ ઉગશે હમણાં થાશે પ્રભાત— મ્હેતાજી.
નૃત્ય કરી કરી ચર્ણેરે થાકયા ને તાલ વગાડી હાથ
સુણુ ગાઇ ગાઇને રસના થઇ વાંકી નવ આવ્યો ગોકુળનાથ—મ્હેતાજી.
સોરઠ સર્વેને આજ્ઞારે આપો સૌ સૌને મન્દીર જાય
વાસુદેવ આશ્રમ કહે તો જ્યો લાગો શ્રીપાલને પાય—મ્હેતાજી.

ચાલુ ૬૯

ન હોએ એ પાખણ્ડ ભગવાં ન હોએ ગો પાખણ્ડ
હર આપ્યા વિના નરશૈયાને રચી ન શકે મેરૂ દણ્ડ
ના આચરૂં હું કિર્તન કરતો જો ભાંગી પડે બ્રહ્માણ્ડ—ભગવાં.
હરી ગુણ ગાતાં જો સુર મ્હારો એસે તો રસના કરૂં સતખણ્ડ
શ્યામીલાને મુકીને તહમને નમુ રે તે પેપાકું મ્હારૂં પીણ્ડ—ભગવાં.

ગુણાણુ છન્દ ૭૦

લમ્પટિ કુડ કપટિ તું કહાવે સદા બોલ વિચારી વિવેક વાત
પટ શાસ્ત્ર વેદની વાત જાણે નહીં ભ્રષ્ટ બ્રાહ્મણ થયો
શુદ્ર જાત—લમ્પટિ.
ધુર્તને ધુર્તપણું આચરે નાગરા આપ દેખાડ વૈશ્નવ થાઓ
નાગરી ન્યાતમાં અધિક લટકાં કરો એણીપેર શામળા સર્વે
જાઓ—લમ્પટિ.
મમતા લાગી ઘણી શ્યામાઓ તણી સ્નેહ રસાયણ યોગ કહાવે
ભીમ ભણે અરે સાંભળો નરશૈયા એ ચાલ ત્રીલોકયમાં કોણ
લાવે—લમ્પટિ.

ચાલુ ૭૧

દેવ ભકતનો દાશ તું વિષ્ણુ કહાવે સદા કાગનું દાન કન્સાર ભાવે
વિપ્ર સુદામાને નવનિધ આપીયું તો હું રે આળશે શે ન આવે—દેવ.
શાને કૃપણ થયો જાણતો શે નથી સદરે સેવક જન પ્રતીરે પાળ
ન્હાશીને ખુણે જઇ પેઠા શું શ્રી હરી કેશી કન્સ કાળીયવન
કાળ—દેવ.

શીશુપાળ જરાસન્ગ મદાન્ધ નરકાસુર તેહ તણું બળમાન મોડયાં
પુતના અગાસુરને વ્યોમ બકાસુર વૈર ભાવે ત્હેના બન્ધ છોડયાં—દેવ.
ભક્તિ ભાવે જેણે તું રે ઉપાશીઓ ગર્ભવાસ ત્હેનેરે નારે આવે
ભણે નરશૈયો હું ભાવ હેત વર્ણવું રખે હ્રદયના નાથ મ્હને
ટળવાવે—દેવ.

બીલાવર. ૭૨

કામી કપટીરે સુખ્યો લણ્ડ શું માંડી બેઠો પાખણ્ડ
તું બકતો વૈકુણ્ઠ મહારાજ તે હમને દેખાડો આજ—કામી.
હરી ભકતી વિના ભુલ્યો ભમે શા માટે શ્યામાઓ દમે
કુરી ભકિત કોઇ એ નવ લહે મુકુન્દેશ્વર એણીપર કહે—કામી.

સોહાગ. ૭૩

શ્રી મદમાતો શ્રીધરા તુને ભકત આપુલા વિસર્યાં
ભય ત્રાપ નિવારણ ત્રિકમા હેતું નામ ત્હારૂં ત્રીલોકયમાં
તું ભવ દુઃખ ભજન્ન ભુધરા તું લમ્પટ થયો લક્ષ્મીવરા—શ્રી.
સાહય કરો મ્હારા શામળા મ્હને હાર આપો મુકી આમળા
એમ કહે નરશૈયો કરગરી નિષ્ઠુરના થઇએ નરહરી— શ્રી.

માલકોશ. ૭૪

સમજ મન સમજતું સમજ રે જરી
કલંક દિધે હાર ન આપે હરી— સમજ.
પરમ પદ અર્થે કરતું દેહ દમન
ત્યજી મોહ માયા ને કાયા જતન— સનજ.

પલક દર્શન તણો કાર્ય વ્યવહાર
પૂના થાશે દૃગન્તે એ સ્નેહનો સાર— સમજ.
રામાનંદ રટ નામ સન્યાસી વદે
ચેત ચેત તું ચેત મ્હેતા ધર હૃદયે— સમજ.

ચાલુ ૭૫

ભરેલો ઠરેલો છબીલો વિહારી
કંઠ સુધી વ્હાલો વપુનો વિકારી— ભરેલો.
સ્નેહ સોહાવે કાયાનું કલ્યાણ
વિના સન્ગ એથી લહે નવ આણ— ભરેલો.
સ્નેહમાં તન્ત્રે વપુ આ બન્ધાણુ
ઇપ્શિત્ આનંદ સ્નેહ રસ ખાણુ— ભરેલો.
સ્નેહે કલંક ન સોહે કદી
દમે દેહ ભ્રમણા મરે શીદ મથી— ભરેલો.
નરશીંહનાં સ્વામી એક સ્નેહે સધાય
મમત્વને મુકીને સ્મરરે જગરાય— ભરેલો.

આશાવરી. ૭૬

પરમ ધામ પામવાનું એતો કાંઇએ ના વિચારે રે
કહ્યું કર્યું કોઇનું ના માને હાર મરે પણ હારે રે— પરમ.
કાલાવાલા માંગ્યા કરવા તો નવ જાણ્યું શું ક્હેવું રે
નરહરી સન્ગે સ્નેહે નહિતો કરગરવું એ દોહેલું રે— પરમ.

જ્ઞાન વિના મદમાં વહી જાઇને વિષયે મોક્ષ સહાલ્યોરે
ભીમ ભણે હવે છુટરો સાચે સાહી સાંકળે ઘાલ્યો રે— પરમ.

લાવણી. ૭૭

શું સુતો કૃષ્ણ કાળા વ્હાલા વિનતડી અવધાર
સામળા સુન્દર સ્નેહ શૃન્ગાર, દઇને કણ્ઠ કુશુમનો હાર
આ ભગ્વાં ભણુતાં આળ પમ્પાળરે વ્હાલા— વિનતડી
મદ ઘેલોરે મણ્ડલીક રાય, આનુ અગ્નિ મળ્યાં ભગ્વાંય
હરી ન્યુનતા ત્હારી નિહાળરે વ્હાલા— વિનતડી.
ધર્મ તણો એ મર્મ ના જાણે ગાડરાંવત્ ગમાર
લોકને પન્થે બીજો પળતો સર્મતી મારામાર
વૃથા મુણ્ડાવિ શીરનારે કેશ ભગ્વાં રંગે લયારે વેગેશ
નરસીંહનાં સ્વામી હ્રદયે ના રમેશરે વ્હાલા— વિનતડી.

કાલીંગડો. ૭૮

દામ્ભીક દમ્ભમાં ડુલ્યોરે મમત્વે ખોયું સર્વરે
ચૈતન્ય જાઇને છવાયું રે મોહમાયાને ગર્વ રે— દાંમ્ભીક.
ભીમે વૈરાગી નરસીંહ સોહાગી કેમે હાર્યો નવ જાય
ન્હાનાં મ્હોટાં સૌ બેઠા સભામાં મર્યાદા અરે લોપાય—દાંમ્ભીક.
નપ્પટ નિર્લજ નાગર કહાવે ઉઠી શે નવ જાય
કો છે રે સન્યાસી બળધારી લઇ મ્હેતાને દુર જાય—દાંમ્ભીક.
ટટી જાતને લેઇ લાગી કાં અનર્થ આવડો કીધો
રામાનંદ સન્યાસી એવે પેરે વદતા મરઠ કરી કેમ
નવ લીધો—દાંમ્ભીક.

રાગ બીભાસ. ૭૯

વિષ્ણુ જેવો, ત્હેવો, પણ ત્હારો, મ્હને પાર ઉતારો
ભવસાગરમાં ભમતાં ભમતાં ભગ્યાં મકરનું [illegible]
વિકટ વમળે કોણ ઉગારો— મ્હને પાર.
વડવાનલના મકર પ્રચણ્ડ એહેવા [illegible]
આવી નાવર નાવ ઉગારો— મ્હને પાર.
વાલમ તું આધારજ મ્હારો વિનતડી પ્રીતે અવધારો
નરસિંહનાં સ્વામી તારો–યા–મારો— મ્હને પાર.

કાફી. ૮૦

મ્હેતા મુખ સમજાણુંજ ત્હારૂં મ્હેતા મુખ [illegible]
અન્તર ઊંડું છે જ્વાળ આપે ભસ્મ કરીશ તત્કાળ— મ્હેતા.
રજનીર સઘળી વહીને ગઇ પણ હરીર ત્હારો [illegible]
દામ્ભીકતામાં ન્યુનતા રહી સત્ય જીવન ગરવાયું [illegible]— મ્હેતા.
[illegible] અમે મ્હારે વેદ હૈયે વસે નવ [illegible]
તિર્થ ફર્યો કોટી ત્રણ ઉમેદ નીરખ્યા નહી ત્હારા ધર્મભેદ–મ્હેતા.
તોયે દર્શન શ્રીનું સ્વપ્ને નથી મિથ્યા લબાડ શું જાયે ફરી
મુકુન્દ સરસ્વતિ મરે શિદ મથી એમાં ત્હારૂં [illegible]–મ્હેતા.

મ્હાડ. ૮૧

બાદિલા બેગે આવીરે દયા દિલ લાવીરે
બીડજ મ્હારી ભાંગવારે— બાદિલા.

નહી આવો તો છાનાં ઉઘાડું બધાં છિદ્રઃ બીડું
બે માના બે બાપનાંરે નફ્ફટ નીર્લજ બાળ
દધી માખણના ચોરટા રે કન્શ તણા હો કાળ— બાદિલા.
કોડિનું કિમતિ સુતરજ કાચું ફુલડાં કેની માળ
ત્હેમાં મીરાબાઇને જાત ત્હેં ત્હારી દેખાડી દીધી ગોવાળ—બાદિલા.

ચાલુ ૮૨

આચાનાં પાસ તણાઇ વહયો જાય આચાનાં પાસ તણાઇ
મિથ્યા ભ્રમણા વસી વપુ માંહે— વહયો જાય.
સચરાચર વિભુ વિશ્વમાં વ્યાપક એ વિણ હાલો ના ઠામ
દોડીને આવે ને મુખ છુપાવે એ અજ્ઞાન તિમિર તમામ—વહયો જાય.
મૃગલી ગાનમાં ભાન ભુલે જયમ દિપક સન્ગ પતન્ગ
ક્ષુદ્ર સ્નેહ વિકારે વિસ્મરે જીવન પતન્ગ રન્ગ— વહયો જાય.
ચેત ચેત મ્હેતા અન્તરમાં જ્ઞાન દિપક પ્રકટાવ
ભીમ ભણે લોપી વેદ પ્રણાલી અન્તરમાં અલખ જગાવ—વહયો જાય.

લાવણ્યમયી. ૮૩

અરે બક ધ્યાની બકવા છોડ મનમાં રહેશે મનમાં કોડ
રૂચે કેમ આસ જે ધારી વિના સ્નેહ શુદ્ધનાં વારી— અરે.
ધર્યાં ભગ્વાં વિના જ્ઞાને ધર્યો કાં દણ્ડ કર શાને
લીધી કોપીન શું કરવાને જો હતો નવ સ્નેહ સજવાને— અરે.
ભજે ભગવાન વિના સ્નેહે વૃથા ભકિત દહે દેહે
હતી નહીં સમ શું પ્રિતિ ધર્યાં આવેષ શું ચીન્તી— અરે.

અરે શુરડા મતિ ત્હારી ગઇ અજ્ઞાને ભ્હેર મારી
લ્હેરી નહી સ્નેહ તણી તનમાં વૃથા વસવું વિકટ વનમાં— અરે.
વૃથા તપવું આ તપ શું તન અરે ભજવાં કરીજે મનન
અખિલ વિશ્વનું જે તત્વ સકળ ધર્મ કેરૂં કહાવે સત્વ— અરે.
સ્નેહ વિકાર વિના સન્સાર ન ચાલે અર્ધ ક્ષણુ નીર્ધાર
અરે શુરડા જરી અવલોક નરસીંહ નાથ શું મન રોક -અરે

ચાલુ ૮૪

અરે નાદાન મુંજી સૈતાન વિના સમજે ના બક મા માન
અનર્થ કરતો શું મોદ ધરતો ફેરાવી અર્થ અનુસરતો— અરે.
કહવું પ્રજ્ઞા વિનાનો સ્નેહ વિના જ્ઞાને વપુનો મેહ
નહિ શુધ્ધ સ્નેહ તણું ખણ્ડન બકયો શું જાય સ્નેહ મણ્ડન—અરે.
મતિ ત્હારીને તું અવલોક જ્યમ જળ ઝાંઝવાનું ફોક
વહવાં જાય મૃગનાં થોકે થોક મરે ભટકી ના પામે કોક— અરે.
જ્યમ ચાત્રક ચિન્ત જઇ ચોંટયું ક્ષિતિ ચન્દ્રે સ્વાતિબિન્દુ
મળે નવ નીર ધરે કેમ ધીર વિના જ્ઞાને દહન્તો શરિર— અરે.
ત્યમજ તુજ ઢોન્ગ વિના જ્ઞાને સમજ મનમાં મરે શાને
આવાગમન ઇશ કુશુમ ક્ષિતિજ અપન્ગ તુજ તન અન્તર ભિતિજ—
અરે.

તો ક્યાંથી હાર મળે તુજને સમજ મનમાં મનન સજને
જો વાંચ્છે શ્રેય તો ત્યજને રટી નિત્ય રામ હ્રદય ભજને— અરે.
બજે બીમ બારતિ શુરડા ૮૭ દૈ ઢોન્ગ આ કુડા
સજી લે પન્થ રે શુડા રટી લે રામજી રૂડા— અરે.

અમાચ. ૮૫

મુંઆઈ મતિ દમ્ભમાં ક્ષિતિજ છવાયું
અહંકાર કેરા મેઘલા અહા માંહે છુપાયું— મુંઆઈ.
સત્વનાં જડે શોધતાં વૃથા ભગવાં અંગ ધારે
આવાગમન ઈશ નિન્દતાં ભારત મારતો ભારે— મુંઆઈ.
ઘટઘટમાં જો જ્ઞાન હોયતો શાસ્ત્રને અવલોક
આવીને સંકટ સમય કરી સ્હાય પૂજ્ય શ્લોક— મુંઆઈ.
સત્વ વસ્યું આપમાં અન્ય ઢોન્ગ ધતુરા
વાહ જ્ઞાનનાં અજ્ઞાન અર્થે દોષ મધુરા— મુંઆઈ.
ભાર હરી આપશે મ્હને છબીલો છોગાળો
મ્હેતા ભણે આ ભીમડા તું ક્યાં બને દહેલો— મુંઆઈ.

સોહયણી. ૮૬

યા ગુરૂ ત્હારે ભવજળ આગે ત્રાપ નિવારો સર્વદા
રોગી યોગ સાધો શો ભોગ ત્યાગો જો રોગ ન માગો [illegible]—યા.
સહસ્ત્રદળ પદ્મની રચના મન મધુકર જઈને છુપાય
સપ્ત ભુવનમાં ગતી અનેરી જે આનંદ વસતો મનમાંય— યા.
સત્વનાં સન્ગી યા અનુરન્ગી શાન્તીમાં મનકુ રમે
રૂકઝક છોડી માયા મોડી અરણ્યે કાં નહિ વિરમે— યા.
ભગવાં માંહી ગુચ્છુ ઘણેરા વૃથા વપુ ત્યાં નિન્દતો
ઇડા પિંગળામાં ભ્રમતો આ શું સુષુમ્ણા ફન્દ વન્દતો— યા.
ત્રીપુટી સ્નાને બ્રહ્મરંન્ધ્ર જ્ઞાને ત્રાપ ત્રિવિધી કાપતો
ભીમ ભણે મ્હોત ધ્યો છોડી બાહ્ય રન્ગે શું વ્યાપતો —યા.

[illegible]

અહં પદમાં ના વદ મદમાં જ્ઞાન વિના તું ભુલ્યો,
ક્યાંએ ઇશ ગતીરિ અનેરી ક્યાં પામર બળ હિણુતો— અહં.
ક્યા સચરાચર વ્યાપક વિભુ સિષ્ટી પ્રદાતા વિશ્વમાં
ક્યાં ગુણહિણું મન્મથ બીના બીંજ્યા વહે સર્વસ્વમાં— અહં.
ક્યાં કુંજર ક્યાં કણનાં આહારી ક્યાં તૃણ મેરુ એકયતા
અખીલ વિશ્વ બ્હલો ભુધર ક્યાં પામર અણુ વેકતા— અહં.
દરડી ડુલ્યો વિસમતા ભુલ્યો આહા હંસ બકો પથા
નરશૈયાનાં સ્વામી સન્ગે પીડેના અન્જેરે વ્યથા— અહં.

શીન્ધુગે. ૮૮

વૃથા વપુના ગુમાવીશ અન્તર જ્ઞાન વિના
મર્મ લક્ષા વિણ ધર્મ ગૃહ્યા શાનો
પ્રેરક મનશા વાચ્યા હોંગી ધ્યાન વિના— વૃથા.
સમ વિસમતા જો ત્હેં વિલોકી
અન્તર પટ તોએ જ્ઞાને ન ખોલી
કાર્યો તણાં ફળ અર્થે અકળ કળાએ
ભક્તિ વશમા જન પદ મોહ માયાને રોકી
વધ આગળ આગળ ગ્રહેવા બ્રહ્મજ્ઞાન બીનાં— વૃથા.
કર્મો કરતાં જીવ શીવ થાએ જાગી જો
ભવ હીરો હરી ભકિત અર્થે ત્યાગી લ્યો
મોહ મદ માયામાં રમતાં ના લ્હે લાગી રે
ચેત ચેત અવસર ગુમાવે આ રાગી ના ઓ
બીમ ભણે ભુવડા નરશૈયા દુઃખ શું કયમ બ્હિના— વૃથા.

ભૈરવી. ૮૯

આ આ અન્તર માંહીરે વિસ્તર્યો ભર્યો છે
ત્હેને તું ક્યાં નવ જોતો
હૃદયમાં છોડી શાને વનવન ભટકું
મૃગ જળમાં જય ચિત્ત પ્રોતો—આ આ.
રાગમાં લાગ સોહાગ દર્શન તણો
વૈરાગ્યનું શું કામ
વારી વારી વિલોકું હું વિહારી
નરસીંહ જઈ મન મ્હોતો —આ—આ.

પરજ. ૯૦

રજનીરે સઘળી વહીને ગઇ હાર હજુ તોયે આવ્યો નહી
દામ્ભીકતામાં ન્યુનતા રહી ભરભર ઘટ તુજ પૂરણ સહી—રજની.
ઘટમાં ના જ્ઞાને ના મમત્વે માને ગુમાવી શાને
તાન વપુ શું રન્ગમાં વહી જીવન વેલી કુમળાઇ ગઇ—રજની.
વકતની કિમ્મત નથી વ્યય કાર તો જાયે વાદમાં
પેર હજુ નવ હારની નાચન્ત શું આહલાદમાં—રજની.
હારને લાવો હરીને બોલાવો દર્શનનો લ્હાવો
સોષ જો અન્તર ભકિત સહી શાળક વેણુ તન સાલે સહી—રજની.

દેશ. ૯૧

વ્યભિચારી શું પ્રિતડી ગોપીમાં એક કહાન
તક નવ ચુકે ત્રિકમા અજબ પ્રણયનું પાન

રાધા રસિક રન્ગમાં ડુલ્યો કોણ જગાવે જઇ
અંન્તર સ્નેહી નહી કોઇ જાયે સ્નેહ સન્દેશડો લઇ—રાધા.
ભોળિ થયો લક્ષ્મિવરા કે ઝામ્યો રાસ અખાડો
હાસ્ય અખાડો હવાં ઝમ્યો જઇ ચૈતન્યને જગાડો—રાધા.
હાર હરિ ઉરમાં વસ્યો રાય વ્હાય સન્યસ્ત
ભન્ગ કરી દઇ રન્ગમાં આવી દે આ હસ્ત—રાધા.
વ્હારે ધા વિલોકના નહિ તો આ રન્ગ વ્હાશે
નરશૈયાને મણ્ડળીક મારશે બાનાની પત્ય જાશે— રાધા.

વેશડા. ૯૨

સન્યાસી સૌએ કીધા સન્ચ મુળ સ્થાન શું માંડયો પ્રપન્ચ
છળવા છદ્મ ધર્યો ત્યાં વેશ યશોદા નન્દન શામળ વેશ—સન્યાસી.
આંક કુશુમ હાર કરમાં ગ્રહયો જઇને મ્હેતા પૃષ્ટે રહયો
સ્મરણ તન્ત્રે મ્હેતા રમે મન મધુકર પદમે વિરમે— સન્યાસી.
ના પ્રિચ્છે પ્રપન્ચનો પાર પડ્યો હાર કણ્ઠે શૃન્ગાર
ચમકયા મ્હેતા તેણી વાર દૃગ ફેરવ્યાં પૃષ્ટે કાર— સન્યાસી.
હસ્યા દણ્ડી મદનાં તુણ્ડ કણ્ઠે હાર આ શો પાખણ્ડ
કહ્યો મ્હેતા આવ્યો આ હાર જાઓ પધારો કરો વિહાર —સન્યાસી.
ભકત મણ્ડલી સૌ ઝાંખી થઇ વદે વેણ મ્હેતા ત્યાં સહી
હરી આવીને આપશે હાર નહી તરછોડે વિશ્વાધાર— સન્યાસી.
હરવા દર્પ તમ દૃષ્ટો તણો વેગે વળશે એ નાગનો કણો
છળો છળો છળાયે જયમ વેગે વળશે વાલમ ત્યમ— સન્યાસી.
પણ નવ ભાળો એ ગોપાળ ફૂટયાં દૃગ જ્યાં મદની જવાળ
નથી રામ રડવડતા પડયા દણ્ડ પાખણ્ડને કુડે ચડયા—સન્યાસી.

પણ કાર્ય પ્હેલાં કરનો વિચાર પડશે પૂછે મમતભર્યા નાર
નરસિંહના સ્વામી લાજ રાખશે આવી જશે વાર— સન્તાપ.

સાખી.

વિમાસે મન ભુપતિ દૃષ્ટે દીઠા સન્ત
મર્મ હશે શો એહમાં જ્યાં સોહે પ્રપન્ચ
અન્તરપુર વિમાસતો ઉઠી ગયો ભુપાળ
સતિ એ સ્યામ વિલોકતાં ઉતર્યું નુર તાત્કાળ
પ્રણમી પ્રિતે કેમણા આ શું બોળા ભરથાર
મુખ કરમાયું આપનું સાથી શિર શૃન્ગાર.

ન્હાડ. ૯૩

બોળી ભામા મ્હારીરે ના કર શોચ તું મન
ના કર શોચ તું મન સ્યાણી તર્ક વિતર્ક તન—બોળી.
આજ બનાવ બન્યોરે અનેરા ના સુઝે એક પન્થ
વાદ પડ્યો દરબારમાં મ્હોટો નરસિંહ મધ્યે સન્ત—બોળી.
સ્નેહનો સ્વાદી ભક્ત એ મ્હેતા નમ્ર તણો શૃન્ગાર
જક્ત વિરક્ત સન્તનાં સમુહો માંગે શ્રી કણ્ઠ હાર—બોળી.
ફરજ કરજ અદા કેમ કરવું નવ એકે ઉપાય
વ્યગ્ર મનોભાગ કાંઇ નવ સુઝે આદરવો કવણ ઉપાય—બોળી.

ચાલુ ૯૪

ગુણીયલ સ્વામી માહેરા આ દાસીના કહેવા યોગ્ય
આ દાસીના કહેવા યોગ્ય વાલમ આ દાસીના કહેવા યોગ્ય—ગુણી.

દશ સ્થાન શયે ત્યજવા જો હોય પ્રેયની આશ
એક સ્થળ આરૂણી કેરૂં દુજો જુગારી વાસ— ગુણીયલ.
ત્રીજો ઇર્ષાળુ શય દ્વારનો ચોથો ભયૈયા સન્મ
પાંચમો પર નારી ગામી છઠ્ઠો ભક્ત નિન્દક બ્યંભ— ગુણીયલ.
સાતમો જે ચાડીખોરો વદે અસત્ય વાક્ય
આઠમો જે વ્રત લોપી નવમો કડી પુરે સાક્ષ્ય— ગુણીયલ.
દશમો જે કન્યાવિક્રયનો રસ વિક્રય અનુરાગી
નચમાં એ કન્ટક રૂપજ જે સદાના અભાગી— ગુણીયલ.

દેશ. ૯૫

સન્સારમાં કદા ના દુભાઓ પ્રણયી પ્રભુનાં સ્વામી
જળ કમળ વત્ વસે અનુગામી અનામી— સન્સાર.
કાયામાં છાંયા જ્યમજ દર્પણમાં પ્રતિબિમ્બ વારી
વિરક્ત જક્તનો આશક્ત ભક્તમાં વારી વારી— સન્સાર.
વિરલ ભક્ત એ છે ગોપીરૂપ ભક્ત જાણો
પુરૂષ પુરૂષોત્તમ જક્તમાં એક હૃદયમાં પ્રમાણો— સન્સાર.
વિકાર એક સ્નેહતણો અવર ના વાસ હૈયે
ભલે સહસ્ત્ર સન્ગમાં સુભગે હોય રમણતા ના હૈયે— સન્સાર.
માતુને જઇને પુછો શંકા સ્વામી ભાંગશે તે
પ્રણમું સ્વામી વધુ વચન હૃદયમાં વાગશે જે— સન્સાર.

સાખી.

જઈને પ્રણમ્યો માતને પ્રેમે લાગ્યો પાય
[illegible] ૯૮ [illegible] [illegible] માતા [illegible] ત્યાં રમ્ય

ક્યાં બેટા નુર ઉતર્યું મુખ તણું આ વાર
સંકટ શું શિર આવ્યું કે મન વિભ્રમ માર
વગતો રાય વાણી વદે માતા કવણ ઉપાય
ધર્મ સન્કટ શિર આવ્યું થરથર ધ્રુજે કાય
સાળકે શુળ ભેદીઆં બન્ગ વિચાર વાહી
દુભાવ્યો નરશીહ ભકતને હાર તન્તુએ સાહી
સન્યાસી તેડાવીઆ તાપસ તપતા કાય
ધર્મવાદ દરબારમાં પડ્યો સુઝે ના ઉપાય
ના દુભાએ સન્ત સૌ મ્હેતાજી શીર મોર
હાર કેમ આપે કૃષ્ણજી હમણા થાશે ભોર.

સામેરી. ૯૬

વળતું વચન માતા ત્યાં કહે છે દુર્જન બહુ તુજ પાસેરે
નથી જાણતો આત્મજ મ્હારા ગઢ તો ત્હારો જાશેરે—વળતું.
બાળ ત્હારા ધર્મ એ સઘળા બાળજ સૌ સન્યાસિરે
બાળજ ત્હારો અમાત્ય સાળક ર્ષાનો અભિલાશી રે—વળતું.
બાળ ત્હારાં દાન દયા જ્યાં હરીજન સૌ દુભાયે
જે અવિનાશી વિશ્વમાં વ્યાપક આવી કરશે સાહ્યે—વળતું.
આલ્હસ કરતાં શું ના વિચાર્યું કે આ પસ્તાવો થાય
સંકટ ભુન્ડા સમય વિચારી આપજ સૌને વિદાય— વળતું.

આશાવરી. ૯૭

બાળનાં પણ્ડીતને પુછ તું જઇ જે સમ જ્ઞાની નગ્રમાં નહી
તેડું મોકલ્યું પણ્ડીતને સહી શ્રીપાત પણ્ડીત આવ્યા વહી—પોળ.

રાય પ્રણમ્યો પ્રિતે જઇ પણ્ડીતને ત્યાં વિનતિ કહી
કહો પણ્ડીત શું કરવું ઘટે ધર્મ સંકટ રહ્યા વપુનાં વટે-પોળ.
વળતો પણ્ડીત વાણી કહે ઉન્માર્ગે શાદ જાયો વહે
ત્હારી પોળનાં પણ્ડીત હમો રાજાજી સાંભળજો ત્હમો–પોળ.
હૈયા લેલાટની ફુટી સહી તું સરખો કોઇ પાપી નહી
ત્હારી તે કુડી થઇ મત્ય મિથ્યા મમત્વે શી તુજ ગત્ય–પોળ.
સાંભળ વાત કહું એક સત્ય જેણે ચોર્યું તનમન મત્ય
હું વડનગરે ગયો એક વાર ત્યાં નાગરી ન્યાત મળી નીરધાર–
પોળ.
પ્રભુતા પ્રભુની દષ્ટે પડી જેણે ચીત લીધું આવરી
તે વાત માંડીને કહું સ્વસ્થપણે સાંભળજે તું— પોળ.
એહેની પુત્રીનું શ્રીમન્ત કામ પંડ્યો ખોખલો બ્રાહ્મણ નામ
ખટક બોલો તે નિર્ધાર ત્હેને તેડું મોકલ્યું તે વાર— પોળ.
તેડાવીને વિનતિ કહી નરશીંહ મન્દીર ત્હમો જાઓ સહી
આમંત્રણ કાજે ભુદેવ જુનાગઢ જાઓ અવસ્ય મેવ—પોળ.
ત્યારે પંડ્યો ખોખલો વાણી વદે ગરજને ગયાં નેત્ર હ્રદયે
જયાં ના મળે દક્ષણા દામ જયાં ભોજન નહી સ્વપ્ને કામ—
પોળ.
માળા તિલક તુળશી અમ્બાર દક્ષણામાં દેશે એક હાર
તેથી કાર્ય શું મ્હારૂં સરે ઘરમાં બાળક ભુખે મરે— પોળ
માટે મુજથી ના બને એહ પંડ્યો ખોખલો ઉત્તર દે
વળતી વાણી મ્હેતા વદે ચીન્તા ત્હારી ધારી છે ત્હદયે–પોળ.
વિપ્ર વર્ય ચીન્તા ના કર ત્હારી દક્ષણા કરમાં ધરૂ

ભોજન ખર્ચી વાટજ તણી લઇને પળો જુનાગઢ ભણી—પોળ.
કાં નવ જાઉં હું યજમાન શીરપર ધારૂં આજ્ઞા તમામ
શીશ નામીને વેગે વળ્યો કુંવરબાઇને જઇને મળ્યો—પોળ.
હું જાઉં તુજ પિતા પાસ કહે પ્રિતેથી જે હોય આસ
તું છે ભક્ત તણીરે સુતા મ્હાર મન તું જેહવી પ્રસુતા-પોળ.
વળી કાંઇ એક કહેવડાવે છાનું અન્તર ઉર્મિ જે મનમાન્યું
વળતી બાળા વાણી કહે બટક બોલો હૃદયમાં લહે—પોળ.

દક્ષીણી ઠુંમરી. ૯૮

પીતા ગૃહનો લ્યો જો પન્થ પુત્રી કહે છે રે
જઇ કહેજો તાતને સત્ય કુશળતો સૌ છે રે— પીતા.
આવ્યું પીતા શ્રીમન્ત કામ તનુજા ઝુરે છે
રન્ક ભક્ત મળે ના દામ દાતા પુરે છે— પીતા.
છો સાધુ ભક્ત વિરક્ત આ જક્તનાં દ્રવ્યમાં કદી આશક્તનાં
તમ તનુજા શ્રીમન્ત ભારે સન્સાર આ લાગે અકારો રે-પીતા.
માતા ગઇ છોડી સન્સાર રન્ક બાળાશીર કીરતાર
સાધુ પિતા શીર શ્રીમન્ત માર હાંશી વારો રે— પીતા.
આવજો મામેરૂં રૂડું લઇને નહીતો હાંશીમાં હું વહીને
સાધુ પીતાને દુઃખજ દઇને જન્મ અકારો રે— પીતા.

સામેરી. ૯૯

શીખજ લઇને પન્થે પડ્યો નરશીંહ મન્દીર આવી અડ્યો
બેઠો શાની તું આ લણ્ડ શું માંડી બેઠો પાખણ્ડ—શીખ.

માછ વાહીને ઉદર ભરે મામેરાંની શી ત્રેવડ કરે
વળતી વાણી વૈશ્નવ વદે આવો ગુરૂજી પાવન પદે—શીખ.
કહો સમાચાર શો લાવીઆ લ્યો આસન મનમાં ભાવીઆ
ફળ જળ મુકયાં પ્રીતે પાસ આરોગો ટાળો ઉપવાસ—શીખ.
સ્વાગત કીધી રૂડી પેર પંડયો રીઝ્યો આનન્દ ભેર
વળતી વાણી પંડયો વદે મ્હેતા વિનતિ ધરજો હૃદયે—શીખ.
વડનગરથી આવ્યો હુંય સ્નેહી સાથ કુશળ છે સૌ
કુંવરબાઇનું શ્રીમન્ત કામ આમન્ત્રણ કાજે આવ્યો ધામ—
શીખ.
રાત્રી દીવસ શું કુટો તાલ અળગી મુકો મ્હેતા માળ
ત્રેવડ મામેરાની કરો આવી છાબ સોનૈયે ભરો —શીખ.
કાંનાડી કહી મ્હેતા તત્કાળ નેતરી વ્હેલ સન્ગે બહુ માળ
છાપા તિલક તુળશી વૃન્દ ઝાંઝ, પખાજ કીર્ત્તનના
ઢન્ગ—શીખ.
સન્ગે સખા સૌ પોતાતણાં ચાલ્યા ભજન કરતાં નાડી મણાં
સભામાં જઇને સૌ રહ્યા વધામણીઆ મન્દીરમાં ગયા—
શીખ.

રાગ ખટ ૧૦૦

કોણે કહ્યો કપટી ને કોણે કહ્યો કામીરે
કોણે કહ્યો તાલ કુટીઆરે આવ્યો
આપવા મુકવા કાંઇ નથી એહ કને
કો કહે મામેરૂં શુંરે લાવ્યો— કોણે.
તેણે સમે પુત્રીએ વચન એહવું કહ્યું

સભા માંહી તાત શું શ્યામ ગાઓ
સ્વસુર પક્ષ સૌ મ્હેણુલાં દે ઘણાં
તે દુઃખથી તો ભલે જીવન જાઓ— કાંણે.
ચન્ગ ને તાલ અળગા મુકો તાતજી
હામ હૈયે નથી શુરે થાશે
લોકડાં બોલશે મન ગમતું મોજમાં
સુણુતાં પ્રાણુ મ્હારોરે જાશે— કાંણે.
ધૈર્ય ધર દીકરી શ્યામજી કોડ પુરશે
લોક નીન્દા ના કર્ણે લહીએ
લોકડાં બોલશે તે પણુ સહીશું
કૃષ્ણુ કિર્તન કેમ મુકી દઇએ— કાંણે
ભલે ભુ નભ એકઠાં જો થાએ સહજમાં
મર્યાદા મુંકીને સાગર ચળશે
નરશીંહ ટેકથી તોયે ના ચળે
ચન્ગને તાલ કેમ અલગ કરશે— કાંણે.
તેણે સમે વ્હેવાઇએ હાસ્ય એવું કર્યું
મેલ્યું ઉષ્ણોદક સ્નાન કાજે
કટાક્ષ વચનો વદે ઇષ્ટને લ્યો સ્મરિ
સમોવણુ આપશે ભક્ત કાજે— કાંણે.
રાત્રી દીવસ સેવા કરો સ્નેહથી
રટો નીત્ય જાપ જેહનાં પ્રીતેથી
આપશે વારીને ત્રાપ સૌ મારીને
સ્હાયક ઇષ્ટ તમ ચાહો ચીતેથી— કાંણે.
ચૈત્ર સુદી દ્વાદશી મેઘ ઘટા ચ્હડી

ગડગડી મેઘ નરશીંહપર ત્રુઠયો
નાગરી ન્યાત અકળાય મુંઝાય બહુ
પાદ સેવી સૌ સંઘ ઉઠયે.— કોડે.

ચાલુ ૧૦૧

કેટલાએક મળી વાતો એહવી કરે
દુષ્ટ બોલે મુંખ વ્યન્ગ વાણી
કામણુ મોહન કાંઈક છે એહ કને
મન્ત્રને બળે એણે આણ્યું પાણી— કે.
મન્ત્રને જન્ત્રની વાત જાણું નહી
કેવળ કૃષ્ણ મ્હારે હૃદયે રાખ્યો
પ્રહલાદ કાજ જેમ સ્તમ્ભ શું પ્રકટયા રે
બાળ ધ્રુ રાજને અચળ રાખ્યો— કે.
ચાર પદાર્થ સુદામાજીને આપીઆ
ત્રીભય ફેડી ત્રીલોચન કીધો
અમ્બરીષ રાય ઉગારીઆ શ્રાપથી
ચક્ર ધરીને જેણે શરણ લીધો— કે.
બ્હેવાઈએ આવીને ટીપ કરમાં ધરી
હાંશી અર્થે લખી અનેક વાની
ત્રણ સહસ્ત્ર સાડલા ત્રણ સહસ્ત્ર કાપડાં
એટલાં ચુંદડી ચીર હીર તાણી— કે.
ત્રણ સહસ્ત્ર શીરોદક ત્રણ સહસ્ત્ર શાવટુ
સાળુ સણીઆં લખ્યાં મોજ માની

પૂરો પત્ર ભર્યો આંક શું વિસ્તર્યો
ક્યાં થકી આપશે એહ આણી— કે.
તે સમે જામાત્રે વાત એહવી કરી
ત્હારી દીકરીને સૌ એ ડીક માંડી
સહસ્ત્ર બે સહસ્ત્ર લે ઉછીનાં હમો કને
નહી તો આ નગ્રને જાને છાંડી— કે.
દીકરીનું લે તે કુમ્ભી પાકે પડે
ચાલ તું હળાહળ કોણ ખાયે
કૃષ્ણજી સરખા મ્હારે છે જ્યાં સખા
મામેરૂં કીધા વિના કેમ જાયે— કે

આશાવરી. ૧૦૨

જનુની વછોયાં જે નર જીવે શ્રી વછોયાં મરી જાયે રે મા
સમ્પત વ્હોણો સબવત્ દીસે મરે ને જીવતા થાયે રે મા—જનુની
વિશ્વ જનેતા તું સાગર તનયા હરી અર્ધાન્ગે તું કમળા રે મા
કૃપા કટાક્ષે જુઓ આ રન્ક પર નરશૈયાને ક્યાં વિસરેલા રે મા.—જનુની.

ચાલુ ૧૦૩

લક્ષ્મી વર ત્રુઠયો રે કૃપા કરી હાલી છાબ સોનૈયે ભરી
અનેક પટોળાં ચીરાદક સાર કમખા ભાત નવ આવે પાર—લક્ષ્મી
જેટલું લખ્યું કાગળ માંય તેટલું પૂર્યું શ્રી રણછોડરાય
લક્ષ્મીજીએ કીધો નિવાસ સૌ કોને આવ્યો વિશ્વાસ— લક્ષ્મી
વેવાઇએ કર્યો મન વિચાર ધન્ય ધન્ય નરશીંહ અવતાર
નરશીંહ મ્હેતા સેવક સાધ્ય હમો દુભાવ્યા દિનાનાથ— લક્ષ્મી.

પદ. ૧૦૪

ચૈત્ર સુદી દ્વાદશી દિવસ શ્રીમન્ત તણો
છાબ માંહે મ્હારાજ બેઠો
નાગરી ન્યાત સૌ દ્વેશ કરતી હતી
ત્હેણે ચત્રુભુજ ચાતુર દીઠો—ચૈત્ર.
ભક્ત વત્સલ સદા બર્દ છે તાહેરૂં
અવર કો દેવને હું ના યાચું
જન્મો જન્મ ત્હારા દાસનો દાસ હું
કૃષ્ણ કૃપાળ હું હ્રદય રાચું—ચૈત્ર.
સાડલા કેરા બચકા સૌ લઇ લઇ
જાય ત્હેને ઉલટ અન્ગ ના માયે
એ તો કોઈ એક નર અદ્ભુત અવતર્યો
એહનીરે વાત કોણે ના થાયે—ચૈત્ર.
તેણે સમય પુત્રીને વચન એહવું કહ્યું
રખે રે તનયા કોઈ રહી જાયે
નણદીની દીકરી નામે નાહાની બાઈ
કાપડું આપો તો વારૂ થાએ—ચૈત્ર.
આપનારો હતો તે આપી ચાલ્યો ગયો.
હવેરે ઘેલી તું કયાંરે થાએ
તુળશી ચર્ણોદકમાંજ છે તે છતાં
જા રે સંતોષ તુજ નાહાની બાઇ—ચૈત્ર.
કીધું મામેરૂંને આરત ભાંગી સૌ
સૌ કોણે વૈકુંઠનાથ દીઠો
પુત્રીનું કીધુંરે જેવુંરે મામેરૂં
ત્હેવો સમસ્ત વૈશ્નવને ત્રુઠયો—ચૈત્ર.

સારન્ગ. ૧૦૫

શ્રીધર પંડીત કહે સાંભળો રાય મ્હારી વીતી હું કહું કથાય
બાલ્ય અવસ્થા મ્હારી હતી બ્રહ્મહત્યાર લાગી અણુજતી
વળતા હમો જ્યારે મ્હોટા થયા કાશી નગરે ભણવા ગયા
વેદ ધ્વની મુખથી ઉચ્ચરે બ્રહ્મહત્યા પોકારજ કરે
સુણી શ્રવણે મન વિસ્મય થયો મેં મ્હારે મન ત્રાશજ લહ્યો
અનેક તીર્થે હુંયજ ભમ્યો મેં મ્હારો દેહ ઘણોએ દમ્યો
મહારૂદ્ર કીધા ત્રેવીશ અતિરૂદ્ર કીધા મેં એકવીશ
મહાભારત સાંભળ્યા પુરાણ અસ ય નાં બોલું હું નીર્વાણ
વેદ કાણ્ડ મેં પાઠે ભણી દેહદમન કીધી અતી ઘણી
તોયે બ્રહ્મહત્યા નવ ટળે પળપળ દેહનો મ્હારો બળે
એકવાર જુનાગઢ મોઝાર અર્ધ નિશાએ મ્હેતા ધ્વાર
મનશા વાચા કર્મે કરી નરશીંહ વાણી શ્રવણે ધરી
ધન્ય વૈશ્નવ વાણી ઉચ્ચરી બ્રહ્મહત્યા તત્ક્ષણ ઉતરી
સમાચાર પણ્ડીત કહી રહ્યો મંડલીક મનમાં વિસ્મય થયો
હું ખરે અપરાધી રાજ ધીક ધીક મનડાં નવ કાંઇ લાજ
સેવક વારવાને મોકલ્યો કહી સમાચાર પાછો વળ્યો
ત્હેને કાણે ચીત્ત નવ લહ્યો ફીટણ કાળ સેંકોએ ગૃહ્યો.

કાલેરો ૧૦૬

પણ્ડીત કેરી કથા સુણીને રાય વિચારે મનરે
ભક્ત જનને સ્હાય સદાએ સમર્થ જગજીવન રે— પણ્ડીત.
માત વચન માન્યું નહીરે રાણીએ વાર્યો બહુ પેર રે

સાથ સર્વે મળ્યો છે ભુણ્ડા ભીમડે ઉપજાવ્યું વેર રે— પણ્ડીત.
સેવક સભામાં મોકલ્યો જાઓ નથી હમારે કામ રે
નરશૈયાને મન્દીર બોલાલો સૌ જાઓ તહમારે ધામ રે—પણ્ડીત.
સેવકે આવીને કહ્યું સભામાં રાય કરે છે રીશ રે
હમો શાને સંવાદ કરાવું દુભાવા જુગ્દીશ રે— પણ્ડીત.
શ્રીપાત સાંભળી સૌ મળી બેઠા શો કરવો હવે મર્મ રે
મણ્ડલીક રાયને જઇ સમજાવે મોકલો મુકુન્દાશ્રમ રે—પણ્ડીત.

સારન્ગ. ૧૦૭

મુકુન્દાશ્રમ ગયો જ્યાં છે રાય રાજા પ્રેમે લાગ્યો પાય
કહો સ્વામી કેમ આવ્યા ત્યાંય વાત કહો વળી જે મન માંય— મુ.
અલ્યા રજની રે સઘળી વહીને ગઇ બેહનો દામોદર તો આવ્યો નહી
નાગર જાણી કરશો દયા હમો સન્યાશી તે અમસ્થા રહ્યા— મુ.
તું વૈશ્નવ ઉપર દયા કરીશ સન્સાર સાગર શું તેણે તરીશ
ષટ દર્શન ધર્મો વહીને ગયા વૈશ્નવનાં ધર્મો સાચા થયા— મુ.
મ્હને આવડે અષ્ટાદશ પુરાણ અસત્ય ન બોલું નિર્વાણ
જીવ્યાહ અગ્રે ચારે વેદ સકળ શાસ્ત્રનો જાણું ભેદ— મુ.
સાડી ત્રણ કોટી મેં કીધાં વ્રત મ્હારૂં હ્રદય છે પરમ પવિત્ર
એટલાંજ તિર્થો આવ્યો ફરી મ્હને સિધ્ધી વાચા આપી હરી— મુ.
ત્હને હું કહુંછું મણ્ડલીક રાય તે આજ હમારી લજ્જા જાય
ભાંગી ભોગળ દામોદર રાય નરશૈયાને કરે પેશાય મુ.
જો દામોદર કહ્યું નવ કરે તો મ્હેતા માળા કણ્ઠ નવ ધરે
માટે મ્હારૂં કહ્યું તું માન નહીતો આપી કરૂં ઘમશાણ— મુ.
સાંભળી રાયજ વિસ્મય થયો સભા મધ્યે આવીને રહ્યો
શ્રીપાત કહે મ્હેતા મન ધરો હવે હારની ત્રેવડ કરો— મું.

ખટ ૧૦૮

કોણ આગળ જઇ વિનવું વિઠ્ઠલા કન્થ કમળા તણા શું વિચારે
ભૂપતિ લાજને કાજ આવ્યો અરે દુઃખ પામે નાકી સર્ણ ત્હારે–કોણ.
પ્રકટ થયું નામ તે તુજથકી ભુધરા નરશીંહ નાથ શું બર્દ કહાવો
સેવક સંકટ ટાળીએ ત્રિકમા તો ત્હમો કહાનજી ભલા રે ભાવો–કોણ.
લોક દેખે સૌ કૌતક મનમાં બહુ મણ્ડલીક મદ ચડયો મુર્ખ જોયે
નરશૈંયાનાં સ્વામી જેમ ઘટે તેમ કરો તું વિના મ્હારે નવ અવર કોયે-કોણ.

ચાલુ ૧૦૯

દયા આણ દામોદરા સીધ્ર સેવક તણી
તું રે મ્હારો ધણી વિશ્વ જાણે
આશ એક તાહરી સ્નેહીઆ શામળા
વિઠ્ઠલા વિનતિ શું ના મન આણે— દયા.
મ્હારે મન્ત્ર તું જન્ત્ર તું ધ્યાન ધરણી ધરા
મિત્ર મોહન વિના નહિ રે દુજો
હાર આપ્યા વિના લાજ કહો કેમ રહે
દિનતા દેખી પ્રભુ શે ના ભિન્જો દયા.
સાહ્ય કીધા વિના લાજ કહો કેમ રહે
જો ત્હારા ચર્ણની આશા આપી
નરશૈયાનાં સ્વામીને માન માંગી કહું
દેહ દામોદરા તુજને સોંપી— દયા.

ચાલુ ૧૧૦

પરણીને પારકે હાથ શું ભાળવે
લાજ નવ આવે રે કન્થ તુજને

જદ્યપી કોટી અપરાધ હોય શામળા
મેલ મન આમળા આપ મુજને— પરણી.
સુન્દરી સહસ્ત્ર બે સહસ્ત્ર હરી તાહેરે
ત્હેમાં હું એક દાશી રે ત્હારી
નરસૈયાનાં સ્વામીને પેર પેર વિનવું
સદા તું સ્હાય રે કર ને મ્હારી— પરણી.

ચાલુ ૧૧૧

શ્રવણે સુનો થયો શામળા શ્રી હરી
લક્ષ્મીનાં નાથ શું નિન્દ્રા આવી
બીર્દ મ્હોટું ધર્યું પતિત પાવન તણું
શરણે આવ્યા ત્હેની બાંહ્ય સ્હાવી— શ્રવણે.
દુષ્ટની દૃષ્ટીથી રાખને વેગળો
તમ વિના મ્હારે નવ અવર સ્વામી
દુર્જન લોક તે મન આનન્દીઆ
અવર કોને કહું શીશ નામી— શ્રવણે.
ફુલની માળ ત્હેં કણ્ઠ ઘાલી ખરી
બોલે મણ્ડલીક રાય ક્રુર વાણી
નરશૈયાનાં સ્વામી વિલમ્બ ના કીજીએ
હાર આરોપ કણ્ઠે જા માની— શ્રવણે.

ચાલુ ૧૧૨

મોગરાને શું મોહી રહ્યો મધુકર
હાર આપો તો ક્ષાત વાધે

દીન જાણીને દયા કરો નાથજી
નરશૈયો તાહેરૂં નામ સાધે— મોગરા.
સુખનાં સન્ગી એ સર્વ ટોળે મળ્યાં
દીપતું દેખશે ત્હારે મળીશે
મર્ણનાં ભય થકી નરશૈયો બ્હીતો નથી
ત્હારા સૌ દાસનાં ચિત્ત ચળશે— મોગરા.
મ્હારે તો વિશ્વાસ છે વાહલા મન ઘણો
આપશે હાર આનન્દ થાશે
ભણે નરશૈયો ભકત ઉગારવા
તું વિના વ્હારે તે કોણ ધાશે— મોગરા.

ચાલુ. ૧૧૩

સાથ કર શામળા, મેલ મન આમળા, ઉઠ ગૌપાળ, અસુર થાએ
આવીને મુજને, હાર એક આપતાં, તાત ત્હારા તણું, શું લુંટાએ—સાથ.

હારને કાજે શું, મુન્ય ગ્રહ્યું માધવા, બોલતો શું નથી માન માટે
રાય મણ્ડળીક તણું, પતિત કારણ કહું, નહીતો મેલ મ્હને, મુળ સાથે—સાથ.

પુછવું હોય તો, પુછ ત્હારી નારને, મુલ્ય બેકું હોય, જેહ ત્હારે
પાય લાગી કહું, હાર આરોપિએ, શું કહું શામળા વારે વારે—સાથ.

એક તો કળી તણું, જોર પ્રચણ્ડ જ્યાં, પ્રતિત ગઇ તેમાં કોણ ગાશે
નરશૈયાને હાર ના આપતાં, ચૌદ લોકમાં રહ્યો તું મુઝાશે—સાથ.

ચાલુ ૧૧૪.

વિશ્વ પાળક વિઠલા, શું કરૂં વિનતિ, તું વિના દાસ, દુખ
કોણ જાણે
ટળવળતાં યામિની, મધ્ય વિતી ખરે, ત્રીકમા નિન્દ્રા શું
ત્યજશ વ્હાણે—વિશ્વ.
કે રોકી રહી રાધીકા, તું આધિન જેહને, પ્રાણ જાતાં શું
કરૂણા ન આણો
હઠ કરે તે શું, હઠ કરો શામળા, ત્રુટશે સ્નેહ ત્રીકમના તાણો–
વિશ્વ,
આવ્યા અવસરજો, તે નવ સાચવો, તો પછી આપને શું વખાણે
કોણ કારણ વશ્યું, નરશૈયો એ ભણે રાહાડ લીધીર મણ્ડલીક
રાણે વિશ્વ.

ચાલુ ૧૧૫

હારને કાજે શું, હઠ કરો શામળા, યાચવાને ત્હારી પાસ આવ્યો
રાધીકા સન્ગમાં, બેઠો લીલા કરે, કહે રે વૈકુણ્ઠથી તુરે લાવ્યો–
હાર.
વિશ્વમ્ભર નામ ત્હારૂં ધર્યું વિઠલા, નન્દનો છોકરો છાશ પીતો
ઓઢતો કામળી, હાથમાં લાકડી, ચારતો ગાવડી વન રહેતો–
હાર.
મ્હારે માત તું તાત તું ભ્રાતઓ ભુધરા, તું વિના દુઃખ તે કોને
કહીએ
ભણે નરશૈયો ગુણ ગાઇને જીવીએ, ભુતળે એકલા કેમ રહીએ–
હાર.

ચાલુ ૧૧૬

આપરે હાર સુત નન્દ વાસુદેવનાં, હજુએ તુજને લાજ થોડી
કન્શનાં ભય થકી ન્હાશી ગોકુલ ગયો, આહીરડાં સન્ગ શું
પ્રિતિ જોડી—આપરે.
અલ્યા ગરજ માટે ત્હેં માત તાત બે કર્યાં ભવ ઇન્દમુની રૂષીશ
જોતા
કન્શનો વધ કરી કાર્ય ત્હારૂં કર્યું, પછી બાપડા મેલ્યા તે વન-
રોતા—આપરે.
અલ્યા તાન્દુલ લઇ રીદ્ધ મોકલી વિપ્રને, ત્હેનું ભુવન કીધું
વૈકુણ્ઠ સરખું
મ્હારે તો દાન તે ગાન છે ભુધરા, નિત્ય પ્રત્યે ન્હારા ચર્ણો
નિર્ખું—આપ.
અલ્યા ભકિત કરતે તું, આહિરનો ના થયો, તો મ્હેને હાર તું
શુંરે આપે
ભણે નરશૈયો રે રાત્રી છોડી રહી, આપ તસ્કર મ્હેન શું સન્તાપે—
આપ.

ચાલુ ૧૧૭

નન્દનાં નન્દ કાં વાર લાગી ઘણી, દુર્જન લોકને શું હસાવે
કોટી બ્રહ્માણ્ડમાં નુતન રે તાહેરે, લછવર હજી શું નાલાજ
આવે—નન્દ.
પેર પેર પ્રણુતું, માન માંગી કરી કઠણુ ક્યાં થઇ રહ્યો કૃષ્ણ કામી
કપટ ભાવે ભજે તોયે તું તાપ હરે સાધ્ય સમ્ભાળ કર જકત
સ્વામી—નન્દ.

કોણુ વેળા થઇ હાર આવ્યો નહી સાંભળો શામળા વાત મ્હારી
નરશૈયાનાં સ્વામી મ્હારે દુઃખ કાંઇ નથી, મારતાં લાજ તે જાશે
ત્હારી.—નન્દનાં નન્દ.

ચાલુ ૧૧૮

પ્રથમ પ્રિત માંડી હવે શું રહ્યો શામળા નુન્યતા તાહેરે શી છે આજે
કંઠ કુશુંમની માળા તું ગ્રહી રહ્યો તે કહો કૃષ્ણુજી શાને કાજે—
પ્રથમ.
લોક માંહે સૌંએ સાંભળ્યો મેં ભજ્યો તો હવે ક્યાં ત્યજે કૃષ્ણુકાળા
નઠોર શું થઇ રહ્યો મણ્ડલીક મદ ચડયો તોયે હજુ ત્હારારે ચેષ્ટા
ચાળા—પ્રથમ.
મેલ માયા હવે પુષ્પનાં હારની વાર લાગી ઘણી વિશ્વનાથ
નરશૈયાનાં સ્વામીને આશ એક તાહેરી મુકમા મુકમા ગ્રહ્યો જે
હાથ—પ્રથમ.

ચાલુ ૧૧૯

અલ્યા હારને કાજે ક્યાંવકત વામે ઘણો ન હોય એ કોસ્તુભ દુમ માળા
ઉજ્વળ પુષ્પને સુત્રનો તાંતણો તેણે શું મોહી રહ્યો કૃષ્ણ કાળા—
અલ્યા.
ઉન્ચને મુકીને નીચને અનુંસરે જાદવરાય જો મન વિમાશી
રાજ્ય કન્યા રૂક્ષ્મણીને પરહરી કુબ્જા મન્દીર શું રહ્યો રે વાસી—
અલ્યા.
રત્ન ગુંજા વચ્ચે ભેદ નહી ભુધરા સાલર ખુલર એક આણે
મણ્ડલીક હારને પેર પેર પરભવે દોહ્યલું દાસનું શે ન જાણે—અલ્યા.
લોક કોતુક જુએ યામીના અલ્પ રહી ક્ષીણુતા પામતી જ્યોત્ દીવા
કેશવા કણ્ઠથી હાર પરો કરો પ્રેમે આરોપ નરશીંહ ગ્રીવા—અલ્યા.

ચાલુ ૧૨૦

સાબુકર સાબુકર માહેરી શામળા સન્મુખ થઇને જુઓરે આજે
હમો જો નાગરા હઠ કરી બોલશું નવ રાખું ત્રીકમા ત્હારીલાજ—સાબુ.
ગોકુલ માંહે તું મલપતો મહાવજી નવનિત સર્વનું લેતો ચોરી
ચંચળ ચોર શું મુખ નથી બોલતો હવે હમો લાજ રાખું ના ત્હારી—
સાબુ.
બહુ પેરે ગોપીને લાડ લડાવીઆં અન્ન આહિરનું લેતો ચાખી
નટવો થઈ તું નૃત્ય લીલા કરે નરશીંહ નાગર હજુ રહ્યોરે સાંખી—
સાબુ.

ચાલુ ૧૨૧

ઉઠરે શામળા મેલ મન આમળા બોલતો શું નથી માન માટે
આપને હાર કે હમણા પ્રકટ કરૂં આચર્યાં કૃત્ય બંસીબટ ઘાટે—ઉઠ.
અણુવરી નાર શું કામ લીલા કરી પરણુતાં ગર્થ શું બેસે ત્હારે
હારની વાર થઈ ભાર ભાંગી ગયો શું કહું કહાનજી વારે વારે— ઉઠ.
કળીયુગ માંહે તું મલપતો મહાવજી એવું જાણી કરી કોણ ધારે
નરશૈયાનાં સ્વામી કુંજ હળવો પડયો ત્હારાં ગુણ પછી કોણ ગારો—
ઉઠ.

ચાલુ ૧૨૨

રાકી રહી રાધીકા રન્ગ જામ્યો ઘણો રન્ગ રશીઆ રહી રજની થોડી
નન્દનાં નન્દન શાને આળસ કરો નરશૈયાથી શું હવે પ્રિતિ તોડી—
રાકી.

સેવક પાળીએ કામ પ્રજાળીએ ઈશ્વર કહે ઉમીઆ રે સ્વામી
શામળા તુજને લોક લમ્પટ કહે થયો વ્યભિચારી કાનુડો કામી—
રોકી.
જે હઠ કરે તેહ શું સોહે હઠ શામળા ત્રુટશે સ્નેહ ત્રીકમ તાણ્યે
નરસૈંયાનાં સ્વામી સૌ રજની રે વહી ગઇ મણ્ડલીક મારશે મુજને
વ્હાણે—રોકી.

રાગ મેવાડો ૧૨૩

સાસરડે પધારોરે કુંવરી મ્હારીરે વિપરીત વેદના વિસારીરે
પીયેર ત્હમારૂંરે પુત્રી હું કહું રે ગોકુળ માંહે છે પરિવાર
રોષે ત્હદયા પ્રાટનીરે નથી કોઇ આંસુડાંનાં લ્હોનાર— સાસરડે.
નિર્ધનીઆને પેટે રે બ્હેની તું પડી રે ત્હમો કાંઇ નવ પામ્યાં સુખ
નિષ્ઠુર ન્યાત છે રે નાગર તણીરે હામે હામે દીધું દુઃખરે—સાસરડે.

ચાલુ ૧૨૪

એમ ના કીજેરે મ્હારા તાતજી રાખો ધીરજ મનમાં આજ
જેણે મામેરૂંરે મ્હારૂં કર્યુંરે રાખી દુષ્ટ સભામાં લાજ— એમ.
સાહ્ય ઘણી કીધીરે એણે શામળેરે ને આપશે હારજ એહ
જેણે હુંડી શીકારી રે એણે શામળેરે તે કેમ દેશે છેહ— એમ.
સાસરડે તે જઇનેરે તાતજી શું કરૂં રે જ્યારે રૂઠયા સારન્ગપાણ
મણ્ડલીક ત્હમને રે જ્યારે મારશે રે ત્યારે હમે તજશું પ્રાણ—એમ.

ચાલુ ૧૨૫

આધાર મ્હને ત્હારોરે એક ઉરમાં વસ્યો રે હરી કાં નવ કરો સાર
પ્રિતલડી બહુ મનમાં રે પેલા ભવ તણીરે તે કેમ મેલી વિસાર—
આધાર.

પાંચાલીનાં પટકુળરે પ્રભુજી ત્હેં પુરીઆં રે સાર્યાં સેવક કેરાં કાજ
દીનતા પપઆની રે પ્રભુજી દયા કરો રે સભા માંહે આવો રે મ્હારાજ
—આધાર.

ગ્રાહ થકી ગજનેરે જળમાં મુકાવીઓ રે ધાયા અણુ આણે ચર્ણ
દાસનું દોહલું રે સહન કેમ કરોરે શું સુતા શ્યામળ વર્ણ—આધાર.
સોરઠ સધળું રે સૌ કો હસાવીયું રે હારને ઘણી લગાડી વાર
હળવો ત્હેં પાડયો રે મ્હેતા ભક્તને રે વારૂ કીધું નન્દકુમાર-આધાર.
ગુણલા સમ્ભારૂં રે સ્નેહી શામળારે એકલા કરશો રે વિલાસ
સેવક જાણીરે પ્રભુજી મયા કરો રે પુરો અબળા કેરી આશ—આધાર.
વચન વિનતાનાં રે સ્વામી સાંભળો રે મ્હારા સ્નેહી શામળવાન
હીકર જોડી રે કહે કામીની રે માનો માનબાઇ માગે માન—આધાર.

ચાલુ ૧૨૬

શામળીઆ સ્નેહીરે હમો ઘેર આવીએ રે કહું મ્હારાં મનડાં કેરી વાત
લટકે ને મટકે રે દેશું હને આવતો રે ભુજ બળ શું ભીડું રે બાથ—
શા.

કોડ કામીનીનાં રે પ્રભુજી પુરીએ રે સભા માંહે આવોજી મ્હારાજ
મણ્ડલીક મ્હેતાને રે પ્રાતઃ થાતાં મારશે રે તો તે હમને વ્હાલા
લાજ—શા.

આવોની રમીએ રે માઝમ રાતડી રે હમો હળવા પડયા છું આજ
ને તો હમને રે કૃષ્ણજી કેમ ગમ્યું રે સુન્દર શ્યામ સલુણા રાજ—શા.
પ્રિતલડીનાં બાંધ્યાં રે મન્દીર પધારીએ રે પ્રિયતમ પ્રાણ તણો
આધાર

મ્હાનબાઇ કેરીરે વ્હાલાજી વિનતિરે મ્હેતાજી મ્હેલાવો આ વાર—શા.

ચાલુ. ૧૨૭

મ્હારા જીવનજી રે હમો શરણે તાહેરે વ્હાલા વિનતડિ અવધાર
ગોપીકા વલ્લભ રે તુજને હું વિનવું રે એવડી શાને લગાડો વાર-મ્હારા.
દુર્જન જનનેરે દુઃખ દાખો ઘણું રે મ્હેતાજીને આવી આપો હાર
અર્દ હમારૂં રે સ્વામી સાંભળજો રે વ્હાલા સેવક જન આધાર-મ્હારા.

મ્હામેરૂં કીધું ભલું હવે ક્યાં મુકો હાથ
લાજ હમને લાગશે ભક્ત વત્સલ વૃજનાથ

મ્હાય બહુ કીધી રે કાળા કૃષ્ણજી રે હવે ક્યાં સીધાવ્યા છો આજ
લમ્પટ લાલા રે લાજ નવ તુજને રે કોણ ગાશે ગુણ મહારાજ-
મ્હારા.

હમો પ્રભુ હમનેર ઘણું અનુસર્યાં રે તો ફળ ક્યાં નવ દે અવિનાસ
ડીકર જોડી રે કહે છે કામીનીરે ભણે રતન હમારી દાસ—મ્હારા.

રાગ મારૂ. ૧૨૮

હમારી વિનતડીરે હમો સાંભળો સારન્ગપાણ
સન્કટ હું તે શું કહું વ્હાલા હમો છો ચતુર સુજાણ—હમારી.
હાથ હમારરે હો કેશ રે ન કેમ સંઘો કિરતાર
વિલમ્બ ના કીજે રે વિઠલા રે એવડી શાને લગાડો વાર—હમારી.
સજ થાઓને આવજો રે લક્ષ્મીવર રે વિલાસી
રૂખિમણીજી જાનાં શું રહ્યા રે હું એક ત્હારી અભિલાસી—હમારી.
હમો રાહો શું વિક્રમજી લક્ષ્મીવર ભક્તા ધાર
કહે સુરસેન્યા કૃષ્ણજી સાંભળજો રે આણે અવસર આપો
હાર—હમારી.

મેવાડો ૧૨૯

મ્હેતાજી હુભાએરે દામોદર રાયજીને હમો છઈં જન્મોજન્મનાં દાસ
સ્હાય ઘણી કીધીરે લાડ લડાવીઆંરે હમને છે એક ત્હારી આસ—
મ્હેતાજી.

નરસૈયાને મણ્ડલીક મારશેરે હમો પૈઠો રાનાજી મન્દીર
રન્ગે બહુ રમિયારે ગોપીકા સન્ગમાંરે ત્હારા સેવકની શી પેર—
મ્હેતાજી.

ત્રિતલીનાં બાંધ્યારે પ્રભુજી પધારીએરે આવોજી રન્ગે રમિએ રાસ
મોગરાની માળારે સાથે લેતા આવીએ પૂરો હમો અબળા કેરી
આસ—મ્હેતાજી.

વૈકુણ્ઠ ભરડીરે ભુધર શું ભુલા પડ્યારે પામ્યા ગોકુળમાં આરામ
નરસૈયાની સન્ગેરે લઇ રહ્યા દુરાશુરે અવનાસરે સુન્દર શ્યામ—
મ્હેતાજી.

વૃન્દાવ્રન્દમાંરે લાડ લડાવીઆંરે તે કેમ વિસારો મહારાજ
રૂઠડા સન્ગેરે પ્રભુજી રૂઠીએરે રાખો નરસૈયાની લાજ— મ્હેતાજી.

દીનને જાણીરે મોહનજી મયા કરોરે મણ્ડલીક રાયનું મોડો માન
રતન દાસીનીરે વિનતડી અવધારજો રે અતીને સામળા કરજે સાન
—મ્હેતાજી.

રાગ મારૂ ૧૩૦

સખી તું કહેતી આ પેલો કહાન પિણ્ડારમાંરે
કેવો સુન્દર ચાતુર સુજાણ નહી નર નારમાં રે — સખી.
બાંધ્યો જયમ શામળીઆ શું સ્નેહ મોહને ચાતકીરે

ભલે લોકડાં બોલો આળ દુરિજન પાતકી રે- સખી.
હરી ગુણ ગાતાં લાગે જો લાજ તો ભલે લાગજો રે
કર્પુર ખાતાં દન્ત ભાંગે તો ભાંગજો રે- સખી.
ખર્ચતાં ભણ્ડાર ખુટે તો ખુટજો રે
ભલે સુવર્ણ પ્હેરતાં કર્ણ ત્રુટે તો ત્રુટજો રે- સખી.
સખી રમતાં છબીલાજી સન્ગ ખિજે તો ખીજજોરે
બેશી નાવ ઉતરતાં ગંગ ભીન્જે તો ભીંજજો રે- સખી.
સખી થડ મુકીને ડાળ કોણજ વિરમે જો
તેમ આ નરરૈયાનું મન છબીલા શું રમે જો- સખી.

સોરઠ. ૧૩૧

ત્હમો સાંભળો સારન્ગપાણી વનીતા વિનતિરે
સન્કટ હું તે સહું કેમ વ્હાલા શીર પર ચાતુર સુજાણ- વનીતા.
દાસ ત્હમારા દોહલારે કેમ સહેશો મહારાજ
વિલમ્બ ના કીજે વિઠ્ઠલારે આ જાય તમારી લાજ- વનીતા.
હળવા ત્હેં હમને પાડીઆરે ત્હારા ગુણ કોણ ગાય
આજ બહ઼ પાળો બુધરારે તો હમો થકી જીવાય- વનીતા.
શું રે સુતો સામળારે ભાગો ભોગળ આજ
હાર આપો ત્હમે દાસનેરે જાય મણ્ડલીક ની લાજ- વનીતા
હમોને તરછોડી વાલમારે ત્હમો કરો છો વિલાશ
પ્રકટ થાઓ પ્રભુ પાતળારે હમને એક ત્હમારી આશ- વનીતા.
સ્વામી શું નથી જાણતારે ઉતારો મન થકી રીશ
ક્ષમા કરો વિભુ રન્ક છું રે નમે સુરસેન્યા શીશ- વનીતા.
હમો અબળા ત્હમને ભજું રે કરોજી વાલમ સહાય

ભક્તને પ્રભુજી ઉગારીએરે વ્હાલા શ્રી વૈકુન્ઠ રાય— વનીતા.
સુરસૈન્યાની વિનતિ સુણી ચિત ધરી દામોદર રાય રે
આશા નથી હરી ઉડીઆરે ભક્તની કરવા સાથ રે— વનીતા.

પુરવઇ. ૧૩૨

ધીક: ધીક: જ્યાં ભકત દુભાય શું રન્ગે રમાય
છોડો છોડો સાગર તનયા રન્ગે રે લાજ લુટાય—ધીક:
ના ગમે સન્ગ રન્ગ બર્દનાં અનેરા ઢન્ગ
જાઉં વેગે છે ઉમન્ગ સ્હાય સ્હાય રાખું રન્ગ—ધીક:
વાન વપુ હાં જાયે ભકત જો સહજ દુભાય
થરરરરર કમ્પે કાય છોડો છોડો આ કમળાય—ધીક:
સ્નેહ ભકત તણો અપ્રતિમ હાં નિઃશિમ
શર્ણું ગ્રાહે સદા અન્તીમ ઉર્મા વીકશે કાય—ધીક:

ઘોળ. ૧૩૩

ગુણીયલ ગજરોરે પરો કણ્ઠેથી શું કરો
કરતી મજરોરે વિનતડી ઉર ધરો— ગુણીયલ.
પાટ રાણી જ્યાં પાંચ સ્નેહે સદા પાદજ સેવતી
તરછોડો ભકતને કારણે શું સ્નેહ વધ્યો કરતાં અતિ.
ડાહ્યા ડમરારે કયાં તરછોડો નકામ
શ્યામ સન્ગ રન્ગે ભરો— ગુણીયલ.
ધશમસ્યા કયાં જાઓ છો સ્વાસે ભર્યા હો શ્યામ
વાલમ વિરહે માહેરી કમ્પે કાય તમામ

ભોળા ભમરારે કળી હડહડતો કહાવે
ભક્ત લાવો કયાંથી ભુધર ભ્રમને હરો—ગુણીયલ.

ભેરવી. ૧૩૪

સાગર તનયા શું રહ્યાં રોકી અસુરજ થાય
મહા માયા ત્હેં બહુ વાહ્યા વળી શાને ભરમાય—સાગર.
સ્નેહજ ત્હારો દેહજ આરો ચૈતન્ય સન્ગી ભક્ત
વાસના ત્યાગી લ્હે એક લાગી જાણે જક્ત વિરક્ત—સાગર.
ઉર્મીરે અન્તરમાં વસી આવી અવલોક
પ્રાણ જાતાં ના મુકે સ્મરણ માળા વિલોક— સાગર.
નેકીનો નમુનો જે છે ટેકી તે સમો ના કોઇ છે
વચન માટે ના ગાયે રાગ જો સમય શો છે— સાગર.
સાગર તનયા સન્ગમાં આવ્યા શ્રી રણછોડ
છદમવેશે પ્રજ્ઞા વશી અદૃષ્ય રહ્યાં સહજોડ— સાગર.

રાગ કાલેરો. ૧૩૫

વ્હાલો ગોકુળ માંહી રે રહેતો ત્યાં નવનીત ચોરીને લેતો
રાધીકાજી તણે ઘેર જાતો ત્યાં ટાહાડો કુમ્મર ખાતો—વ્હાલો.
યશોદાજી બાંધતા તાણી ત્યાં હું મુકાવતો સારન્ગપાણી
તહમો તે વેળાને સમ્ભારો એહવું જાણીને વ્હાલા ઉગારો—વ્હાલો.
માંહોમાંહે મ્હોટાઇ મા આણો મ્હને પોતાનો કરીને જાણો
અલ્યા મ્હારે રૂડે ત્હારૂં રૂડું અલ્યા મ્હારે ભુણ્ડે ત્હારૂં ભુણ્ડું—
વ્હાલો.

હમેં સન્ગાથે હોડ ના કીજે પ્રિતે હાર કુસુમનો દીજે
મ્હારી પત જાતાં ત્હારી જાશે ત્યા ગોકુળ કેમ રહેવાશે—વ્હાલો.
લોક બોલે વરવું ત્હમારૂં ઢાન્ક મ્હારૂં ઉઘાડીશ ત્હારૂં
હવે ક્યાં સન્તાઇને પેઠાં વળતો મ્હારી મીટે નવ દીઠા—વ્હાલો.
શું રાધીકાજી રહ્યાં ત્હને રાખી કેમ જીવું કાનુડા પાખી
આવી દર્શન દયોરે દયાળ શ્યામ મુખ આ આળ પમ્પાળ—
વ્હાલો.

યશોદા નન્દન ક્હાનજી કાળા પ્રકટ થાઓ પ્રભુ રઢીઆળા
મ્હેતા નરશીંહ કેરારે સ્યામ કરશો મા બધુ આત્મારામ— વ્હાલો

ચાલુ. ૧૩૬

શામળીઓ ગોપીઓ માંહીરે ફરતો વારે વારે અડપલાં કરતો
તું તો આવને વ્હાલારે ધાઇ ત્હારાં ચરણે રહ્યો હું સાહી-શામળીઓ.
ત્હને જન્મો જન્મનો વળગ્યો પ્રભુ કેમ હું ના થાઉં અળગો
ત્હને ગોપી મળી કો મદમાતી જે દર્શ સુખે હજુ ના ધરાતી-શામળીઓ.
તું તો કમજાત કુજાત કહાવે તું તો આહીર મન્દીર સોહાવે
કો રોકી રહ્યું કહાનજી કાળા આવ આવ ઓ પદ અણુઆલા-શામ.
રહી રજનીરે થોડીરે થાય ત્હારો ભક્ત નરશૈયો પીડાય
ઝામ્યું બળ પ્રબળ સૌ ખળનું ભગવાં ઝુણ્ડનાં ઝુણ્ડ વાદળનું-શામ.
રાયને સાળકે સુળજ ઘોંચી ત્હારો ભકત રહ્યો મન શોચી
ભારે દીધું ભુપતિએ તાળું આવી મુખ કરો પ્રભુ કાળું-શામ.
એહને પણ્ડીતે વાર્યો જઇ તોયે શાન અન્તરમાં નહી
વાર્યો માતાએ તેમજ ભામા ભગવાં વિણ સૌ એહને નકામા-શામ.
આવી સ્હાય કરો દિનાનાથ હાર આપી ગ્રહો વ્હાલા હાથ
મ્હેતા નરશીંહ કેરા આધાર મ્હારી વિનતડીર સ્વીકારો-શામ.

ધ્રુપદ. ૧૩૭

બંશી ધરણ સરણ લ્યો બંશી
અહા ! શી દ્દઢ પ્રિતિ ચહે ચિંતિ—— બંશી.
સ્નેહ સંગીતે વહી વહી યામીની વીતી ગઇ
ના ટેક છોડી ધન્ય ધન્ય સ્મરણ માળા વહી રહી
ઉર વશી અપ્રતિમ ભક્તી માંહ્ આશક્તિ—— બંશી.
ધશામસ્યા દોડયા આવો અહા! કેમ ના વિભુ
રસ વસ બસ અહા! ના તલશાવો પ્રભુ—— બંશી.

ઠુમરી. ૧૩૮

જાઓ મદ ઘેલડી વન વેલડી લોભાવો મહા માયા
જે શું જન કંઇકો વાહ્યા ફરતા થઇ જગ રઘવાયા
અર્ધ વચમાં જઇને અટવાયા વાહ્ મદ ઘેલી માયા—જાઓ.
કાયાની માયા નડી મમ પદ એક સાહ્યા જઇ
સ્નેહે ફશાયા નડી ના કેમ હુભાવ્યા કોઇ— જાઓ.
કહેશો કેતક નવ દીધી આજ્ઞા વિનારે બ્રિદ્ધી
પૂરો દ્દઢ પ્રેમ લીધી ભક્તી રસ કેરા નિધિ— જાઓ.
આજ્ઞા ધરી પ્રકટ થઇ સાગર તનયા ત્યાંય
નિકટ આવી નેહ શું મ્હેતા નરસીંહ જ્યાંય— જાઓ.

દીપક. ૧૩૯

ગાઓજી મ્હેતાજી કેદારાનું ગાન
જેથી રિઝે ભગવાન આપે હાર એ ખાસ

દર્શ દે કરૂણા નિધાન— ગાઓ.
સ્મારક રાગ જે સન્કટ અર્થે આપ્યો જે સામળવાન
વિસમરો કાં ભકત ભુધર ગાઓજી ગાઓજી ગાન— ગાઓ.
જેણે કરીને વેગે વળતા સન્કટ સમે સતિ કાન્ત
મામેરાંને શ્રાધ્ધ જેવાં હુંડી શીકારી શી ભ્રાન્ત— ગાઓ.
વકત વ્યય શાને કરો છો સ્મરણ કરો બક્ષીશ
માધ રીઝવો શ્યામને કહું છું હું નામી શીશ— ગાઓ.

હોરડી. ૧૪૦

એક સાંજને સમયે આવ્યો અતિથી
સ્વાગત કાજ ના મળે વદું શું વિતિ— એક.
દાસ જાણી પ્રભુ આસ ઉર આણી
ન મળે પાસ અવર કાંઇએ લાજ લુંટાણી— એક.
ધરણીધર મ્હેતાને ઘેર ગયો સમય ચેતિ તે વેર
લાગી પાયને વિનતિ કરી મુકયો કેદારો ધરાણે ધરી— એક.
રૂપૈયા લઇને આવીઓ સન્તોષ્યોરે અતિથ
તેહ હજુ નવ છુટીઓ કેમ ગવાએ જે દીધ— એક.

દેશ. ૧૪૧

સાનમાં સમજો વ્હાલા વિહારિ વળો વેગે કેદારો છોડાવવા
દર્પ દનુજ એ ભક્ત શું વ્હાવા વળે નવ મ્હારૂં માયા શું છાંવા
દામોદરજી ચુકાવો વેગે દાવા મન મોહનજી મ્હાવા— સાન.
અહંભાવ નહી માયા મોહ લ્હાવ નહી

ભક્તિ રસ આવ જહીં ભુધર નવ ચાલે અહીં- સાન.
સ્મરણ માળા મુખ થકી પળ પળ જ્યાં ગુન્થાય
કાન્ત બ્રાન્ત શી મોહની પ્રણવ પાન જીવ્યાહ- સાન.
કૃષ્ણ કાનુડા કામી પન્થે પળોજી સ્વામી
ભક્તનાં અનુગામી વિનતિ લ્યો પ્રણામી- સાન.
ભક્ત વ્હાલા ભગ્વાનને વૃક્ષ સ્થળ આપ્યો વાસ
સહન કરો કેમ શ્યામજી દુભાયે તમ દાસ- સાન.

સામેરી. ૧૪૨

વિનતિ સુણીને કમળાપતિ ધર્યું રૂપ નરશીંહનું અતિ
ભર્દ માટે પન્થે પડયા ધરણીધર મ્હેતા મન્દીર અગ્યા-વિનતિ.
બે ઘટિકાનો છેરે વિલમ્બ પ્રાતઃવેળા રહી છે અવલમ્બ
ઠોકયું દ્વાર બહુ પાડી સાદ ઉઠાડ્યા ધરણીધર ત્યાં આદ્દય-વિનતિ.
આવો આવો મ્હેતા વદે જેહનું પરમ પુનીત છે હૃદયે
પ્રાતઃવેળા કેમ પાવન કર્યું ત્રીવીધ દુઃખ સૌ ચર્ણે હર્યું-વિનતિ.
વદો મ્હેતા આગમન કાજ જેથી પામું સૌ સુખસાજ
વળતું વચન ત્યાં વિઠલ વદે ખટક વસી રૂપૈયા હૃદયે-વિનતિ.
આપો ખત લખી આપ્યું મેં ગણી રૂપૈયા લ્યો જે થાય તે
વિચાર વમળમાં મ્હેતા અગ્યા લીધા ગણી રૂપૈયા મળ્યા-વિનતિ.
આપ્યું ખત તે હાથોહાથ પછી વદયા મ્હેતા સંગાત
કહો કારણ દિનદયાળ કાં ન્હોતી થાતી પ્રાતઃકાળ-વિનતિ.
શા કારણ આવ્યા વેગે વહી મર્મ ન્હેં છે કાંઇ છુપાઇ
જો વાંધો ના હોય તો વિદિત કરો પછી આપણે પન્થે પળો-વિનતિ.

ધોળ. ૧૪૩

સમય ત્યાં રે શો જોવો જેહનું લીધું તે દેવું
વૃથા વકત ના ખોવો દેવું દાવાનળ જેહવું— સમય.
સુખે સુવે નવ તે કદી રે માંગણ હાથ શીર
મનશા વાચા કર્મથી રે જાણો મ્હા જન્જીર
મ્હેતા દોષ ના દેશો વદું જે છે જેહવું— સમય.
પ્રજાળનાર એ ચિન્તા ચીતા સમ છુટે શાન્તી થાય
ચણ્ડ પ્રચણ્ડ એ શાન્તી પામે જો આપે શિશ નમાય
જેથી સમય ના જોવો નિતિ સિદ્ધાન્તે એહવું— સમય.

સામેરી. ૧૪૪

વિઠ્ઠલજી ખત લઇને વળ્યા મ્હેતા કુળ વધુને કળ્યા
દ્વાર ઉલ્લંઘતા સ્હામી મળી મોહન કેરા તે મર્મજ કળી—
વિઠ્ઠલ.
પ્રણમી પાદ વદે વિનતાય જાણ્યાં મેં ત્હમને જગરાય
પ્રભુ ભક્તની કરવા સ્હાય છોડાવવા ભક્ત મ્હેતાય— વિઠ્ઠલ.
આવી રૂપૈયા આપ્યા રાંક મેં ત્હમને જાણ્યા નાથ ત્રૈલોક્ય
સોહે નરસીંહ સભા માઝાર સૌદા મળી જ્યાં માંગે હાર—વિઠ્ઠલ.
તે ક્યાંથી રે આવે અત્ર એ તો છે ત્રીકમનાં તન્ત્ર
મોહનજી શું મન્ત્રે મહાલ્યા મ્હેતા થઇને ફોકટ ફાળ્યા—વિઠ્ઠલ.
વળતું વચન ત્યાં વિઠ્ઠલ વદે પન્થજ લે તું ના વદ મદે
જાવા દે અસુરજ થાય શાથી રાંક શું ઇચ્છાય— વિઠ્ઠલ.
હું છું મોહન શું છે કામ જાણી મર્યાદા ત્હેં ગજ ગામ
સ્યામા એ કરવું ના ઘટે રહેવું જોઇએ વપુ નાં વટે— વિઠ્ઠલ.

રાગ દેશ. ૧૪૫

હરી હીરનો હસ્તે ચડો તે કેમ તરછોડાય
પ્રણામી પાછા સેવવારે જે ઝાલ્યા નવર ઝલાય
મોહન કરૂણાળુ કરજે મયા વિનતડી ઉર ધરો
અપન્ગ અબળા હું પત્નું દયા મને કર ઉગારો— મોહન.
રૂપ અનુપ ક આપીયું સન્ગે રાખી ખોડ
ધન્ય ધન્ય ધરાણીશ્વરા મનના મનમાં કોડ
કાર્ય ના થાયે ઐકર અન્ગોઅન્ગ સૌ વ્યન્ગ
શુરૂં બોલે વિવેક રે કુળ વધુના શા ઢન્ગ— મોહન.
સૌભ્ય વર્ગ જે માત્વરા સેવે મુજને હાય
ધિક્: ધિક્: જકતમાં જીવવું કાં નવ પ્રાણ પળાય
સતિ ધર્મો શા ધારૂં રે પતિ સેવા ના થાય
ભુતળ ભાર મારૂં રે મોહન કરજે મયાય— મોહન.
સન્તોષી ત્યાં પ્રેમદા કાપી કઠણી ખોડ
વ્યથા વિદારી અન્ગની અદ્રશ્ય થયા રણછોડ
શ્યામા મન્દીરમાં જાતાં રે કુળ વધુ દ્રગન્તે અડીયાં
ધરણીશ્વર મ્હેતાજીરે વિચાર વમળમાં પડીયા— મોહન.

રાગ ધોળ. ૧૪૬

ચમત્કૃતી શી ભાળુ અન્ગોઅન્ગ જે વ્યન્ગ
અહા! આશું નિહાળું વ્યન્ગત. નવ અન્ગ— ચમત્કૃતી.
પુની મોહો પ્રેમ શું ક્યાંરે ગયો ૨જ રોગ
ધડ. પર જે તન ત્રાવતો ક્યાં ન્હાઠા વ્યન્ગ ઓધ— ચમત્કૃતી.

વડીલ મ્હારા વિનંતિ એ મ્હેતા મોહન મર્મ
કેમ વિસ્મરો પુન્ય છો મનસા વાચા કર્મ— ચમત્કૃતી.
મ્હેતા મણ્ડલીક મ્હેલમાં હારજ વાદે સોહાય
ક્યાંથી આવે અત્ર એ વિના એક જગરાય— ચમત્કૃતી.
ચેતી મોહનજીને મનાવ્યા પન્થે અત્રથી પળતાં
મેં તો મર્મે વિનવિયા મયા મોહને વળતાં— ચમત્કૃતી.
મ્હેતા શોચે મન ઘણું ઓળખ્યા નવ જગરાય
માયા માંહી ભુલીઓ જે સૌ કોને વ્હાય ચમત્કૃતી.
દર્શનની લ્હે લાગી ચાતુર થઇ કેમ ચુકે
મ્હેરી વસ્ત્રને વાગો પન્થ સભાનો શું મુકે— ચમત્કૃતી.

રાગ હીન્ડોળ. ૧૪૭

મોહન મ્હારા કામણગારા ક્યાં છુપાયા ઓ રઢીઆળા
સાર્જે લાલા કૃષ્ણ કાળા બર્દ પાળો હાંસી ટાળો વ્હાલા— મોહન.
પત જાએ કરો સાળે પ્રાત થાતાં કોણ ઉપાવે
વેગે વળો નન્દલાલા હાર હરીઆળા લાવો લાવો
ના તલશાવો ના ગુમાવો તક ત્રીકમ યાચે બાળા— મોહન.
તલપ તલપ છ્યા પ્યાર શોચે તન રહ્યા
મલપ મલપ તારે આવો આવો રે લાલાવો
શું સતાવો કૃષ્ણ કાળા હાર આપો ગુલ લાલા— મોહન.
નેક જાય ટેક જાય મેહુતા કેરી મન મુંઝાય
સ્હાય કરો જગરાય વિનવીએ લાગી પાય
અવધારો કણ્ઠ કાળા શૃન્ગારો કુસુમ માળા લાલ— મોહન.

ભૈરવી. ૧૪૮

કોઇ જઇ બોલો એ કૃષ્ણ શું કે હાર આપે આવીને રીતથી
હઠ કરે વટ નહી રાખીશું કે આણું આણ રૂન્ધન અમિતથી—કોઇ.
શશી સ્હાયક પુરક પાન રવી રેચક પ્રચણ્ડ આણુ
કુમ્ભકે લાવું કહાન ચાર મુખી ચળાવું ચિતથી— કોઇ.
ચતુર અષ્ટ દસ અન્ગમાં પ્રણવ પાન કેરા રન્ગમાં
રૂન્ધુ ત્રીલોકય બ્યન્ગમાં જો વાલમ ના ચેતે ચિત્તથી— કોઇ.
છુપાશે ક્યાં જઇ લાજને લુંટી ચૌદ ભુવનમાં પડીશ હું ત્રુટી
જીવન મ્હારાને લાવીશ હું ઝુંટી વિખુટો પાડી સ્નેહ સરિતથી—કોઇ.
મોહન માનુની શું મલપતો સ્નેહ રન્ગે શું ભીન્જતો
નરશીંહ ત્હારાનો વટ જતો ચેત ચેત ચતુરા શું ચિત્તથી— કોઇ.

મ્હાડ. ૧૪૯

મોહન તું મનનો મેલો કે શ્યામા સન્ગે શું થાયે ઘેલો
વાલમ વળ વેગે વ્હેલોરે લાજ લુંટાયે ત્હારી—— મોહન.
વ્યન્ગજ થાવું જો હતું ત્હારે આપ્યું વચન શે કાજ
જીવન ત્હારો જીવ લોભાયો કુસુમ બાળે શું આજ
તરછોડી કીધા તૃણવત્ બીકમ તુંથી આવ્યો વાજ— લાજ.
શ્યામાનાં સન્ગમાં ભક્તને ભુલ્યો કોને દીધી આસ
કાનુડા કપટી જાણ્યો મેં તુજને હાસ્યથી આદર્યા રાસ
જેટલા કાળા તે સૌ કપટી કેવે ગરદ્યા વાસ— લાજ.
કુસુમ બાળે શું મન લોભાયું અન્તે આહીર જાત
ન્યુનતા નિહાળે પ્રણય કુશુમમાં જાતમાં પાડી ભાત
નરસૈયાના સ્વામી શું વ્હાલા વિતે વસમી રાત—— લાજ.

ભૈરવી. ૧૫૦

માનસ સર માંહે વિકશેલા સમયે શું તરછોડે
સારસ સુંદ ત વિકશેલા અલીકુલ ગુંજા મ ડે- માનસ.
સારન્ગ દેખી ભો રગોયાત હું સારન્ગ શીરપર રહ્યો
સારન્ગ સુતા અંકજ લઇને સારન્ગ ભાગ ગયો
સારન્ગ ત્હારા આ શા ઢન્ગ સારન્ગ જ્યાં ભોં કોડે-માનસ.
સારન્ગ સારન્ગ દ્રગ શું રે દેખું સારન્ગ સામ્પ્રત કાળ
સારન્ગ અવિત્ સારન્ગ શીરપર સારન્ગ ભો સુળ સાલ
સારન્ગ સુર થઇ અત્ર સારન્ગ સ્થળ શું રે મોડે- માનસ.
સારન્ગ સારન્ગ ખુદ છે ત અર્પો સારન્ગ સાર
ધન્ય ધન્ય સારન્ગ ત્હેને શાનજ સારન્ગ હાર- માનસ.

સારન્ગ. ૧૫૧

માન ને મન સુખનો દેનારો તક કેમ ચુકે આપ
તન્ત્ર રતિ રસ શું રસનારો રમણ પૃષ્ટે ત્રાપ- માન.
કેમ ચુકે ચાતુરભુજ જે ખમાં વ્યાપક આપ
અલક્ષ્ય ભેદ જે વેદે વરણવ્યો સમાવ્યો સ્નેહી ત્રાપ- માન.
લક્ષ્ય સ્થાન લલીતનું સ્નેહે અમીરસ દ્રગશું દ્રવીત્
અદ્રષ્ય રહ્યો રહ્યો હૃદય રમણ ખત કર્યું પ્રક્ષીપ્ત-- માન.

નટ. ૧૫૨

નટવર નૃત્યકર મનહર મોહન દનુજનાં દર્પ હર ભુમી જા દોહન
વત્શળ દ્રગ બળ વિમળ વિમળ સુતળ વિતળ તળ ભુતળ

ત્યાં ચાતુર દશ ચાર મોરારે વિહાર શુન્ગાર સ્નેહી સુખકર—નટવર.
કરૂણાગુંઅ કરૂણા કરી છોડવાં રાગ રસદાઇ
અક્ષાપ્ત ખત પ્રેમ કર્યું અ ર્પે કરી સરસાઇ
સંતોને સહાય કરી વિનતિ ઉરે ધરી ભક્તને કાજે હરી—નટવર.
દર્પ દનુજ વિદારવા તર્પ ત્રાપ અમાપ
ગોરીઆ ગમાણે આવતાં ઉરમાં આસા છાપ
કાનુડા કામણગાર. અણીઆળાઃ દૃગપ્યારાં આવાગમન ત્હારા—નટવર.
અક્ષાપ્ત પત્ર પેખાને શ્રાપાત થયા મન ભન્ગ
ચેડા કહાડી બોલીઆ આ શા માંડયા ઢોન્ગ— નટવર.

કાલેરો. ૧૫૩

દામ્ભીક દમ્ભમાં ડુબ્યો રહે ખત કોણે પાઠવીયું કહે
માંડી ચાળા વાહે રાય શું કરતો જાયે અન્યાય—દામ્ભીક.
પાઠવનારા તું પેખાડ નહીતર શીર મ્હોટી જન્જાળ
પૃષ્ટે જઇને નાંખણ હાર સન્ગી ત્હારા ત્હેનો કાર—દામ્ભીક.
એમ શ્રીપાત શું જાયે વાક્યા જેણે તર છોડી જકતની માયા
ઢોન્ગ સોન્ગ ના જાણું ભેદ સાચું બોલ કહાડીશ ઉચ્છેદ—
દામ્ભીક.

માન માન વિદીતજ કર મ્હેતા ધર કંઇ પ્રભુનો ડર
બચ્ચાં શું સમજાવે આજ ભરી સભામાં જાશે લાજ—દામ્ભીક.
કયાં છે હાર હજુ ત્હારો છળી છળથી ના સોધ આરો
ફટ ફટ ભુણ્ડા ધર કાંઇ લાજ કપટે ના સરે ત્હારૂં કાજ—દામ્ભીક.
જો હોય જીવનની આસ તો લે પ્રિતે તું સન્યાસ
બીમ ભણે મ્હેતા મન ધરા સેવી રામને ત્રાપજ હરો—દામ્ભીક.
અણુ અણુ અવલોકીમાં સર્વત્ર કહાડી ભાળ
પાઠવનારો ના મળ્યો ભમર ચડી કપોળ—દામ્ભીક.

ભૈરવી. ૧૫૪

સંસાર યામે ફુટ્યાં દૃગ જેહના પ્રમાદે જે જન ભીના
અહંતામાં જ્ઞાન તણી શી જ્યોતી અન્તર જે જઇને લ્હોતી
મદ માયામાં રહી મ્હોતી અવલોકે ક્યાં જઇ ચીતીનાં—સંસાર.
પાઠવનારો પ્રભુ ના મળે પ્રમાદમાં રે
દર્શ દેનારો દાતા બાંધ્યો છે પ્રણવ નાદમાં રે
શોધી જો તું આરો ત્રીકમને સ્મર આલ્હાદમાં રે
શ્યામ મ્હારો શીર મ્હેતા મ્હારે ઉન્માદે બ્હીનાં— સંસાર.

કાલેરો. ૧૫૫

વ્હાલાજી રાગ મુકાવીને લાવ્યા ખત વાંચીને ખંખાર્યા રે
નાચે કુદે ને તાલ વગાડે વ્હાલે ક્ષણુએ ના વિસાર્યા રે—વહાલા.
મધુર સ્વરે કેદારો ગાયો ગોરીઓ ગમ.ણે આવ્યો રે
ઠમકે ઘુઘરી નેપુર રણકે વ્હાલે રાગ કેદારો મુકાવ્યો રે—વ્હાલા.
પ્રકટ થાઓ પાતળીઆજી આવી હારને આપો રે
બાંહ્ય ગ્રહ્યાનું બદ જ પાળો કષ્ટજ મ્હારાં કાપો રે—વ્હાલા.
મલપતા મોહન મણ્ડપમાં આવો છો ભકત વત્સલ જાઉં વારીરે
ભગ્વાં કેરો ભારજ ભાંગો પ્રિતે પાતળીઆ વિહારી રે—વ્હાલા.
પ્રક્ષીપ્ત ખત શીર પર મુકીને સખીઓ સન્ગે સાવધાન રે
જય જયકાર ભણે નરસૈયો ગાન તાન મસ્તાન રે—વ્હાલા.

મારૂ. ૧૫૬

ભકતીરે વ્હાલી નાથ તહને ભકતીરે વ્હાલી
વિહારી વૈકુણ્ઠથી તું આવ્યો ચાલી નાથ તહને
અભીજ્ઞ ઇન્દ્રાદીક દેવ મુની દુર્લભ કણ્ઠે ગોપી બાંહ્યજ ઘાલી
ભકત કારણુ યશોદા ઘર પ્રકટયા કંશ વધ કરી નાખ્યો કાલી—નાથ.
ભકત માટે અમ્બરીષ ઉધ્ધાર્યો અવતાર દશ વાંચા પાળી

જય જકત મોહન જુગજીવન આ આમાંક કીકી અણીઆળી— નાથ.
પ્રભુથી પ્રહ્લાદને કાજે મોરારી સ્તમ્ભ શું સાદજ દીધો
નરશૈયાનાં સ્વામી ભકત વત્સલ ભકતી ભાવે ધ્રુ અવિચળ કીધો—નાથ.

ચાલુ. ૧૫૭

ભકતીનાંરે પ્રતાપે નાથ ભલી ભકતાનાંરે પ્રતાપે
ધ્રુ સમ અવિચળ કરીને સ્થાપે— નાથ.
આપનાં અન્ગની અન્ગના રે આપે તાપ ત્રીવીધ સૌ કાપે
ભકતી માંગે ત્હેને મુકતી રે આપે ઇન્દ્રાદીક બ્રહ્મ ઉથાપે — નાથ.
પુટ રસના કરી સાધુને નીન્દે તે ભકતીની વાતો શું જાણે
તુલશી તીલક તણાં ભેખ કો નવ લહી આપને મુખ વખાણે—નાથ.
અવર બાપડા મુકતીને રાચે મુણ્ડ કૃષ્ણ સેવા નવ યાચે
અહા ! નરશૈયો કાંઇ નવ યાચે એકો જન્મોજન્મ જીવન યાચે—નાથ.

કાનડો. ૧૫૮

હું યાચું તે મુજને મયા કરો રે ગૌચારક ગૌપાળ
વારે વારે શું વિનવું વિઠ્ઠલારે પર દુઃખ ભન્જન પિણ્ડાર— હું.
આગે ભકતો ઉપર કરૂણા કરી હાર આપો થાય કલ્યાણ
જેજે માંગે તે ત્હેનેરે આપો તો તક કેમ ચુકો ચાતુર સુજાણ— હું.
રાત્રી દીવસ હું સેવા કરૂં ત્હારી સ્હાય કરો શ્યામળ વેશ
ભણે નરશૈયો અવર નહી ઉરમાં વિના ભકતી એ જન્મ મા દઇશ—હું.

પરજ. ૧૫૯

ત્હને ભકત ત્હારો કેમ ના સાંભર્યો રે વ્હાલા સેવક જન આધાર
સલુણા સકળ વિશ્વાધાર ત્હને વિનવું વારંવાર રે— ત્હને.
શોળ સહસ્ત્ર સત રાણીઓ સપ્ત લક્ષ સુત વન્ત
તૃષ્ણા ત્હારે ઉર વશી વિનતિ કરૂં અનન્ત— ત્હને.
ભકત અનેક ઉગારીઆ વિમાસણ વસી મન
નરશીંહ ભણે તું ચેતે ચેત ખોડ લાગશે તન— ત્હને.

પ્રભાત. ૧૬૦

જાગરે જદુપતિ રજની રે વહી ગઇ મણ્ડલીક મુજને ખીવડાવે
ઉદય અરૂણુ થયો વિલય થઇ હરણીઓ તોય નિન્દ્રા હજુ શાની આવે
—જાગરે.

દધી મથન કરે વેદ વિપ્રો ભણે ભામીનીઓ ભરે શીશ પાણી
તોયે તું ત્રીકમા નીન્દ્રા ન ન પરહરે લાજ લુંટાય સારન્ગપાણી—
જાગરે.

જાગો મુચુકુન્દ ને કુમ્ભકર્ણ ક્યારનો તેહ થકી તુજને નીન્દ્રા વાધી
દ્દી કર જોડીને નરશૈયો વિનવે મે જન્મોજન્મ ત્હારી ભકતી સાધી
—જાગરે.

ચાલુ. ૧૬૧

ઉઠરે અટપટા બોલતું ચટપટા લમ્પટી લાજતો ત્હારી જાશે
વૃજ પતિ રન્ગમાં રેલી લીલા કરે નરશીંહ બ્હારે તે કોણ ધાશે—ઉઠરે.
આલરે ચડવડી બેઠો શું હડવડી જ્યાં વાત ધાડી પડી મુજ સાથે
બર્દ પાલક હરી સાથ કર માલરી નિર્ગમી લાજ તે તુજ હાથે- ઉઠરે.
જોત જો ઝગમગે લોક સૌ ટગમગે ડગમગે નેત્ર જોવાને રૂપ
નરસૈંયો રગમગે ભગવાં સૈ ચગમગે કોપે બોલેરે મણ્ડલીક ભુપ—ઉઠ.

ભેરવીની સાખીઓ. ૧૬૨

નરશૈંયો અતિસય રહ્યો ક્યાં દેતું સમતુલ્ય
કહાં રસ શૃન્ગાર રસ જાન સુખનકો મુલ્ય - નર.
દીની તાકું રિઝકે માળા નન્દકુમાર
રાખ લીગો અપની સરન વિમુખના મુખ દેદાર— નર.
જ્યાં જ્યાં ભકતનકુ કષ્ઠુ પરત હવે સન્કટ આણુ
ત્યાં ત્યાં આકે પ્રેમસે ધરત અભયકો પાન— નર.
સન્કટ નિવારણુ જકતનાં કર વેગે ઉપકાર

ચર્ણોદક પ્રાશાદ રન્ય બેઠે સોઇ ઉધ્ધાર— નર.
ગુર્જર ધર પાવન કર્યું ધરી નરશીહ અવતાર
પ્રેમ ભકતી હ્રદય ધરી ગાયો રસ શૃન્ગાર— નર.

કેદારો. ૧૬૩

અઉમકાર નિરાકાર સાકાર દાતાર
જગ મોઝાર તન્ત્રતાર દ્વાર દ્વાર— અઉમકાર.
દ્રગ શું ના દેખું વારી નત્વવત્ શાને ભુમિજા ભારી
શ્યામ છબી વારી વારી થન થન અવિકારી— અઉમકાર.
લલુતા વિભુ શું ત્હાર પ્રભુ ત્હારે સા વિકારે
વિનતિ કરું હું વારી વારી
વમળ વાર જગપર માર ભાર ભાર— અઉમકાર.

સિન્ધુડો. ૧૬૪

કમાંડ કડકડીઆં જોને ગડગડીઆં મણ્ડળીક મન્દીરરે
ભોગળ ભાગીને તાળાં તુટયાં પધાર્યાં ત્યાં શ્યામ શરીરરે—કમાડ.
ખડખડીઆં ગઢ કોટ કાંગરારે ન્હાદા સેવક પડયો પોકાર
ન્હાઠા ભુર સભાથી દુષ્ટા થઇ રહ્યો ત્યાં હાહાકાર— કમાડ.
આસનથી ઉઠયા અવિનાશી પ્રેમે આવ્યા મણ્ડપ મોઝાર
સભા સર્વે દેખતાં કાનુડે મ્હેતા કણ્ઠે આરોપ્યો હાર— કમાડ.
પિતામ્બર પ્રિતે ઓરાડી આપ્યાં કર્ણે કુણ્ડળ જોડ
મસ્તક મુકુટ સમર્પી નાચ્યા જય દામોદર જય રણછોડ—કમાડ.
મુખ મોરલી મધુરી વગાડે દિનાનાથ જે દિનદયાલ
રન્ગીલો છબીલો ને છોગાળો તે લે ભમરી ને કરતાલ— કમાડ.
જયજય બોલે સર્વે સખીઓ ધન્ય ધન્ય ત્હમો ગોકુળરાય
નરશીયાને ફરી ફરી ભેટે હૈડા માંહે હર્ષ ના માય— કમાડ.

બીભાસ. ૧૬૫

દાતણુ કરવાની વેળાએ વ્હાલે વાચ્યા પોતાની પાળીરે
મનોરથ પૂરી દાસ મનાવ્યા વિપદ સર્વે ટાળીરે— દાતણુ.
મુનીજનનો તેડયો ના આવે બ્રહ્માદિકને વસ નવ થાયેરે
એ નરશૈયો એ ગોપી જીવન બેઉ ઐક્ય સ્વરૂપ કહેવાયરે—દાતણુ.

આરાત્રીક. ૧૬૬

ઓમ્ વિઘ્ન વિનાયક અણુ અણુનાં ઓ વ્યાપક ત્રિગુણાતીત્ જગમાં
ત્રિપુટીથી તું ન્યારો ભેદે જ્યાં નવવિકારો અકળીત તું જગમાં—ઓ.
શાન્તી શાન્તી નિવૃત્તિ મય જીવન વ્હાલું નવ વપુને
દિક્ષા જગને દીધી પ્રવૃત્તિને પીધી વિકાશી નીજ વપુને— ઓ.
મકાર મારે અણુ અણુ આવરી લીધું ગૌરવ દૃષ્ટે દીધું
જન પદ અર્થે અર્પી ભકતીએ ભુધર તર્પી જ્ઞાન તણા સીન્ધુ—ઓ.
ઓમ્ શાન્તી શાન્તી સુત્રધાર તું સન્ગે પાત્ર ગુંથ્યા તે અનેરાં
થનથન નચવે જગને અર્ધ વચ્ચ ઉદર દઇને નેતા શું ચેડાં—ઓ.

બીભાસ. ૧૬૭

આકૂણીએ જોને દવાર ઉઘડીઆં હાર ગોવીંદજીરૂપે દીધા રે
રાય હતો તે થરથર ધ્રુજ્યો મ્હોટો અપરાધ મેં કીધારે—આકૂણીએ.
મોહ મદથી હું મર્મજ ભુલ્યો ભીમડે ભાન ભુલાવ્યું રે
ધિક: ધિક: ભુરડા ભગવાં ભારે ભુધર શું વેર ઉપજાવ્યું રે—
આકૂણીએ.
મ્હોટી મ્હોટી વાતો કહીને મ્હેતાજીને દુભાવ્યોરે
શુષ્ક જ્ઞાને થયા સન્યાસી સ્નેહ વિના સોહાવ્યો રે—આકૂણીએ.
તન ત્રાવ્યું વૃથા વનમાં વસીને મીથ્યા મુણ્ડ મુણ્ડાવ્યું રે
મણ્ડળીક મ્હેણું ભારે પડીયાં ભગવાં તાન તોડાવ્યું રે—આકૂણીએ.

ભૈરવી. ૧૬૮

પ્રચલીત્ પ્રણાલી જે મેં આચરી હોય સર્વદા
મોહ મદ માયા મન થકી મેં ચિન્તવ્યા નહી જે કદા-પ્રચલીત.
શ્રી રામ કેરો સેવક જો હું હૃદયથી સાચો હશે
સતિ કાન્ત રમણ હૃદય મધ્યે પ્રેમ શું સેવ્યો હશે-પ્રચલીત.
વ્રજ વાસી કૃષ્ણ ચન્દ્રને દશ ગ્રીવ રીપુજો એક છો
દર્શન દયો કોડામણા દશરથ નન્દન નેક છો— પ્રચલીત.
પાયે નમું પાદ સેવતો ભણે ભીમ પ્રતિજ્ઞા ઉરવશી
દર્શ દયો દિનતા હરો કાં શિશ લ્યો હસ્તે શશી— પ્રચલીત.

બીભાસ. ૧૬૯

વિનવતાં વિભુએ વપુ વિકાસ્યું અનન્ત રૂપ ત્યાં ધરીયાં રે.
ઇચ્છીત જે જન જેહનાં સન્ગી ત્હેવાં તેટલાં કરીયાં રે— વિનવતાં.
થરથર ધ્રુજ્યો ભુપતી ભારે કૃષ્ણ કાળ રૂપ પેખી રે
સિંહાસનથી ગરબડયો હેઠે દર્પ રહ્યો. ના પ્રભુ દેખી— વિનવતાં.
રામાનંદે રમાપતિ ભાળ્યો દશ ગ્રીવ રિપુ રળીયાત્ય રે
અચ્યુતાશ્રમે અચ્યુત કેવળ સુરવર નેતા સાક્ષાત રે— વિનવતાં.
નરશીંહ આશ્રમે નીરખ્યા નરશીંહ શું કરશે જકત સંહાર રે
હિરણ્યકશ્યપુ મણ્ડળીક કાં ન હોયે દૃગ અગ્રે તાદૃશ્ય ચીતાર રે—
વિનવતાં.
અદ્વૈત્ રસનો જે અનુરાગી અદ્વૈત્ ઝુલને ઝુલે રે
ગોવીન્દ ગોવીન્દ ભજતા જે જન ગોવીન્દ સ્વરૂપે ડુલે રે—વિનવતાં.
વાસુદેવે અષ્ટ વપુ શું અવલોકે વાસુદેવ વિહારે રે
સ્નેહ સાગરમાં તૃષા નવ છિપે અધૈર્ય મનડાં ના હારે રે-વિનવતાં.
માધવાશ્રમી માધવ પેખી સાક્ષાત્કારે જકત વિસર્યાં રે
મુકુન્દ સરસ્વતિ મુકુન્દ માળા સ્મરતાં નવ ઓસર્યાં રે-વિનવતાં.

નારાયણ નારાયણ સ્મરતા સૌ સન્યાસી વારે વારે રે
દણ્ડ કમણ્ડલ કન્થા સન્ગે વિલોકે આણુ આણુ દવારે રે–વિનવતાં.
શિવાનંદે શંકર અવલોકી મુખે જપતા પ્રણવનો જાપ રે
બાળકાનંદે બાળક કીશોર શું ઘનસ્યામ સુન્દર તન આપે–વિનવતાં.
પણ્ડીતજી પવીત પેખીને પ્રિતે નમસ્કાર કીધા રે
વૈશ્નવે વ્યાપક વૈકુણ્ઠ વાસી અવલોકને અમીરસ પીધા રે–વિનવતાં.
રાજ્ય માતા ચોદશ ભાળે ચાતુર ચત્રભુજ આપ રે
પ્રલય કર્ત્તા પ્રધાનજ પેખી વાધ્યો ઉર પરિતાપ રે— વિનવતાં.
છેલછબીલો ને રન્ગીલો નરશીંહ ને મન શું નેડો રે
ફરી ફરી પ્રણમા પાગે લાગે કેમ મુકયો જાય કેડો રે— વિનવતાં.
આપ આપણે અધિકારે દીઠા એ વ્યાપક વિશ્વાધાર રે
દર્શન સુખમાં સૌ લોભાયું વિના રાય સાળક અન્ગાર રે–વિનવતાં.
કાળ ભુપાળ ભાળે ફરી ફરી અમાત્ય થયો ગતિ ભન્ગ રે
નરશૈયાનાં સ્વામી છેલછબીલે આવી રાખ્યો રન્ગ — વિનવાંત.

બીલાવર. ૧૭૦

શ્વાસ ના માપે મોહન કયાંએ ધરણીધર આવ્યા ધશમશતા
હલુતા લાગી લલીતને જોવા ચાતુર દસ દૃગ ફરતાં ટગમગતાં—શ્વાસ.
સભાદ્વારમાં પ્રવેશતાં તો વૈરાટ સ્વરૂપ વહાલાનું વિલોકયું
જે સ્વપ્ને નવ શોધ્યો આવે તે મોહન શું મનડું ઝોકયું—શ્વાસ.
નમો ત્રિગુણા તતથી પર તું ત્રાતા માયા શી ત્હારી
નરશીંહરૂપે મન્દીર આવી કૃણ વધુ વ્યન્ગતા દોષેથી ઉગારી—શ્વાસ.
ખત લીધું રૂપૈયા દઇને વાહ ખટપટી અટપટી તજ માયા
ધન્ય ધન્ય અકળીત વિભુવર શિવ બ્રહ્માદીક બાહુ ત્હેં વાહ્યા—શ્વાસ.
હું પતીત માટે દર્શ અભાગી પતીતપાવન પ્રભુ સુખરાશી
કોણ જન્મનાં કુડાં કૃત્યે વિમુખ કરી મતિ મ્હેં અવિનાશી—શ્વાસ.
દુભાવનાર મમ ભકતનો મલેચ્છ થાજો આપ
અદૃશ્ય થયા વિભુદણ્ડ દઇ સમાવી ત્રિવિધ તાપ.

બિભાસ. ૧૭૧

અદૃશ્ય થયા રમાપતિ જ્યાં રાય પ્રાધાન્ય પ્રસ્તાયારે
ધિક: ધિક: દુભવી ભક્ત શિ ામણી મ્હોટી કમાણી કમાયારે—અદૃશ્ય.
મ્હેં કુમતિએ કાંઇ નવ વિચાર્યું અથો એક નવ સીખ્યારે
મ્હેતા પદમાં આવી નમિયા પ્રેમ દણ્ડવત્ કીધા — અદૃશ્ય.
ચરણ સરણ આ મન્દમતિ માગે મ્હેતા ત્રાપ નિવારોરે
જો કે દુભવવામાં ન્યુનતા ના રાખી મા ા કે ઉગારો — અદૃશ્ય.
એ વાંક તે કોનો કહીએ મળ્યા દુષ્ટ પ્રધાન સન્યાસીરે
નારાયણનો જન મેં દુભ્યો હૈયે જોયું ના વિમાસીરે— અદૃશ્ય.
વળતું વચન મ્હેતા ત્યાં બોલ્યા અહો મણ્ડલીક કે ા હાથરે
વાંક સઘળો ત્હારી માતાનો જા જઇને પુછ તું વાતરે— અદૃશ્ય.
સુણી વેણ માતાકને પહોંચ્યો જઇને બેઠો પાસેરે
કાં બેટા કહ્યું નવ માન્યું ગઢ તે ત્હા ા જાશેરે— અદૃશ્ય.
વળતો રાય એણી પેર બોલ્યો સઘળો ત્હમાર ા વાંકરે
સત્ય વિદ્વાત્ કર મર્મ જે મન ા છું બાળક હું રાંકરે— અદૃશ્ય.
વળતી માતા એણીપેર બોલ્યાં કહું પુત્ર સત્યજ હુંયરે
મલેચ્છ સેવક મન્દીર માંહી ત્હેની દૃષ્ટે ઉપજ્યો તુંયરે—અદૃશ્ય.

આસાવરી. ૧૭૨

મ્હારા ઠાકોર દામોદરજી આવી સાહ્ય કરી સમ્ભારીરે
વૈકુણ્ઠથી વેગે આવીને આપ્યો હાર ઉતારીરે— મ્હારા.
ભક્તજનને લાડ લડાવો આલ્હાદક સુખકારીરે
અનેક ભક્તો આગળ ઉગાર્યાં કૃપા કરીને મોરારીરે— મ્હારા.
સુવર્ણ દાન રાય નિત્યે આપે જે ન્હાતો ગંગા નીરરે
વૈશ્નવ જન શું દ્રેશજ કરતાં કલન્ક પામ્યો શરીરે— મ્હારા.

સુક સનકાદીક મુનીવર નારદ નેતિ નેતિ નિગમ મુખ ગાયેરે
જેહની સેવા સુરજન વાન્છે દર્શન પર વારી જાયરે— મ્હારા.
ઇન્દ્રાદીક ગ્રાન્ધર્વ જક્ષ કિન્નર નેતિનેતિ પુકારેરે
શિવ બ્રહ્માદીક સ્વપ્ને ના ભાળે જે હરનિશ પ્રણુવ ઉચ્ચારેરે—મ્હારા.
ત્હેણે આવીને વસ્ત્ર સૌ આપ્યાં આપ્યાં સકળ સણગાર રે
મણ્ડલીક દેખતાં મોહનજીએ કણ્ઠેથી આપ્યો હાર રે— મ્હારા.
સોરઠ સર્વે જોવા મળ્યું છે પ્હોંચ્યા મનનાં કોડેરે
ભરી સભામાં ભલો રમાડયો નિજ ભકત જીતાડી હોડે રે— મ્હારા.
શ્રધ્ધા નહી જેહને આતમની મનમાં તો કયાંથી વિભુ પર હોય રે
ભણે નરશૈયો સુણો નારાયણ ચરણ શરણમાં સ્હોયરે— મ્હારા.

બીલાવર. ૧૭૩

દામોદર દયાનિધિ સાચો નરશૈયાનો રાખ્યો રન્ગ
આપણા સેવકને સુખ દીધું મણ્ડળીક વાદે કીધો ભન્ગ—દામોદર.
જરા જાત હું કાંઇએ નવ જાણું વૈશ્નવ સર શો કીધો વાદ
અન્તર ગત અસુરે જાયે એહને કુળ ઉપજ્યો વિષવાદ—દામોદર.
કો કહે કુડો કો કહે કામી પણ સેવક જનને ત્હારી આસ
રાખી લાજ સભામાં સાચી દુર્જન સઘળા થયા નિરાસ—દામોદર.
કળીયુગ માંહે પ્રત્યક્ષ દીઠું નરશૈયો જીતાડયો હોડ
આપ્યાં કુણ્ડળ મુકુટ માળા આપ્યું પિતામ્બર કરી શું છોડ—
દામોદર.
જય જયકાર હવો જગમાંહી હશી હારને આપ્યો હરી
સેવો સામળીઓ સર્વદા સુખકારી કૃપા કટાક્ષ નરશીંહને
કરી—દામોદર.

આશાવરી. ૧૭૪

શ્રી દામોદરના ગુણ ગાતાં નરકો દુઃખીયો નવ હોયે રે
નારાયણુનીજ શરણે રાખે ભવ દુઃખ ત્હેનાં ખોયેરે— શ્રી.

મુર્ખ મુરખ હિન્ડે રડવડતા નવ જાણે હરીનો મર્મ રે
સ્મરગામી એ તત્ક્ષણ આવે જે કેવળ પૂરણ બ્રહ્મ રે—શ્રી.
છેલછબીલો ને છોગાળો નિત્ય નિત્ય પ્રેમે ભજીએ રે
દર્પ હરણ એ દુર્જનકેરો પળ એક કહો કેમ તજીએ રે—શ્રી.
સુખકારી એ શ્રી પુરૂષોત્તમ અવિચળ પદ ધ્રુ પામ્યો રે
નરશૈયાનાં સ્વામી મુખ દીઠે ભવ દુઃખ સઘળાં વામ્યો રે—શ્રી.

બીલાવર. ૧૭૫

રોમ રોમ રમાપતિ રન્ગે આ સન્ત કૃપા ગતિ ન્યારી રે
ચર્ણ રજ છું તમ ધ્યો પદ સેવા દ્વૈતાદ્વૈત વિહારીરે— રોમ.
અલ્પમતિ અજ્ઞાનજ હું છું દેખાદેખી ચાલ્યો રે
સન્ત સમાગમને અનુસરતાં અનુગામીએ હાથ ઝાલ્યો રે—રોમ.
અન્યો અન્ય સૌ ચરણે નમતાં મ્હેતા તેમ સન્યાસી રે
ભણે નરશૈયો હરી પદ સેવો ટળશે ભવ દુઃખ ફાંસીરે— રોમ.

મારૂ. ૧૭૬

સેવ્યો નિષ્ફળ નવ જાયે મ્હારા વ્હાલા સેવ્યો નિષ્ફળ નવ જાયે
ભક્ત વત્સળ ભગ્વાન મોરારી જે ભક્તી પર વારી જાએ—મ્હારો.
વિભિક્ષણ રાયે સેવ્યા શ્રી રમાપતિ લન્કપર અચળ સોહાયે
કુબ્જા નારીને શૃન્ગારી જેના રૂપથી રમ્ભા લજાયે— મ્હારો.
ગુરૂ સુત દક્ષિણાંમાં આપ્યો ભકત વત્સલ ના કાપે ટાચું
ચિર હરણ એ નન્દનો નન્દન જમ્યો જન્મ હું યાચું— મ્હારો.
તારણ તરણ પાળક પુરૂષોત્તમ દિનાનાથ ટહેવાયે
નરશૈયાનાં સ્વામી સન્ગમાં ત્રાપ ત્રિવિધ સૌ જાયે— મ્હારો.

રાગ સામેરી. ૧૭૭

નિરખી નારાયણ નગ્ર સૌ હરખ્યું ધન્ય મ્હેતાનો અવતાર
મહીપતિ આવીને ચરણેરે નમીઓ વરત્યો જય જયકાર—નિરખી.

હમો અશુદ્ધ હું મુર્ખ અજ્ઞાની દુભ્યો વૈશ્નવ જન તાત રે
સ્વામી સેવકમાં ભિન્નતા ક્યાંથી શ્રુતિ વચન સાક્ષાત રે— નિરખી.
પ્રણુય ભક્ત પ્રભુને વ્હાલા તે શું શો કરવો, દ્વેશ રે
સાચું પાસું જેહને સામળીઆનું મટે નવ મીન કે મેખ રે—નિરખી.
દુર્જન સઘળા પ્વેશેર બળીઆ નગ્ર તણો જે નિવાસી રે
ભણે નરશૈયો તરશે ભવસાગર સામળીઆનો ઉપાસી રે— નિરખી.

પ્રભાત. ૧૭૮

ધન્ય તું ધન્ય તું અદ્રશ્ય વાણી હવા નરશૈયા તું મ્હારો ભક્ત સાચો
મ્હેલી પુરૂષાર્થને સખી રૂપ તું થયો તો હું રે ત્હારા પ્રેમે રાચ્યો—ધન્ય.
તું જ મુજમાં ભેદ નથી નાગરા અહંભાવ ટાળતાં ઐક્ય ભાસે
હજુ પ્રતીત નથી મ્હારી શું તુજને નમ્યો પ્રેમ તુરન્ગ હાસ્યે—ધન્ય.
મામેરૂં કીધું તે વિસર્યું તુજને આપ્યો મેં હાર પ્રત્યક્ષ ભુપ
ચોદ ભુવનમાં તુજસમો કોનથી મ્હારૂં ત્હારૂં ઐક્ય રૂપ— ધન્ય.
કથન આ તાહરૂં ગાયે ને સંભળે મનનથી મન પવિત્ર થાયે
ભણે નરશૈયો મીઠું બોલી કાં રિઝવો તાત ત્રિભુવન પતિ સમખાયે-ધન્ય.

ચાલુ. ૧૭૯

ધન્ય તું ધન્ય તું ભક્ત શિરામણી ત્રિગુણથી રહીત તે મ્હારો દાસ
કોટી બ્રહ્માણ્ડમાં તુજ સમો કોઇ નહી હ્રદય પદમ વિકાશી ત્હે આપ્યો વાસ
—ધન્ય.
બ્રહ્મ શંકર સતિ સનક આદે જતી શેશ સુકજ ધરે ધ્યાન મ્હારૂં
મન ક્રમ મુકીને વચનને ન અનુસરે કોટી મુક્તિ ત્હારે ચર્ણ વારૂ—ધન્ય.
જેહની વ્રજ સુન્દરી ત્હેવો તું મન વસ્યો માયા મુકી મ્હને નિત્ય ગાયે
રન્ક થઇ અન્ક ભર ઉરપર રાખીયો તોયે શું મન નવ તૃપ્ત થાયે—ધન્ય.
કુન્જ ક્રીડા મધ્યે કોમમાં કહાનજી પુરૂષ નામે કો પાસે ના આવે
આદ્ય એ શ્રીહરી વ્રજ વનિતા ખરી નરશૈયા વિણ મ્હને કોણ લડાવે-ધન્ય.

સારંગ. ૧૮૦

સન્સારનાં ભય નવ આવેરે ગોપાળ ગોવિન્દ ભણતાં
કૃષ્ણ કથા રસ સુકદેવ લહેતા ઉગાર્યો પરિક્ષિત કર્ણે ધરતાં— સન્સાર.
વયવિણ વૈશ્નવના ગુણ ગાતા ધ્રુ અવીચળ અજે સ્થાપ્યો
અભય પદ પ્રહલાદને દીધું જન્મ જરા જાળ બન્ધવ કાપ્યો— સન્સાર.
દેવના દેવ વાસુદેવ વિહારી સ્મરતાં નામ અભય પદ દાતા
નરશીંહ જીવન જપતાં જીવ્હે તાપ ત્રિવિધ સૌ પ્રલે થાતાં— સન્સાર.

પ્રભાત. ૧૮૧

અવતાર ચારિત્ર રખે આપતો કાહાને ભુતળ નરશૈયા કાજ રાખે
રાસ ક્રિડા તણો મર્મ નવ મેલતાં રાગી ઉન્મત્ત ગેતો અન્ય દાખે-અવતાર.
વારી વારી હમો અવતાર લઇ ફરી કૃષ્ણ ગોવિન્દ ગોપાળ ગાશું
એહવો જે ભકત નરશાો કહાવતો અવર ઉર ભકત કોની ના પૂંશુ—
અવતાર.

રાગ કાલેરો. ૧૮૨

પ્રાણપે મુજને વૈશ્નવ વ્હાલા અહોનેશ જેહને ધાઉં રે
તપ તિર્થો વૈકુન્ઠ ત્યજીને વૈશ્નવ હોય ત્યાં જાઉં રે— પ્રાણપે.
અમ્બરિખ મુજને અતિશય વ્હાલો માન ભન્ગ દુર્વાસા કીધોરે
મેં મ્હારું અભિમાન ત્યજીને અવતાર દશવાર લીધોરે— પ્રાણપે.
વૈશ્નવ ગાયે ત્યાં ઉભો સંભળું ઉભા ગાયે ત્યાં નાચુંરે
વૈશ્નવથી ક્ષણું એ ના રહું અળગો ભણે નરસૈયો સાચુંરે—પ્રાણપે.

સાહુ. ૧૮૩

જુધર ભકિત વિના જે નર જીવે એળે ગયો જન્મારોરે
તિલકમાળા તુળસી વિણ તેના જુઠાં જગ અણગારોરે— જુધર.
દશ માસ ઉદર દુઃખ ભોગવ્યું કીધું કાર્ય ખર ભારે રે

દેહ ધરી હરીદાસના કહાવ્યા વૃથા ભગતિ મરી ભારેરે—ભુધર.
વૈશ્નવ જન જ્હાના નવ જેહરે ભકતી રસ ભરી નવ પીધારે
નરસૈયાના સ્વામીને નવ જાણ્યા દીપક લઇ કુપ પન્થ લીધારે—ભુધર.

ચાલુ. ૧૮૪

ધન્ય ધન્ય જીવન વૈશ્નવનું જયાં જાય ત્યાં હરી ગુણ ગાયે રે
ચૌદ લોકમાં પ્રથમ પુજાયે નરનારી વૈકુણ્ઠ જાયરે— ધન્ય ધન્ય.
વૈશ્નવ કેરા કહું ગુણ લક્ષણ તિલક છાપા તુળશી માળરે
વેશ પેખી થરથર ધ્રુજે યમ કિન્કર તાત્કાળ રે — ધન્ય ધન્ય.
જન્મ મરણના ફેરા છુટે મોહ માયાથી અન્ગ બચાવેરે
તે નર જીત્યા સન્સાર રણમાં પ્રભુ પ્રણમી સન્ગ સોહાવેરે—ધન્ય ધન્ય.
માત પિતા કેરૂં કુળ તારે પાડોસી પાવન પરિવારરે
ભણે નરસૈયો નાવ ભુધર શું તરી જાયે પેલે પારરે— ધન્ય ધન્ય.

રાગ સામેરી. ૧૮૫

નરસૈયાને કીધી દયા વૈકુણ્ઠનાથ તો વેગે વહયા
આપી માળા રાખ્યો રન્ગ પ્રગટ થઇને પ્રેમાનન્દ— નરસૈયાને.
પંચ શબ્દ વાગે નિશાન કરજોડી રાજા માગે માન
રાખો શરણે જાણ્યો મહીમાય લળીલળી નરસીંહને લાગે પાય—
નરસૈયાને.
તવ કરૂણા મ્હેતા મન વસી સત દિને શ્રાપ જશે તુજ ખસી
સેવી શ્રીહરીનાં પન્કજપાદ દુભવતો ના જન કો દિનવાદ—નરસૈયાને.
પ્રસન્ન કરી લે તું પરમેશ કરૂણાળુએ છેદ્રશી કેશ
ભણે નરસૈયો રાવા કરો નિતિ ન્યાયે પ્રાયશ્ચિત હરો—નરસૈયાને.

કાલેરો. ૧૮૬

તમ કૃપાથી શું ના હોયે વ્હાલા જે આપો તે થોડું રે
દિનાનાથ દામોદર મ્હારા કાના થઇ કર જોડું રે— તમ.
આગળ કૃપા હવી જેમ દેવને તે સકળ સન્સાર જાણીરે
સોઈ નામા શું મન્દીર ફેરવ્યું તે તમ કૃપા એ દાણીરે— તમ
ધન્ય સોરઠને ધન્ય એ માળા ધન્ય આસાવરી રાગરે
ભણે નરસૈયો ભક્ત અવતરીયા પ્રભુ ભજવાનો લાગર— તમ.

આશાવરી. ૧૮૭

એકવાર સ્હામું જુઓ મ્હારા વ્હાલા જેથી તનનાં ત્રાપ સૌ જાયેરે
નયને ત્હમારે અમીરસ દ્રવતો નવ પલ્લવ તન થાયેરે— એક.
કૃષ્ણ કૃપાવિણ સુખ નવ હોવે જો કરીએ અનેક ઉપાયેરે
ભવ દુઃખ ખેડણ કૃપીગત ન્યારી લગીલળી હું લાગું પાયેરે—એક.
મનુષ્યા દેહજે દેવને દુર્લભ વળી અવનીતળ અવતારરે
કૃપા કરો ત્હમો નરસૈયાને લ્યો ચરણ શરણ મોઝારરે— એક.

સામેરી. ૧૮૮

મણ્ડલીક આવીને નમ્યો પાય ક્ષમા કરો જાણ્યો મહીમાય
અમાત્ય સાળક વિનય બહુ કરે નારીઓ નયને નિરજ ઝરે—મણ્ડળીક.
શ્રીપાત સર્વે મ્હેતાને નમીયા અગ્રે ભીમ સન્યાસીરે
હમો અજ્ઞાત થઇને દુભ્યા પણ પ્રભુએ ટાળી ફાંસીરે—મણ્ડળીક.
ભકત જનનો મહીમા લહયો પણ મણીધરે મેંડક મુખ ઝાલ્યોરે
વિષ વેલી આપે ઉછેરી મોહ મદ માયામાં મહાલ્યોરે— મણ્ડળીક.
કદી કેમે દુભવ નાંકા જનને પણ કરૂણાળુ નવ સાંખેરે
આવી અનેક ઉગાર્યાં ભકતો ના શરમ કોઇની રાખેરે—મણ્ડળીક.

રજા લઇને સ્હા સન્યાસી પન્થ લીધો પોતાનોરે
એક પછી એક સોકો ઉઠયા મઢામા લહી મ્હેતાનોરે—મણ્ડળીક.
મ્હેતાને મન્દીર વોળાવવા સામૈયું તત્પર કીધું રે
ભલી ભાતે સુખાસન આપી ઢોલ દદામે દીધું રે— મણ્ડળીક
પુષ્પ વૃષ્ટી ભકત ઉપર કરતા વૈશ્નવ વારી વારી રે
મન્દીર આગે મળી મેદની જન પદની બાહુ ભારીરે— મણ્ડળીક.
મ્હેતા ઉતર્યાં સુખાસનથી દીક્ષા જનને બાહુ દેતા રે
આન્હીક કર્મે ગુન્થાયા જઇને જન પદ પન્થે વ્હેતા રે—મણ્ડળીક.

રાગ કેદારો. ૧૮૯

સંવત ૧૫૧૨ બારાતના સપ્તમીને સોમવાર
પદ બન્ધ કરીને ગાઇ માગા નરશૈયાને ઉતાર્યો પાર—સંવત.
ધન્ય ધન્ય એ દિનને રજની વૈશ્નવ જન પ્રિતેથી ન્હાય
કથા રસ અમી ઝરણુને પીતાં પ્રાયશ્ચિત્ સઘગાં પ્રલે થાય—સંવત.
જે જન સાંભળે પ્રેમ ધરીને આવાગમન ત્હેનાં કપાય
ભણે નરશૈયો હરી પદ પામે વેગે તે તો વૈકુણ્ઠ જાય—સંવત.

શાન્તિ. શાન્તિ. શાન્તિ.